# ગુજરાત યુનિવર્સિટી, અમદાવાદનો

## સને : ૨૦૦૫–૨૦૦૬ નો

## જનરલ ફંડ

## અન્વેષણ અહેવાલ

પ્રતિ,
કુલ સચિવશ્રી,
ગુજરાત યુનિવર્સિટી
નવરંગપુરા
અમદાવાદ.

---

જિલ્લા સહાયક નિરીક્ષક, સ્થાનિક ભંડોળ હિસાબની કચેરી, જિલ્લા પંચાયત બિલ્ડીંગ, છઠ્ઠો માળ,

લાલદરવાજા, અમદાવાદ – ૩૮૦ ૦૦૧.

ગુજરાત યુનિવર્સિટી અમદાવાદનો સને ૨૦૦૫–૦૬ નો અન્વેષણ અહેવાલ


| ક્રમ નંબર | ફકરા નંબર | ફકરાની વિગત | પાના નંબર |
|---|---|---|---|
| (૧) | (૨) | (૩) | (૪) |
| ૧ | ૧ | હોદ્દેદારોની વિગત | ૧ |
| ૨ | ૨ | પૂર્વ ઓડિટ વિભાગ | ૨ |
| ૩ | ૩ | ખાધવાળુ અંદાજપત્ર બનાવવા તેમજ અંદાજપત્રીય અનિયમિતતા બાબત | ૬ |
| ૪ | ૪ | નાણાંકીય પરિસ્થિતિ તેમજ વ્યવસ્થાપન પધ્ધતિનું મુલ્યાંકન બાબત | ૭ |
| ૫ | ૫ | ગુજરાત યુનિવર્સિટી, અમદાવાદ ધ્વારા યુનિ. કાર્યાલય, ભવનો, સ્ટાફ તથા જનરલ એડ.ની રકમો સરભર ન થવા બાબત | ૧૧ |
| ૬ | ૬ | ગાર્ડન નિભાવ પાછળ કરેલ ખર્ચની અનિયમિતતા બાબત | ૧૬ |
| ૭ | ૭ | ખર્ચના વૌચરમાં સાધનિક રેકર્ડ રજુ નહી થવા બાબત | ૨૦ |
| ૮ | ૮ | પ્રથમ ઉ.પ.ધો.ના ચૂકવણાંમાં જણાયેલી અનિયમિતતા બાબત | ૨૩ |
| ૯ | ૯ | રેકર્ડ રજુ નહીં થવા બાબત | ૨૪ |
| ૧૦ | ૧૦ | સંસ્થાની આવક તથા ખર્ચના હિસાબો સંબંધી રચનાત્મક સૂચન કરવા બાબત | ૨૬ |
| ૧૧ | ૧૧ | ઉપલક (સસ્પેન્સ) એકાઉન્ટ સદરે મોટી રકમો સરભર થયા વીના પડી રહેવા બાબત | ૨૮ |
| ૧૨ | ૧૨ | અનપેઈડ બીલો બાબત | ૨૯ |
| ૧૩ | ૧૩ | આઈ.એ.એસ. ટ્રેનીંગ સેન્ટર માટે કરવામાં આવેલ ખર્ચન અનિયમિતતા બાબત | ૩૦ |
| ૧૪ | ૧૪ | પરીક્ષાની આવક મર્યાદા કરતાં પરીક્ષા ખર્ચ વધુ થવા બાબત | ૩૧ |
| ૧૫ | ૧૫ | કોરી પહોંચબુકોનું સ્ટોક રજિસ્ટર નહી નિભાવવા બાબત | ૩૩ |

| (૧) | (૨) | (૩) | (૪) |
|---|---|---|---|
| ૧૬ | ૧૬ | ગુજરાત યુનિ.ના કર્મચારીઓને આપેલ ગણવેશ ખરીદીમાં જણાયેલી અનિયમિતતા બાબત | ૪૦ |
| ૧૭ | ૧૭ | ઓવરટાઈમ ભથ્થાની ચૂકવણીમાં જણાયેલ અનિયમિતતા બાબત | ૪૫ |
| ૧૮ | ૧૮ | ખાનગી સિક્યોરીટી એજન્સીના વાર્ષિક કોન્ટ્રાક્ટ તેમજ ચૂકવણાંમાં જણાયેલી અનિયમિતતા બાબત | ૫૦ |
| ૧૯ | ૧૯ | યુવક સેવા અને સાંસ્કૃતિક કાર્યક્રમ માટે ફી પેટે મળેલ આવક અને તેના ખર્ચ પેટે જણાયેલ અનિયમિતતા અંગે | ૫૩ |
| ૨૦ | ૨૦ | એન.એસ.એસ.ના પ્રોગ્રામના ખર્ચ બાબત | ૫૫ |
| ૨૧ | ૨૧ | ગુજરાત યુનિ.ની માલિકીની મિલકતો ભાડે આપવા તેમજ તેનું ભાડું વસુલ કરવા બાબત | ૫૭ |
| ૨૨ | ૨૨ | ટેક્ષી/ કાર એડવાન્સ ઈજારદારને ચૂકવેલ એડવાન્સ સરભર નહી થવા બાબત | ૬૦ |
| ૨૩ | ૨૩ | પ્રકાશનને લગતાં જુદા જુદા ફોર્મ, વર્કબુક, હેન્ડબુક, પુસ્તકો, પ્રશ્નપત્રો, મતદારયાદી વગેરેના સ્ટોક રજિસ્ટરમાં જણાયેલી અનિયમિતતા બાબત | ૬૩ |
| ૨૪ | ૨૪ | ગુજરાત યુનિ.ના ગ્રંથાલય માટેના પુસ્તકોની સાચવણી અને નિભાવણી માટે જરૂરી વ્યવસ્થા બાબત | ૬૫ |
| ૨૫ | ૨૫ | એન્ડોવેન્ટ ફંડોની લાંબા સમયથી વણવપરાયેલ પડી રહેલ રકમો બાબત | ૬૭ |
| ૨૬ | ૨૬ | એન્ડોવમેન્ટ ફંડના ફિક્સ ડિપોઝીટ રજિસ્ટરની અનિયમિતતા અંગે | ૭૧ |
| ૨૭ | ૨૭ | વાર્ષિક હિસાબમાં જણાયેલી અનિયમિતતા બાબત | ૭૪ |
| ૨૮ | ૨૮ | ડિપોઝીટ રજિસ્ટર નિભાવવામાં જણાયેલી અનિયમિતતાઓ બાબત | ૭૬ |
| ૨૯ | ૨૯ | એમ.ફીલ./ પી.એચ.ડી. પદવી ધરાવનારને આપેલ અગ્રીમ ઈજાફા બાબત | ૭૮ |
| ૩૦ | ૩૦ | ગુજરાત યુનિ. ધ્વારા વિવિધ બેંકોમાં કરવામાં આવેલ રોકાણોના હિસાબમાં જણાયેલ અનિયમિતતા બાબત | ૮૦ |

| (૧) | (૨) | (૩) | (૪) |
|---|---|---|---|
| ૩૧ | ૩૧ | ગુજરાત યુનિ.ને કાઉન્ટર કલેકશન અને એમ.ઓ. કલેકશન ધ્વારા થયેલ આવકના હિસાબોમાં જણાયેલ અનિયમિતતા બાબત | ૮૨ |
| ૩૨ | ૩૨ | એસ્ટેટ વિભાગને આપેલ એડવાન્સની રકમો મોટા પ્રમાણમાં સરભર કર્યા વગરની બાકી રહેવા બાબત | ૮૪ |
| ૩૩ | ૩૩ | ખાનગી પેઢીઓને ચૂકવાયેલ ઓન એકાઉન્ટ રકમના હિસાબો બાબત | ૮૫ |
| ૩૪ | ૩૪ | પરીક્ષાની ઉત્તરવહીઓની છપામણીના ખર્ચમાં જણાયેલી અનિયમિતતા બાબત | ૮૮ |
| ૩૫ | ૩૫ | પરીક્ષા માટે ખાનગી પ્રેસ પાસેથી પ્રશ્નપત્રો છપાવવા અંગે થયેલ ખર્ચ બાબત | ૯૧ |
| ૩૬ | ૩૬ | નિયમો વિરુધ્ધ ખરીદવામાં આવેલ સ્ટેશનરી અને લેખનસામગ્રી બાબત | ૯૩ |
| ૩૭ | ૩૭ | નાણાંકીય વ્યવહાર સંભાળનાર કર્મચારીઓની જામીનગીરી નહીં લેવા બાબત | ૯૫ |
| ૩૮ | ૩૮ | ગુજરત યુનિ.ની વિવિધ પરીક્ષાઓ પેટે કર્મચારીઓને ચૂકવેલ રેમ્યુનરેશન બાબત | ૯૬ |
| ૩૯ | ૩૯ | ગુજરાત યુનિ.ના બિન શૈક્ષણિક કર્મચારીઓને ચૂકવેલ પરીક્ષા ભથ્થા બાબત | ૯૮ |
| ૪૦ | ૪૦ | પાકુ સરવૈયું | ૯૯ |
| ૪૧ | ૪૦ થી ૪૩ | પ્રમાણપત્રો | ૧૦૦ |
| ૪૨ | | પત્રક | ૧૦૧ |

ગુજરાત યુનિવર્સિટી, અમદાવાદનો સને ૨૦૦૫-૨૦૦૬ના વર્ષનો જનરલ ફંડનો અન્વેષણ અહેવાલ

---

ક્રમાંક : એએમડી/ટે-૧/ગુજ.યુનિ./૨૦૦૫-૨૦૦૬ /૩૦૪

જિલ્લા સહાયક નિરિક્ષકશ્રીની કચેરી,
સ્થાનિક ભંડોળ હિસાબ,
જિલ્લા પંચાયત ભવન, છઠ્ઠા માળે,
લાલદરવાજા,અમદાવાદ.
તા. ૧૬/ ૦૧ /૨૦૧૨

પ્રેષક શ્રી,
નિરીક્ષકશ્રી,
સ્થાનિક ભંડોળ હિસાબ વિભાગ,
"વિમા અને લેખા ભવન",
ડો. જીવરાજ મહેતા ભવન,
સેકટર-૧૦/બી, ગાંધીનગર.

પ્રતિ,
કુલ સચિવશ્રી,
ગુજરાત યુનિવર્સિટી, અમદાવાદ.

ગુજરાત યુનિવર્સિટી, અમદાવાદનો સને ૨૦૦૫-૨૦૦૬ના જનરલ ફંડના હિસાબોનું અન્વેષણ નિયામકશ્રી, સ્થાનિક ભંડોળ હિસાબ, ગાંધીનગર ધ્વારા ગુજરાત યુનિવર્સિટી એક્ટ-૧૯૪૯ની કલમ -૪૯ અન્વયે તા. ૧૩/૯/૧૦ થી તા. ૨૮/૨/૧૧ દરમ્યાન હાથ ધરી પૂર્ણ કરવામાં આવેલ છે.

અન્વેષણ વર્ષ દરમ્યાન યુનિવર્સિટીના મુખ્ય હોદૃદારો નીચે પ્રમાણે રહયા હતાં.

| ક્રમ | હોદ્દો | હોદ્દેદારનું નામ | સમયગાળો |
|---|---|---|---|
| ૧ | કુલપતિશ્રી | શ્રી એ.યુ.પટેલ | તા.૧/૪/૦૫ થી તા.૩૧/૩/૦૬ |
| ૨ | કુલ સચિવશ્રી | શ્રી એમ. એસ. શાહ | તા.૧/૪/૦૫ થી તા.૪/૯/૦૫ |
| ૩ | કુલ સચિવશ્રી | શ્રી બી. ડી. વનાર | તા.૫/૯/૦૫ થી તા.૩૦/૧/૦૬ |
| ૪ | કુલ સચિવશ્રી | શ્રી એ. વી. ભંડારી | તા.૩૧/૧/૦૬ થી તા.૩૧/૩/૦૬ |

## વિભાગ – ૨

**ફકરા નંબર : ૨**

### પૂર્વ ઓડિટ

| અ. ન. | ઓડીટ વર્ષ | વર્ષની શરૂઆત ના ફકરા | ચાલુ ઓડીટ દરમ્યાન નિકાલ કરેલ ફકરા | વર્ષના અંતે બાકી ફકરા | ફકરા નંબર |
|---|---|---|---|---|---|
| (૧) | (૨) | (૩) | (૪) | (૫) | (૬) |
| ૧ | ૧૯૬૮–૬૯ | ૩ | – | ૩ | ૪(અ) થી ૭(૨),૧૮ |
| ૨ | ૧૯૬૯–૭૦ | ૩ | – | ૩ | ૧૪,૨૯(૨),૩૨ |
| ૩ | ૧૯૭૦–૭૧ | ૯ | – | ૯ | ૪થી૮,૧૩,૧૮,૨૧, ૨૨(૩) |
| ૪ | ૧૯૭૧–૭૨ | ૫ | – | ૫ | ૨૦,૨૬,૩૪,૩૮(૧) (૨)(૩),૪૩ |
| ૫ | ૧૯૭૨–૭૩ | ૪ | – | ૪ | ૪૧,૩૬,૩૭,૩૮ |
| ૬ | ૧૯૭૩–૭૪ | ૧૦ | – | ૧૦ | ૪ એ.જી.એફ,૬ એ.બી.સી, ૮બી, ૯થી ૧૫ |
| ૭ | ૧૯૭૪–૭૫ | ૩૪ | – | ૩૪ | ૪ થી ૭,૯,૧૦,૧૨ થી ૧૭,૧૯ થી ૨૯,૩૧, ૩૩ થી ૪૦(૧),૪૧,૪૩ |
| ૮ | ૧૯૭૫–૭૬ | ૩ | – | ૩ | ૪,૫(૨) ૧૨ |
| ૯ | ૧૯૭૬–૭૭ | ૧૮ | – | ૧૮ | ૪,૫,૬,૧૦(૧),૧૨, ૧૫,૧૭,૧૯,૨૦,૨૩ થી ૨૯ |

| (૧) | (૨) | (૩) | (૪) | (૫) | (૬) |
|---|---|---|---|---|---|
| ૧૦ | ૧૯૭૭-૭૮ | ૨૧ | - | ૨૧ | ૩થી૬, ૭(અ)(બ)(ક) ૮,૯,૧૦(અ)(બ), ૧૧ થી ૧૬,૧૮,૨૦,૨૧, ૨૪,૨૫,૨૬,૨૮,૩૧,૩૩ |
| ૧૧ | ૧૯૭૮-૭૯ | ૨૦ | - | ૨૦ | ૪થી૭(૨),૮થી૧૮, ૧૩થી૧૫(૧)(૨),૧૭ થી ૨૧,૨૫થી૨૮ |
| ૧૨ | ૧૯૭૯-૮૦ | ૨૪ | - | ૨૪ | ૪થી૭, ૮થી૧૧,૧૩થી૧૫ (૨) (૪),૧૭(૨),૧૮(૨)(૩),૨૦ (૧)(૨),૨૧થી૨૩(૨),૨૫થી ૨૭(૬),૨૮થી૩૧-એ. |
| ૧૩ | ૧૯૮૦-૮૧ | ૮ | - | ૮ | ૪,૭,૮,૧૦,૧૧,૧૩, ૧૬,૧૭. |
| ૧૪ | ૧૯૮૧-૮૨ | ૨૫ | - | ૨૫ | ૪થી૮,૧૦,૧૧(૨), ૧૪થી૧૯,૨૪થી૨૭, ૨૯,૩૦,૩૧,૩૪,૩૫,૩૬,૩૭ |
| ૧૫ | ૧૯૮૨-૮૩ | ૧૭ | - | ૧૭ | ૧થી૧૭ |
| ૧૬ | ૧૯૮૩-૮૪ | ૩૦ | - | ૩૦ | ૪થી૧૦,૧૩,૧૫થી ૨૫,૨૭(૫),૨૬,૩૦,૩૨,૩૪, ૩૬,૩૭,૩૮,૩૯,૪૦,૪૧ |
| ૧૭ | ૧૯૮૪-૮૫ | ૩૩ | - | ૩૩ | ૫થી૮,૧૧થી૧૪,૧૬ થી૨૭,૩૦થી૩૩,૩૫,૩૬,૩૯, ૪૦,૪૨થી૪૬ |
| ૧૮ | ૧૯૮૫-૮૬ | ૨૯ | - | ૨૯ | ૫(૧)(૩),૬,૭,૧૦થી૧૨,૧૬ થી૨૪,૨૭, ૨૯,૩૦,૩૧,૩૩,૩૫,૩૭,૩૮, ૪૦,૪૧,૪૨,૪૮,૫૦,૫૧,૫૨ |

| (૧) | (૨) | (૩) | (૪) | (૫) | (૬) |
|---|---|---|---|---|---|
| ૧૯ | ૧૯૮૬-૮૭ | ૩૨ | - | ૩૨ | ૨,૬,૮,૯,૧૦,૧૩(બ)<br>૧૪થી૧૮,૨૨થી૨૫,<br>૨૭,૨૮,૨૯,૩૧,૩૨,<br>૩૪,૩૫,૩૬,૩૮,૩૯,<br>૪૧,૪૨,૪૮,૫૦,૫૧,૫૨ |
| ૨૦ | ૧૯૮૭-૮૮ | ૬૧ | - | ૬૧ | ૧ થી ૬૧ |
| ૨૧ | ૧૯૮૮-૮૯ | ૫૬ | - | ૫૬ | ૧ થી ૫૬ |
| ૨૨ | ૧૯૮૯-૯૦ | ૭૦ | - | ૭૦ | ૧ થી ૭૦ |
| ૨૩ | ૧૯૯૦-૯૧ | ૮૦ | - | ૮૦ | ૧ થી ૮૦ |
| ૨૪ | ૧૯૯૧-૯૨ | ૪૩ | - | ૪૩ | ૧ થી ૪૩ |
| ૨૫ | ૧૯૯૨-૯૩ | ૭૦ | - | ૭૦ | ૧ થી ૭૦ |
| ૨૬ | ૧૯૯૩-૯૪ | ૬૯ | - | ૬૯ | ૧ થી ૬૯ |
| ૨૭ | ૧૯૯૪-૯૫ | ૧૦૫ | - | ૧૦૫ | ૧ થી ૧૦૫ |
| ૨૮ | ૧૯૯૫-૯૬ | ૭૮ | - | ૭૮ | ૧ થી ૭૮ |
| ૨૯ | ૧૯૯૬-૯૭ | ૮૪ | - | ૮૪ | ૧ થી ૮૪ |
| ૩૦ | ૧૯૯૭-૯૮ | ૮૬ | - | ૮૬ | ૧ થી ૮૬ |
| ૩૧ | ૧૯૯૮-૯૯ | ૯૬ | - | ૯૬ | ૧ થી ૯૨ |
| ૩૨ | ૧૯૯૯-૨૦૦૦ | ૧૧૭ | - | ૧૧૭ | ૧ થી ૧૧૭ |
| ૩૩ | ૨૦૦૦-૨૦૦૧ | ૧૦૬ | - | ૧૦૬ | ૧ થી ૭૧ |
| ૩૪ | ૨૦૦૧-૨૦૦૨ | ૭૧ | - | ૭૧ | ૧ થી ૧૦૬ |
| ૩૫ | ૨૦૦૨-૨૦૦૩ | ૭૯ | - | ૭૯ | ૧ થી ૭૯ |
| ૩૬ | ૨૦૦૩-૨૦૦૪ | ૪૦ | - | ૪૦ | ૧ થી ૪૦ |
| ૩૭ | ૨૦૦૪-૨૦૦૫ | ૭૫ | - | ૭૫ | ૧ થી ૭૫ |
| | | ૧૭૧૫ | | ૧૭૧૫ | |

આમ ઉપરની વિગતો જોતાં ઓડીટ અહેવાલના ફકરાઓ કેટલા વર્ષ જુના અને કેટલા વખતના કેટલા ફકરા પડતર રહેવા પામેલ છે, તેની વિગતો નીચે પ્રમાણે જોવા મળેલ છે.

| | | |
|---|---|---|
| ૧) | ૨૦ વર્ષથી વધુ સમયના બાકી ફકરા | ૨૩૫ |
| ૨) | ૧૫ વર્ષથી વધુ સમયના બાકી ફકરા | ૨૮૧ |
| ૩) | ૧૦ વર્ષથી વધુ સમયના બાકી ફકરા | ૩૬૭ |
| ૪) | ૫ વર્ષથી વધુ સમયના બાકી ફકરા | ૪૬૧ |
| ૫) | છેલ્લા વર્ષના બાકી ફકરા | ૩૭૧ |
| | કુલ | ૧૭૧૫ |

આમ ઉપરની વિગતે ઓડિટની શરૂઆતમાં કુલ ૧૭૧૫ ઓડિટ ફકરાઓ બાકીમાં હતાં. જે પૈકી ૮૮૩ ફકરાઓ દશ વર્ષથી વધારે સમયથી બાકીમાં છે. ઓડિર દરમ્યાન એકપણ ફકરાનો જવાબ રજુ નહી થવાને પરિણામે બાકી ફકરાઓની સંખ્યા યથાવત્ એટલે કે ૧૭૧૫ રહેલ છે. ૧૯૮૭–૮૮ ના વર્ષથી તમામ ઓડિટ ફકરાઓ પૈકી એકપણ ઓડિટ ફકરાના નિકાલ પરત્વે યુનિવર્સિટી ધ્વારા કોઈ કાર્યવાહી ~~નહી કરવાના~~ ઓડિટ ફકરાઓના નિકાલ તરફ દુર્લક્ષ ~~સેવાની~~ બાબત સંસ્થા ધ્વારા હળવાશથી લેવાઈ રહી છે.

આમ ઉપરની વિગત જોતા સ્પષ્ટ જણાય છે કે સંસ્થા તરફથી બાકી ફકરાના નિકાલ માટે સદંતર ઉપેક્ષા સેવવામાં આવેલ છે. છેલ્લાં પંદર વર્ષના અન્વેષણ અહેવાલ જોતાં આ અહેવાલનો પ્રથમ વખત જે પૂર્તતા નિયત સમયમાં કરવી જોઈએ તે પણ થવા પામેલ નથી.

સને ૨૦૦૫–૨૦૦૬ના વર્ષના ઓડીટ દરમ્યાન સંસ્થાએ ઓડીટ અહેવાલની પૂર્તતા રજુ કરી નિકાલ કરાવેલ નથી. તો જે તે વિભાગના વડાઓ મારફતે ઓડીટ ફકરાની પૂર્તતા કરાવી એક ઘનિષ્ઠ કાર્યક્રમ હાથ ધરી પાછળના વર્ષોના ઓડીટ અહેવાલોના ફકરાઓની પૂર્તતા કરી આગામી ઓડીટમાં ખાત્રી કરાવવામાં આવે તેવો ઓડીટનો અનુરોધ છે.

વધુમાં ઓડીટનો મૂળભૂત હેતુ નાણાંકીય બાબતોમાં નિયમાનુસાર કાર્યવાહી હાથ ધરી અને નાણાંકીય ઔચિત્યના સિધ્ધાંતોનો ભંગ ન થાય તે બાબતે ધ્યાન દોરવામાં આવે છે. આ અગાઉના વર્ષોમાં જે ઓડીટ વાંધાઓ લેવામાં આવેલ હોય તેનું પુર્નરાવર્તન ન થાય તેની તકેદારી રાખવા અને તે મુજબ યુનિવર્સિટીના જુદા જુદા વિભાગના વડાઓને માર્ગદર્શન તથા સૂચનો પાઠવી ધ્યાનમાં લાવવાનો ઓડીટનો અનુરોધ છે. જેથી એક જ પ્રકારના ઓડીટ વાંધાઓનું દર વર્ષે પુનરાવર્તન ન થાય તેવી વ્યવસ્થા ગોઠવવામાં આવે તેવું ઓડીટનું ખાસ સૂચન છે અને તો જ ઓડીટનો હેતુ જળવાઈ રહશે.

**ફકરા નંબર : ૩**

ખાધવાળુ અંદાજપત્ર બનાવવા તેમજ અંદાજપત્રિય અનિયમિતતા બાબત.

---

ગુજરાત યુનિવર્સિટી અધિનિયમની કલમ–૪૮(૪) મુજબ યુનિવર્સિટી એકઝીકયુટીવ કાઉન્સિલે આગામી નાણાંકીય વર્ષ માટેનું અંદાજપત્ર તૈયાર કરવાનું રહે છે. અને કલમ–૧૮(૮) મુજબ ગુજરાત યુનિવર્સિટી કોર્ટે અંદાજપત્રને ધ્યાને લઈ ઠરાવ પસાર કરવાનો રહે છે.

સને ૨૦૦૫–૦૬ ની અંદાજપત્રની આવક રૂા.૩૫,૩૫,૫૨,૯૧૦/– જયારે તેની સામે ખર્ચ રૂા.૩૫,૭૧,૩૭,૭૧૦/– અંદાજવામાં આવેલ. જયારે આ જ વર્ષના અંદાજપત્રમાં સુધારેલી આવકનો અંદાજ રૂા.૫૫,૬૦,૮૨,૪૦૧/– તથા ખર્ચ રૂા.૫૫,૯૨,૮૩,૯૬૫/– અંદાજવામાં આવી હતી. જેની સામે આ વર્ષની ખરેખર આવક રૂા.૨૪,૭૧,૭૬,૮૪૩/– અને ખર્ચ ૨૪,૯૦,૨૩,૫૨૪/– જેટલો થવા પામેલ હતો. આમ, ખરેખર આવક અને ખરેખર ખર્ચ સુધારેલા અંદાજના અનુક્રમે ૪૪.૪૪% અને ૪૪.૫૨% જેટલો તફાવત જોવા મળેલ છે. જે અંદાજપત્રીય કામગીરી તદ્દન અવાસ્તવિક રીતે થતી હોવાનું ફલિત કરે છે.

પ્રા.વાં.નં.૧૫ ની સ્પષ્ટતા સંસ્થા ધ્વારા થયેલ નથી.

**ફકરા નંબર : ૪**

નાણાંકીય પરિસ્થિતિ તેમજ વ્યવસ્થાપન પધ્ધતિનું મૂલ્યાંકન બાબત

---

ગુજરાત યુનિવર્સિટી અધિનિયમ ૧૯૪૯ ની કલમ–૨૦ અન્વયે કેટલાંક વિષયો માટે યુનિવર્સિટી એક્ઝીક્યુટીવ કાઉન્સીલને સત્તાઓ આપવામાં અને ફરજો સોંપવામાં આવી છે. જ્યારે આ જ અધિનિયમના ચેપ્ટર–પ કલમ ૨૮ થી ૩૨ અન્વયે યુનિવર્સિટીને તેમાં જણાવેલાં વિષયો માટે કાયદા ઘડવા તથા ઓર્ડિનન્સ બહાર પાડવા નિયમો અને વિનિમયોનું ઘડતર કરવું તેમજ તેમાં સુધારા–વધારા કરવાની સત્તાઓ આપવામાં આવી છે. જે મુજબ યુનિવર્સિટી ધ્વારા ફાઈનાન્સ સમિતિની રચના કરવામાં આવી છે. આ સમિતિ નાણાંકીય બાબતો માટે સર્વોચ્ચ સમિતિ છે. ઓર્ડિનન્સ નં.૬૨ડી ધ્વારા સંસ્થાના અધિકારી/ પદાધિકારીઓ માટે ખર્ચની નાણાંકીય મર્યાદા નકકી કરવામાં આવી છે. પરંતુ સંસ્થાના યોગ્ય નાણાંકીય વ્યવસ્થાપન માટે વિસ્તૃત નાણાંકીય નિયમો હોવા જરૂરી છે. સંસ્થા ધ્વારા આવા કોઈ નિયમો બનાવવામાં આવેલ નથી. સંસ્થા રાજય વિધાનસભાના કાયદા ધ્વારા અસ્તિત્વ ધરાવતી હોઈ જે વિષયોમાં પોતાના નિયમો ન હોય તેવા વિષયો માટે સરકારશ્રીના પ્રવર્તમાન નિયમો લાગુ પડે અને તે સંસ્થાને બંધનકર્તા રહે તેવું ઓડિટનું સ્પષ્ટ મંતવ્ય છે.

વર્ષ દરમ્યાન ફાઈનાન્સ સમિતિની બેઠકો નિયમોનુસાર નિયમિત રીતે મળે અને તેના સભ્યો નિયમિત રીતે હાજરી આપી સંસ્થાના વહીવટમાં રચનાત્મક ફાળો આપે તેવા પ્રયત્નો કરવા ઓડિટનું સૂચન છે.

ચાલુ વર્ષ દરમ્યાન નાણાંકીય સંચાલનને અસર કરતી કેટલીક બાબતો નીચે મુજબ છે.

૪.૧ <u>બેંક રીકસીલેશન ન થવા બાબત :–</u>

ગુજરાત યુનિવર્સિટી અમદાવાદના હિસાબોની ચકાસણી કરતાં તા.૩૧–૩–૦૬ ના રોજની કેશબુક મુજબ બેંક સિલક તેમજ પાસબુક મુજબની સિલક નીચે પ્રમાણે હતી. જેનો નીચે મુજબ હિસાબમેળ થવો જોઈએ.

| ક્રમ | વિગત | રકમ | રકમ |
|---|---|---|---|
| ૧ | કેશબુક પ્રમાણે બેંક બેલેન્સ ૩૧–૩–૦૬ | | ૧૧૫૮૮૭૯૧–૮૦ |
| | મળેલ પરંતુ બેંકમાં જમા નહીં કરાવેલ ચેક | | (–) ૧૯૧૪૯૪૮૮–૯૭ |
| | બેંકમાં ભરેલ પરંતુ બેન્કે જમા ન આપેલ ચેક | | (–) ૭૯૨૦૮૧૯–૧૯ |
| | બેન્કે જમા કરેલ પરંતુ કેશબુકમાં જમા ન અપાયેલ ચેક | | (+) ૧૭૫૪૮૩–૯૭ |
| | કેશબુકમાં જમા કરેલ પરંતુ બેંકમાં જમા ન અપાયેલ ચેક | | (–) ૧૬૦૭૮૨–૭૨ |
| ૨ | બેંક પાસબુક મુજબ સિલક | | ૧૧૨૧૩૯૬૮–૭૩ |

આમ તા.૩૧–૩–૦૬ ના રોજ કેશબુક મુજબની સિલક તથા બેંક પાસબુક મુજબની સિલક વચ્ચે રૂા.૩૭૪૮૨૩–૦૭ નો તફાવત આવે છે.

ગુજરાત યુનિવર્સિટી ધ્વારા કેશબુક તેમજ બેંક પાસબુકની બેંક રીકન્સીલેશનની કામગીરી થતી ન હોવાનું ઓડિટના ધ્યાને આવેલ છે. મજબુત નાણાંકીય વ્યવસ્થાપન માટે બેંક સાથે દર માસે નિયમિત રીતે હિસાબોનું મેળવણું થાય તથા ધ્યાને આવેલ આ તફાવત તુરત જ દુર કરી ઓડિટને આધારિત ખાત્રી કરાવવી ઘટે.

૪.૨ <u>આવક ખર્ચની સમીક્ષા :–</u>

ગુજરાત યુનિવર્સિટી, અમદાવાદના છેલ્લાં ત્રણ નાણાંકીય વર્ષની આવક અને ખર્ચ નીચે પ્રમાણે છે.

| વર્ષ | આવક રૂા. | ખર્ચ રૂા. | ખર્ચમાં વધારો | આવકમાં વધારો |
|---|---|---|---|---|
| ૨૦૦૩–૦૪ | ૨૭૬૫૬૪૫૮૯ | ૨૭૮૧૯૯૩૪૮ | ૧૬૩૪૭૫૯ | – |
| ૨૦૦૪–૦૫ | ૨૩૯૨૪૩૬૮૨ | ૨૪૦૬૬૯૬૨૧ | ૧૪૨૫૯૩૯ | – |
| ૨૦૦૫–૦૬ | ૨૪૭૧૭૬૮૪૩ | ૨૪૯૦૨૩૫૨૪ | ૧૮૪૬૬૮૧ | – |
| કુલ | ૭૬૨૯૮૫૧૧૪ | ૭૬૭૬૯૨૪૯૩ | ૪૯૦૭૩૭૯ | – |
| સરેરાશ | ૨૫૪૩૨૮૩૭૧ | ૨૫૫૮૯૭૪૯૮ | ૧૬૩૫૭૯૩ | – |

ઉપરોક્ત આવક અને ખર્ચના આંકડા જોતાં આવકના પ્રમાણમાં ખર્ચમાં ઉત્તરોત્તર વધારો થવા પામેલ છે. જે મજબુત નાણાંકીય પરિસ્થિતિનો સંકેત કરતુ નથી. સંસ્થાએ પોતાના આવકના સ્ત્રોતને વધુ મજબુત કરવા ઉપરાંત વૈકલ્પિક સ્ત્રોતને પણ ગંભીરતાથી ધ્યાને લઈ પોતાની આવકમાં વધારો કરવો જોઈએ.

જયારે સંસ્થાનો મોટાભાગનો ખર્ચ બિન ઉત્પાદકીય પ્રકારનો છે. જેને ધ્યાનમાં લઈ આ પ્રકારના ખર્ચાઓમાં ઘટાડો કરી નાણાંકીય પરિસ્થિતિને વધુ સુદૃઢ બનાવવી જોઈએ.

૪.૩ <u>કેન્દ્ર સરકાર, રાજય સરકાર કે અન્ય સંસ્થા તરફથી મળેલ ગ્રાન્ટ અને ખર્ચ બાબત :–</u>

સંસ્થાને સને ૨૦૦૫–૦૬ ના વર્ષ દરમ્યાન મળેલ ગ્રાન્ટ અને તેની સામે થયેલ ખર્ચ નીચે મુજબ હતાં.

| ક્રમ | ગ્રાન્ટ આપનાર સંસ્થાનું નામ | મળેલ ગ્રાન્ટ | ખર્ચ | વધુ ખર્ચ |
|---|---|---|---|---|
| ૧ | રાજય સરકાર | ૯૮૮૩૦૫૪૬–૦૦ | ૧૦૯૩૭૩૨૮૪–૦૬ | ૧૦૫૪૨૭૩૮–૦૬ |
| ૨ | મધ્યસ્થ સરકાર | ૨૮૬૨૩૯૮–૦૦ | ૪૨૩૫૨૩૫–૦૦ | ૧૩૭૨૮૩૭–૦૦ |
| ૩ | યુ.જી.સી. | ૭૩૫૧૬૮૧–૦૦ | ૨૮૬૬૯૨૦૧–૭૨ | ૨૧૩૧૭૫૨૦–૭૨ |
| ૪ | અન્ય ગ્રાન્ટ | ૨૨૫૫૪૬–૦૦ | ૩૪૭૮૯૫–૩૦ | ૧૨૨૩૪૯–૩૦ |
| | કુલ | ૧૦૯૨૭૦૧૭૧–૦૦ | ૧૪૨૬૨૫૬૧૬–૦૮ | ૩૩૩૫૫૪૪૫–૦૮ |

ઉકત વિગતો ધ્યાને લેતાં સંસ્થા ધ્વારા સરકારશ્રી તરફથી મળતી વિવિધ પ્રકારની ગ્રાન્ટનો સંપૂર્ણ ઉપયોગ કરવા ઉપરાંત વધુ ખર્ચ પણ કરેલ છે. જે ગંભીર નાણાંકીય અશિસ્ત સૂચવે છે. આવુ કેમ બનવા પામેલ છે. જે બાબતે જવાબદારેથી આધારિત સ્પષ્ટતા થવી ઘટે. તેમજ રૂા.૩૩૩૫૫૪૪૫–૦૮ નો અતિ ખર્ચ કયા ભંડોળમાંથી કરવામાં આવેલ છે અને તેના માટે જરૂરી મંજુરીઓ કયારે અને કેવી રીતે મેળવેલ છે તેના આધાર ઓડિટ સમક્ષ રજુ કરવા ઘટે.

સરકારશ્રીના નિયમ મુજબ જે તે નાણાંકીય વર્ષ માટે અપાયેલ ગ્રાન્ટ જે તે નાણાંકીય વર્ષમાં જ વપરાવી જોઈએ. બચત રકમ હોય તો સરકારશ્રીમાં પરત કરવી જોઈએ. વધુ ખર્ચ થવો ન જોઈએ. આવી સ્પષ્ટ જોગવાઈઓ હોવા છતાં કરેલ વધુ ખર્ચ બાબતે સ્પષ્ટતા થવી ઘટે. તેમજ વધુ ખર્ચ વિનિયમિત કરવામાં આવેલ છે કે કેમ? તે બાબતે પણ જરૂરી આધારસહ પૂર્તતા થવી ઘટે.

૪.૪ <u>ટાઈમ બહાર ચેકો બાબતઃ–</u>

સંસ્થા ધ્વારા સને ૨૦૦૫–૦૬ માં વાઉચર નં.૮૨૨૦ તા.૩૧–૩–૦૬ રકમ રૂા.૩૪૦૮૫૮–૧૪ થી કુલ ૪૨૫ ચેકો ૨૬ કરી ટાઈમ બહાર ચેકો સદર : ૮૧૦૧૦૩૫ હેઠળ જમા આપેલ હતાં. પરંતુ ચેક રજિસ્ટર કે કેશબુક ખાતે તેની કોઈ અસર આપવામાં આવી નથી. પરિણામે આટલી મોટી સંખ્યામાં ચેકો રજુ ન થવાના કારણો જાણી શકાતા નથી. સંસ્થાએ આ બાબતની ગંભીર નોંધ લઈ જરૂરી સુધારા કરી ઓડિટને આધારિત ખાત્રી કરાવવી ઘટે.

પ્રા.વાં.નં.૧૦, ૪૨, ૫૭, ૬૬, ૧૦૧ ની સ્પષ્ટતા સંસ્થા ધ્વારા થયેલ નથી.

**ફકરા નંબર : ૫**

ગુજરાત યુનિવર્સિટી અમદાવાદ ધ્વારા યુનિવર્સિટી કાર્યાલય, ભવનો, સ્ટાફ તથા જનરલ એડવાન્સની રકમો સરભર ન થવા બાબત

---

ગુજરાત યુનિવર્સિટી અમદાવાદના સને ૨૦૦૫–૦૬ ના વર્ષના અન્વેષણ દરમ્યાન ગુજરાત યુનિવર્સિટી ધ્વારા તેમના કાર્યાલય, ભવનો, સ્ટાફ તથા જનરલ વિભાગોને વિવિધ પ્રકારના એડવાન્સ ચૂકવેલ છે. તા.૩૧–૩–૦૬ ની સ્થિતિએ પત્રક–૧ મુજબ રૂા.૧૪૪૫૫૫૦૧૩–૪૯ જેટલી માતબર રકમ સરભર કરવાની બાકીમાં છે. જે નાણાંકીય દ્રષ્ટિએ ગંભીર બાબત ગણાવી શકાય. તે જ પ્રમાણે સામેલ પરિશિષ્ટ–૧ ની વિગતે ચૂકવેલ એડવાન્સ કરતાં વધારે રકમ સરભર થવા પામેલ છે. સંસ્થાએ રજુ કરેલ યુનિ. કાર્યાલય, ભવનો, સ્ટાફ તથા જનરલ એડવાન્સના રજિસ્ટરની ચકાસણી કરતાં નીચે મુજબ ઓડિટ નોંધ આપવામાં આવે છે.

ઓડિટ વર્ષ ૨૦૦૫–૦૬ ના અંતે યુનિવર્સિટીના ઉક્ત વિભાગો ધ્વારા રૂા.૧૪૪૫૫૫૦૧૩–૪૯ જેટલી માતબર રકમ સરભર થવામાં બાકી છે જે યોગ્ય નથી. અને આ કારણે યુનિવર્સિટીને આર્થિક નુકશાન થવા પામેલ છે. તો આપેલ એડવાન્સ ત્રણ માસમાં સરભર થાય તેવી ગોઠવણ કરવા ઓડિટનું સૂચન છે.

તે જ પ્રમાણે સામેલ પરિશિષ્ટ–૨ માં જણાવેલ વિગતે આપેલ એડવાન્સ કરતાં વધુ રકમ સરભર થવા પામેલ છે. જે કયા આધારે બનવા પામેલ છે તેની આધારસહ સ્પષ્ટતા કરી સરભર નહી થયેલ રકમો સત્વરે સરભર થાય તેવા પગલાં લઈ તેમજ વધુ સરભર થયેલ રકમોનો હિસાબમેળ કરી ઓડિટે આધારસહ ખાત્રી કરાવવી ઘટે.

પ્રા.વાં.નં.૪૩ નો સંસ્થાને આપેલ જવાબ ગ્રાહય રાખી શકાય તેમ નથી.

## પરિશિષ્ટ – ૧

ગુજરાત યુનિવર્સિટીના કાર્યાલય, ભવનો, સ્ટાફ તથા જનરલ એડવાન્સની રકમ સરભર કરવાની બાકી રકમની વિગત દર્શાવતું પત્રક

| અ.નં. | વિગત | હિસાબી સદર | રકમ રૂપિયા |
|---|---|---|---|
| (૧) | (૨) | (૩) | (૪) |
| ૧ | યુએસએસ એડવાન્સ સ્ટુડન્ટ યુનિયન | ૯૩૦૧૦૦૧ | ૧૦૯૬-૦૦ |
| ૨ | યુએસએસ એડવાન્સ જનરલ | ૯૩૦૧૦૦૨ | ૩૮૦૨૫૪-૮૪ |
| ૩ | યુએસજી એડવાન્સ જનરલ | ૯૩૦૨૦૦૨ | ૪૯૫૬૮૫-૮૩ |
| ૪ | યુએસજી એડવાન્સ બીસીજેપી | ૯૩૦૨૦૦૩ | ૪૯૫૪૩૨-૪૮ |
| ૫ | યુએસપી એડવાન્સ સ્ટુડન્ટ યુનિયન | ૯૩૦૩૦૦૧ | ૨૦૦૦-૦૦ |
| ૬ | યુએસપી એડવાન્સ જનરલ | ૯૩૦૩૦૦૨ | ૧૯૮૫૩૫-૨૮ |
| ૭ | બીએડ એડમીશન એડવાન્સ | ૯૩૦૩૦૦૩ | ૧૧૮૮૬૯-૪૯ |
| ૮ | યુએસસી એડવાન્સ બોટની વિભાગ | ૯૩૦૪૦૦૨ | ૧૬૮૫૦-૦૦ |
| ૯ | યુએસસી એડવાન્સ બોટની વિભાગ | ૯૩૦૪૦૦૫ | ૨૯૦૨૮૧-૮૮ |
| ૧૦ | યુએસસી એડવાન્સ કેમેસ્ટ્રી વિભાગ | ૯૩૦૪૦૦૬ | ૨૦૨૬૮૦૧-૩૧ |
| ૧૧ | યુએસસી એડવાન્સ ફિઝીકસ વિભાગ | ૯૩૦૪૦૦૭ | ૧૮૪૯૩૫-૮૦ |
| ૧૨ | યુએસસી એડવાન્સ ઝુલોજી વિભાગ | ૯૩૦૪૦૦૯ | ૫૪૧૩૧-૯૧ |
| ૧૩ | યુએસસી એડવાન્સ માઈક્રોબાયોલોજી વિભાગ | ૯૩૦૪૦૧૦ | ૨૫૬૬૪૦૩-૫૭ |
| ૧૪ | યુએસસી એડવાન્સ સેન્ટર લેબોરેટરી | ૯૩૦૪૦૧૧ | ૭૨૦૯૩-૯૦ |
| ૧૫ | યુએસસી એડવાન્સ જયોગ્રાફી વિભાગ | ૯૩૦૪૦૧૨ | ૩૭૦૬૨-૦૫ |
| ૧૬ | યુએસસી એડવાન્સ સ્ટેટેસ્ટીક વિભાગ | ૯૩૦૪૦૧૪ | ૧૨૩૬૪૩-૦૮ |

| (૧) | (૨) | (૩) | (૪) |
|---|---|---|---|
| ૧૭ | યુએસસી એડવાન્સ જનરલ | ૯૩૦૪૦૧૫ | ૧૪૭૪૧–૨૩ |
| ૧૮ | યુએસસી એડવાન્સ બાયોકેમે/લાઈફ સાયન્સ | ૯૩૦૪૦૧૬ | ૫૩૫૬૫૭૬–૧૮ |
| ૧૯ | યુએસવી એડવાન્સ સ્ટુડન્ટ યુનિયન | ૯૩૦૫૦૦૧ | ૪૪૪૨–૦૫ |
| ૨૦ | યુએસવી એડવાન્સ જનરલ | ૯૩૦૫૦૦૨ | ૬૪૨૦૫૪–૮૨ |
| ૨૧ | યુએસવી પીજીડીએફએ એડવાન્સ | ૯૩૦૫૦૦૩ | ૬૧૮૨૯૧–૧૮ |
| ૨૨ | બીએમએસ એડવાન્સ સ્ટુડન્ટ યુનિયન | ૯૩૦૬૦૦૧ | ૮૯૦૦–૦૦ |
| ૨૩ | બીએમએસ એડવાન્સ જનરલ | ૯૩૦૬૦૦૨ | ૪૪૫૬૬૨–૧૯ |
| ૨૪ | બીબીએ એડવાન્સ | ૯૩૦૬૦૦૩ | ૧૨૯૧૪૫૦–૩૪ |
| ૨૫ | યુએસ લો.સ્ટુડન્ટ યુનિયન | ૯૩૦૭૦૦૧ | ૧૧૯૯–૫૦ |
| ૨૬ | યુએસ લો.એડવાન્સ જનરલ | ૯૩૦૭૦૦૨ | ૪૬૮૨૭–૮૪ |
| ૨૭ | એડવન્સ ટુ કોલેજ ફોર એકઝામ | ૯૩૦૮૦૦૧ | ૨૮૯૫૨૭૮૯–૦૦ |
| ૨૮ | એડવાન્સ ટુ અધર ફોર એકઝામ | ૯૩૦૮૦૦૨ | ૨૯૩૮૨૮૮૦–૫૨ |
| ૨૯ | ડીપીઈ એડવાન્સ ઈન્ટર યુનિ. સ્પોર્ટસ | ૯૩૦૯૦૦૧ | ૨૭૧૭૩૫૪–૭૦ |
| ૩૦ | ડીપીઈ એડવાન્સ ઈન્ટરગ્રૃપ | ૯૩૦૯૦૦૨ | ૫૨૭૮૫૭–૭૦ |
| ૩૧ | ડીપીઈ એડવાન્સ લોકલ સ્પોર્ટસ | ૯૩૦૯૦૦૩ | ૩૮૫૩૬–૦૪ |
| ૩૨ | ડીપીઈ એડવાન્સ યુથવેલ્ફેર | ૯૩૦૯૦૦૪ | ૩૭૦૪૪૮૬–૮૨ |
| ૩૩ | એનએસએસ કોલેજ એડવાન્સ | ૯૩૧૦૦૦૧ | ૭૭૯૦૬૭૩–૯૮ |
| ૩૪ | એનએસએસ એડવાન્સ ટુ યુનિ. એનએસએસ ડિપોર્ટમેન્ટ | ૯૩૧૦૦૦૨ | ૧૨૨૪૯–૨૫ |
| ૩૫ | એડલ્ટ એજયુ. એડવાન્સ | ૯૩૧૦૦૦૩ | ૬૯૫૪૯–૯૦ |

| (૧) | (૨) | (૩) | (૪) |
|---|---|---|---|
| ૩૬ | એડવાન્સ એકા. યુનિ. સ્ટાફ | ૯૩૧૧૦૦૧ | ૮૪૩૦૦૦-૬૭ |
| ૩૭ | એડવાન્સ એકાઉન્ટ જનરલ | ૯૩૧૧૦૦૩ | ૨૩૯૩૧૧૯૫-૬૨ |
| ૩૮ | એડવાન્સ એકાઉન્ટ ઈલેકશન | ૯૩૧૧૦૦૪ | ૧૩૨૩૪૦-૫૦ |
| ૩૯ | એડવન્સ એકાઉન્ટ કલેકશન બેંક | ૯૩૧૧૦૦૫ | ૧૦૧-૭૫ |
| ૪૦ | એડવાન્સ પી જી રીસર્ચ | ૯૩૧૧૦૦૬ | ૧૭૯૯૪-૦૦ |
| ૪૧ | સ્કેર બેગ ડિપોઝીટ એડવાન્સ | ૯૩૧૧૦૦૯ | ૩૨૭૧૭-૫૦ |
| ૪૨ | એડવાન્સ એકાઉન્ટ ડમી નંબર વર્કસ | ૯૩૧૧૦૧૦ | ૨૭૭૮૪૫-૫૯ |
| ૪૩ | એડવાન્સ એકાઉન્ટ કોમ્પ્યુટર સેન્ટર | ૯૩૧૧૦૧૨ | ૧૭૫૯૩૭૧-૨૮ |
| ૪૪ | એડવાન્સ એકાઉન્ટ આરએમઓ | ૯૩૧૧૦૧૩ | ૩૬૬૬-૫૩ |
| ૪૫ | એડવાન્સ એકાઉન્ટ એસટીસી સેલ | ૯૩૧૧૦૧૪ | ૧૦૩૧-૦૦ |
| ૪૬ | એડવાન્સ એકાઉન્ટ ગેસ હાઉસ | ૯૩૧૧૦૧૫ | ૨૬૪૮૧૪૨૧-૩૭ |
| ૪૭ | હોસ્ટેલ એડવાન્સ જનરલ – મેન | ૯૩૧૨૦૦૧ | ૭૫૬૩૦-૯૦ |
| ૪૮ | હોસ્ટેલ એડવાન્સ જનરલ – વુમેન | ૯૩૧૨૦૦૨ | ૩૮૨૯૦-૧૦ |
| ૪૯ | એડવાન્સ એકાઉન્ટ એસ્ટેટ | ૯૩૧૩૦૦૧ | ૨૨૬૯૮૦૬-૦૨ |
| | **કુલ** | | **૧૪૪૫૫૫૦૧૩-૪૯** |

## પરિશિષ્ટ – ૨

ગુજરાત યુનિવર્સિટીના કાર્યાલય, ભવનો, સ્ટાફ તથા જનરલ એડવાન્સની રકમ જમા હોવાની વિગત દર્શાવતું પત્રક

| અ.નં. | વિગત | હિસાબી સદર | રકમ રૂપિયા |
|---|---|---|---|
| (૧) | (૨) | (૩) | (૪) |
| ૧ | એડવાન્સ એકા. ફીઝીયોલોજી સ્કુલ | ૯૩૦૩૦૦૦ | ૨૫૯–૦૦ |
| ૨ | યુએસપી એડવાન્સ સ્ટુડન્ટ યુનિયન | ૯૩૦૩૦૦૧ | ૧૦૦૦–૦૦ |
| ૩ | યુએસસી એડવાન્સ વર્કશોપ | ૯૩૦૪૦૦૩ | ૧૨૨૯૩–૫૪ |
| ૪ | યુએસસી એડવાન્સ મેથ્સ ડીપાર્ટમેન્ટ | ૯૩૦૪૦૦૮ | ૩૧૯૮૬–૫૧ |
| ૫ | એડવાન્સ એકા. એકઝામ પરપઝ | ૯૩૦૮૦૦૦ | ૩૨૪૩૯–૫૦ |
| ૬ | ડીપીઈ ડિપાર્ટમેન્ટ એડવાન્સ | ૯૩૦૯૦૦૦ | ૧૬૨૬–૦૦ |
| ૭ | મીસીલીયનસ એડવાન્સ | ૯૩૧૧૦૦૦ | ૯૮૫૬–૦૦ |
| ૮ | એડવાન્સ એકાઉન્ટ ટેલીફોન | ૯૩૧૧૦૦૨ | ૧૧૦૪૪–૦૦ |
| ૯ | એડવાનસ ટુ પીજી સેન્ટર | ૯૩૧૧૦૦૭ | ૪૯૭૪૬૯–૨૭ |
| ૧૦ | એડવાન્સ ટુ ઓબ્જીવેર | ૯૩૧૧૦૧૧ | ૭૭૯૯–૮૦ |
| | કુલ | | ૬૦૫૭૭૩–૬૨ |

**ફકરા નંબર : ૬**

ગાર્ડન નિભાવ પાછળ કરેલ ખર્ચની અનિયમિતતા બાબત

ગુજરાત યુનિવર્સિટી અમદાવાદના સને ૨૦૦૫–૦૬ ના વર્ષના હિસાબોના અન્વેષણ દરમ્યાન હિસાબોની ચકાસણી કરતાં ગુજરાત યુનિવર્સિટીએ બગીચા જાળવણી પેટે રૂા.૬૩૫૧૭૨/– નો ખર્ચ કરી સામવિત બીલ્ડકેર પ્રા. લિમટેડને ચૂકવણું કરેલ હતું.

| અ. નં. | વિગત | કામનુંનામ | ઓડિટ વર્ષમાં કરેલ ખર્ચ |
|---|---|---|---|
| (૧) | (૨) | (૩) | (૪) |
| ૧. | સામવિત બીલ્ડકેર પ્રા. લિમિટેડ, અમદાવાદ | બગીચાની જાળવણી અંગેનો ખર્ચ કોન્ટ્રાકટ | ૬૩૫૧૭૨–૦૦ |
| ૨. | યુનિવર્સિટી બાંધકામ વિભાગમાં દર્શાવેલ મંજુર થયેલ માળી અંગેનું મહેકમ તેમજ વિજ્ઞાન ભવનના બિન શિક્ષક વર્ગના કર્મચારીઓના મહેકમમાં જણાવેલ મંજુર થયેલ જગ્યાઓ<br>(૧) ગાર્ડન સુપરવાઈઝર – ૧<br>(૨) હેડ માળી – ૧<br>(૩) માળી – ૨૩<br>વિજ્ઞાન વિદ્યાભવનના મહેકમમાં દર્શાવેલ મહેકમ<br>(૧) હેડ માળી – ૧<br>(૨) માળી – ૬ | બગીચા જાળવણી માટે ભરાયેલ ચાલુ જગ્યાઓ<br>(૧) ગાર્ડન સુપરવાઈઝર – ૧<br>(૨) હેડ માળી – ૧<br>(૩) માળી – ૧૧<br>(૧) હેડ માળી – ૧<br>(૨) માળી – ૫ | ૧૬૪૬૭૦૯–૦૦ |

ઉપરોક્ત વિગતે કરેલ ખર્ચ બાબતે નીચે પ્રમાણે ઓડિટ નોંધ આપવામાં આવે છે.

(૧) ગુજરાત યુનિવર્સિટીએ બગીચા જાળવણી અંગે આપવામાં આવેલ કોન્ટ્રાકટ અંગે કોઈ ફાઈલ નિભાવવામાં આવેલ હોય તો ઓડિટે રજુ કરવી ઘટે. આ સાથેના પરિશિષ્ટ–૩

માં દર્શાવેલ વિગતોએ યુનિવર્સિટીએ બગીચા જાળવણી અંગે સામવિત બીલ્ડકેર પ્રા. લિમિટેડ, અમદાવાદને કોન્ટ્રાકટ આપી રૂા.૬૩૫૧૭૨-૦૦ નો ખર્ચ કરી ચૂકવણું કરવામાં આવેલ હતું. જેની ચકાસણી સારૂ કોઈ ફાઈલ નિભાવેલ હોય તો કરારખત, ખર્ચના ધારાધોરણો તેમજ શરતો – બોલીઓ વિગેરેની જરૂરી ચકાસણી થઈ શકે.

(૨) ઉપરોક્ત વિગતો જોતાં યુનિવર્સિટીના જમીન જાયદાદ વિભાગમાં ગાર્ડન સુપરવાઈઝર-૧, હેડમાળી-૧ તેમજ માળી-૨૩ જગ્યાઓ મંજુર થયેલ હતી. જે પૈકી ઓડિટ વર્ષમાં ૧૧ માળી, સુપરવાઈઝર-૧, હેડમાળી-૧ મળી કુલ-૧૩ જગ્યાઓ ભરાયેલ હતી. તે જ પ્રમાણે વિજ્ઞાન ભવન વિભાગમાં હેડમાળી-૧ અને માળી-૬ જગ્યાઓ મંજુર થયેલ હતી. તે પૈકી હેડમાળી-૧ તેમજ માળીની-૫ જગ્યાઓ ભરાયેલ હતી. આમ, સમગ્ર રીતે જોતાં ગાર્ડન સુપરવાઈઝર-૧, હેડમાળી-૨, માળી-૧૬ મળી કુલ-૧૯ જગ્યાઓ ભરાયેલ હતી. અને તેઓ પાછળ ઓડિટ વર્ષ દરમ્યાન સામેલ પરિશિષ્ટ-૪ ની વિગતે રૂા.૧૬૪૬૭૦૯/- નો ખર્ચ કરેલ હતો. જે જોતાં બગીચા જાળવણી ખર્ચ પાછળ કર્મચારીઓને પગાર ભથ્થા ચૂકવવામાં આવેલ હોવા છતાં કયા સંજોગોમાં બગીચાની જાળવણી માટે સામવિત બીલ્ડકેર પ્રા.લિ.ને કોન્ટ્રાકટ આપી નિરર્થક ખર્ચ કરવામાં આવેલ છે. જે બાબતે જવાબદારોથી સ્પષ્ટતા થવી ઘટે. ઉકત બાબતે સ્પષ્ટતા થતાં સુધી રકમ વાંધા હેઠળરાખવામાં આવે છે.

સંસ્થાએ પ્રા.વાં.નં.૨૯ નો જવાબ કરેલ નથી.

વાંધા હેઠળ રૂા. ૬૩૫૧૭૨/-

## પરિશિષ્ટ-૩

ગુજરત યુનિવર્સિટી અમદાવાદે બગીચા જાળવણી અંગે અનિયમિત રીતે કરેલ ચૂકવણાંની વિગત દર્શાવતું પત્રક

| અ.નં. | વિગત | વાઉચર નં./ તારીખ | રકમ |
|---|---|---|---|
| (૧) | (૨) | (૩) | (૪) |
| ૧ | સામવિત બિલ્ડકેર પ્રા.લિ. અમદાવાદ | ૨૭૩/૧૯-૪-૦૫ | ૭૯૧૦૧-૦૦ |
| ૨ | સામવિત બિલ્ડકેર પ્રા.લિ. અમદાવાદ | ૭૮૬/૧૬-૫-૦૫ | ૮૧૪૬૦-૦૦ |
| ૩ | સામવિત બિલ્ડકેર પ્રા.લિ. અમદાવાદ | ૧૪૬૭/૨૮-૬-૦૫ | ૭૯૧૦૨-૦૦ |
| ૪ | સામવિત બિલ્ડકેર પ્રા.લિ. અમદાવાદ | ૧૯૦૪/૧૯-૭-૦૫ | ૭૯૧૦૨-૦૦ |
| ૫ | સામવિત બિલ્ડકેર પ્રા.લિ. અમદાવાદ | ૨૭૭૫/૧૭-૮-૦૫ | ૭૯૧૦૨-૦૦ |
| ૬ | સામવિત બિલ્ડકેર પ્રા.લિ. અમદાવાદ | ૩૮૨૪/૧૪-૧૦-૦૫ | ૧૬૨૯૨૦-૦૦ |
| ૭ | સામવિત બિલ્ડકેર પ્રા.લિ. અમદાવાદ | ૫૭૪૭/૬-૧-૦૬ | ૭૪૩૮૫-૦૦ |
| | કુલ | | ૬૩૫૧૭૨-૦૦ |

## પરિશિષ્ટ–૪

યુનિવર્સિટી ધ્વારા બગીચા જાળવણી પાછળ મંજુર થયેલ મહેકમ અંગેના ચૂકવેલ પગાર ભથ્થાની વિગત દર્શાવતું પત્રક

| અ.નં. | સેવાપોથી નંબર | કર્મચારીનું નામ/ હોદ્દો | | ઓડિટ વર્ષમાં ચૂકવેલ પગાર ભથ્થા |
|---|---|---|---|---|
| (૧) | (૨) | (૩) | | (૪) |
| ૧ | ૨૩૪ | શ્રી જી. આર. યાદવ | માળી | ૮૫૪૪૭/– |
| ૨ | ૨૩૫ | શ્રી એમ. આર. યાદવ | માળી | ૮૩૯૦૦/– |
| ૩ | ૨૩૬ | શ્રી આર. એમ. યાદવ | માળી | ૮૫૧૦૦/– |
| ૪ | ૨૩૭ | શ્રી આર. આર. યાદવ | માળી | ૮૩૪૧૩/– |
| ૫ | ૨૩૮ | શ્રી આર. જી. યાદવ | માળી | ૯૩૯૪૬/– |
| ૬ | ૨૩૯ | શ્રી આર. જે. યાદવ | માળી | ૮૫૧૦૦/– |
| ૭ | ૨૪૦ | શ્રી એચ. આર. યાદવ | માળી | ૯૫૧૪૬/– |
| ૮ | ૨૪૧ | શ્રી એચ. ડી. પરમાર | માળી | ૮૬૦૩૬/– |
| ૯ | ૨૪૨ | શ્રી ગયાપ્રસાદ | માળી | ૯૩૯૪૬/– |
| ૧૦ | ૨૪૩ | શ્રી એમ. સી. યાદવ | હેડમાળી | ૮૮૧૯૯/– |
| ૧૧ | ૨૪૪ | શ્રી રામચંદ્ર એચ. | | ૮૪૯૭૯/– |
| ૧૨ | ૨૪૫ | શ્રી રામસેવક યાદવ | | ૬૩૮૨૦/– |
| ૧૩ | ૪૯૧ | શ્રી બી. આર. યાદવ | | ૮૬૯૯૮/– |
| ૧૪ | ૪૯૨ | શ્રી જગદંબા | | ૮૩૯૦૦/– |
| ૧૫ | ૪૯૩ | શ્રી જયલાલ બી. કોળી | | ૮૪૪૭૩/– |
| ૧૬ | ૪૯૪ | શ્રી રામનારાયણ બી. | | ૮૨૩૫૧/– |
| ૧૭ | ૨૪૮ | શ્રી એમ. આર. ઠાકોર | | ૯૨૪૫૬/– |
| ૧૮ | ૪૭૫ | શ્રી દેવીપ્રસાદ એ. | હેડમાળી | ૯૭૬૪૩/– |
| ૧૯ | ૪૯૫ | શ્રી આર. બી. પટેલ | | ૮૯૮૫૬/– |
| | | **કુલ** | | **૧૬૪૬૭૦૯/–** |

**ફકરા નંબર : ૭**

ખર્ચના વાઉચરમાં સાધનિક રેકર્ડ રજુ નહી થવા બાબત

---

ગુજરાત યુનિવર્સિટી અમદાવાદના સને ૨૦૦૫–૦૬ ના વર્ષના અન્વેષણ દરમ્યાન ખર્ચના વાઉચરોની ચકાસણી કરતાં નમુનારૂપે એકાઉન્ટ હેડ : ૪૧૦૧૦૨૦ વાઉચર નંબર : ૨૯૪૦ તા.૩૧–૮–૦૫ રૂા.૨૮૬૦૦/– ની વિગતો ચકાસતાં ઉકત વાઉચરના ખર્ચ પેટે રૂા.૬૧૦૦૦/– એડવાન્સ પેટે શ્રીમતી લક્ષ્મીબેન એન્ડ શ્રી ચીમનલાલ મહેતા આર્ટસ કોલેજ, એલીસબ્રિજ, અમદાવાદને એન.એસ.એસ.ના સેમીનાર માટે આપેલ. જે પૈકી રૂા.૨૮૬૦૦/– નો ખર્ચ થયેલ હતો. વાઉચરની ચકાસણી કરતાં ખર્ચની વિગતો નીચે પ્રમાણે જણાયેલ છે.

| | | |
|---|---|---|
| (૧) | રૂા.૧૪૦૦૦/– | ભોજન–નાસ્તા ખર્ચ |
| (૨) | રૂા.૧૧૪૦૭/– | વ્યવસ્થા ખર્ચ |
| (૩) | રૂા. ૧૬૨૮/– | પરચુરણ ખર્ચ |
| (૪) | રૂા. ૮૦૦/– | વહીવટી ખર્ચ |
| (૫) | રૂા. ૭૬૫/– | મુસાફરી ખર્ચ |
| | રૂા.૨૮૬૦૦/– | કુલ ખર્ચ |
| | રૂા.૩૨૪૦૦/– | વધેલા નાણાં પરત જમા પહોંચ નં.000718 Dt.23-6-05 |
| | રૂા.૬૧૦૦૦/– | કુલ |

સદર ખર્ચ બાબતે નીચે મુજબ ઓડિટ નોંધ આપવામાં આવે છે.

(૧) ભોજન–નાસ્તા ખર્ચ કેટલાં વ્યકિતઓ માટે કરવામાં આવેલ તેમજ વ્યકિતદીઠ ભોજન ખર્ચ કેટલો કરાયેલ છે? તે અંગેની વિગતો દર્શાવેલ નથી. જે વ્યકિત કે સંસ્થાને ઉકત રકમનું ચૂકવણું કરેલ હોય તેનું બીલ કે નાણાં મળ્યા બદલની પહોંચ વાઉચર સાથે સામેલ નથી. જે રજુ કરવા ઘટે.

(૨) વ્યવસ્થા ખર્ચ, પરચુરણ ખર્ચ, વહીવટી ખર્ચ, મુસાફરી ખર્ચના વાઉચરો તથા ખર્ચની વિગતો સામેલ નથી. જયાં જરૂરી હતુ ત્યાં ત્રણ ભાવપત્રકો મંગાવીને ખર્ચ કરાયેલ હતો કે કેમ? તે અંગેની ઓડિટને ખાત્રી કરાવવી ઘટે.

(૩) જે પ્રોગ્રામ માટે ખર્ચ કરવામાં આવેલ તેની સંપૂર્ણ વિગતો સાથે ખર્ચની વિગતો દર્શાવતો યોગ્ય સત્તાધિકારીશ્રીનો ખર્ચ મંજુરી અંગેનો વિગતવાર આદેશ સામેલ રાખેલ નથી.

–ઉકત કિસ્સો નમુનારૂપ છે.–

ગુજરાત યુનિવર્સિટીમાં રજુ થતાં ખર્ચના વાઉચરોમાં કોઈ જ પ્રમાણપત્રો આપવામાં આવતા નથી. નિયમોનુસાર ઉપાડ અને વહેંચણી અધિકારીશ્રી ધ્વારા દરેક બીલોમાં જરૂરી પ્રમાણપત્રો આપવાની પ્રથા અમલી બનાવવા ઓડિટ અનુરોધ છે. નમુનારૂપ જરૂરી પ્રમાણપત્રો નીચેની વિગતે છે.

(૧) સદરહું બીલના નાણાં આ અગાઉ ઉગવીને કયારેય ચૂકવેલ નથી.

(૨) સદર ખર્ચ કરવો જરૂરનું હતુ અને યુનિવર્સિટીને સંલગ્ન કામ અર્થે જ કરેલ છે.

(૩) ખરીદીને લગતો ખર્ચ હોય તો ખર્ચની કિંમત પ્રમાણે ટેન્ડર પ્રક્રિયા, ત્રણ ભાવપત્રકો મંગાવી ખર્ચ કર્યાનું પ્રમાણપત્ર આપવું.

(૪) વસ્તુ ખરીદી કરેલ હોય તો વાઉચર પાછળ માલની જાત, ગુણવત્તા, ખરીદી રજિસ્ટરમાં તેની નોધ કર્યાનું પ્રમાણપત્ર આપવું જરૂરી છે.

(૫) કોઈપણ ખર્ચ માટે સક્ષમ સત્તાધિકારીશ્રીનો વિગતવાર ખર્ચ મંજુરી અંગેનો કાર્યાલય આદેશ બીલે સામેલ રાખવો પડે.

(૪) વઉચરમાં "Passed for payment Rs. " નો શેરો લગાવી યોગ્ય સત્તાધિકારીશ્રીની સહીથી પ્રમાણિત કરવો.

(૫) જે તે વાઉચરનું ચૂકવણું થયા બાદ તેના ઉપર "Paid and Cancelled" નો સિકકો એવી રીતે લગાવવો કે જેથી ભવિષ્યમાં તેનો બીજીવાર ગેરઉપયોગ ન થઈ જાય.

આમ ઉપર જણાવેલ અને આવા જરૂરી અન્ય પ્રમાણપત્રો કે લેવાની થતી કાળજી નાણાંકીય શિસ્ત સૂચવે છે. જેનો અમલ થવો ખુબ જ જરૂરી છે.

વાંધાની પૂર્તતા ન થાય ત્યાં સુધી વા.નં.૨૯૪૦ તા.૩૧-૮-૦૫ ખર્ચ રૂા.૨૮૬૦૦/- વાંધા હેઠળ રાખવામાં આવે છે.

પ્રા.વં.નં. ૧૨૧ નો સંસ્થાએ આપેલ જવાબ ગ્રાહય રાખી શકાય તેમ નથી.

વાંધા હેઠળ રકમ રૂા.૨૮૬૦૦/-

**ફકરા નંબર : ૮**

પ્રથમ ઉ.પ.ધો.ના ચૂકવણાંમાં જણાયેલી અનિયમિતતા બાબત

---

ગુજરાત યુનિવર્સિટી, અમદાવાદના સને ૨૦૦૫–૦૬ ના વર્ષના અન્વેષણ દરમ્યાન ખર્ચના વૌચરોની ચકાસણી કરતાં નીચે મુજબ અનિયમિતતા જણાયેલ છે. જે અંગે નીચે મુજબ ઓડિટ નોંધ આપવામાં આવે છે.

| તારીખ | એકા.હેડ | વા.નં. | રકમ | વિગત |
|---|---|---|---|---|
| ૨૭–૪–૦૫ | વૌચર મુજબ | ૩૯૬ | રૂા.૫૬૧૭/– | પ્રથમ ઉ.પ.ધો.બીલ |

| | | |
|---|---|---|
| ૧૧૨૩૦૦૧ | પગાર | ૩૦૨૫–૦૦ |
| ૧૧૨૪૦૦૧ | ડી.એ. | ૧૯૧૧–૨૫ |
| ૧૧૨૪૦૦૨ | એચ.આર.એ. | ૪૫૩–૭૫ |
| ૩૫૩૨૦૦૮ | પરીક્ષા ભથ્થુ | ૨૨૭–૦૦ |
| | કુલ | ૫૬૧૭–૦૦ |

– બાબત જે સ્કુલ ઓફ સાયન્સના ફોટોગ્રાફર શ્રી પ્રશાંત એચ.ધોળકીયાને એપ્રિલ–૦૪ થી ફેબ્રુ–૦૫ સુધીના હાયરગ્રેડના પગારના તફાવતના ચૂકવ્યા.

– મજકુરના કિસ્સામાં પ્રથમ ઉચ્ચત્તર ધોરણ જિલ્લા સહાયક નિરીક્ષકશ્રીની કચેરી, સ્થાનિક ભંડોળ હિસાબ, અમદાવાદ ધ્વારા માન્ય કરાવેલ નથી. પ્રથમ ઉ.પ.ધો. અંગેના જરૂરી ફોર્મ્સ, એનેક્ષર, મંજુરીની વિગતો વૌચર ફાઈલે જણાયેલ નથી. તેમજ સર્વીસ બુકમાં પણ પ્રથમ ઉ.પ.ધો. મંજુર કર્યાની નોંધ દર્શાવતો સિકકો લગાવી એલ.એફ. ધ્વારા અધિકૃત થયેલ નથી. એલ.એ.ડી. અમદાવાદ ખાતે પ્રથમ ઉ.પ.ધો. મંજુર કરાવ્યા વિના બારોબાર ચૂકવણું જે ગંભીર નાણાંકીય અશિસ્ત સૂચવે છે. જવાબદારશ્રીથી આધારિત સ્પષ્ટતા થવી ઘટે. વધુમાં કર્મચારીને ચૂકવેલ રકમ રૂા.૫૬૧૭/– તથા તેને આનુષંગિક આજ સુધી ચૂકવેલ તમામ રકમોની વસુલાત લઈ જમાના આધારસહ ઓડિટે ખાત્રી કરાવવી ઘટે.

પ્રા.વાં.નં.૧૬ નો સંસ્થાએ જવાબ આપેલ નથી.

વસુલાત રકમ રૂા.૫૬૧૭/–

**ફકરા નંબર : ૯**

રેકર્ડ રજુ નહીં થવા બાબત

---

ગુજરાત યુનિવર્સિટી અમદાવાદના સને ૨૦૦૫–૦૬ ના ઓડિટ દરમ્યાન ઓડિટર ધ્વારા રેકર્ડની માંગણી કરવા છતાં નીચેના વિષયો/ શાખાઓનું રેકર્ડ ઓડિટને ચકાસણી અર્થે પૂરું પાડવામાં આવેલ નથી.

૯.૧ લેજરોની ચકાસણી કરતાં એકાઉન્ટ કોડ નં.૩૫૧૦૦૦૦ સદરે રૂા.૭૩૪૭૬/– નો પ્રુફ કરેકશન ખર્ચ ઉધારવામાં આવેલ છે. વિદ્યાર્થીઓની સંખ્યા, કેટલાં પરિણામ સુધર્યા, વિદ્યાર્થીદીઠ કરેકશન ખર્ચ, ફેકલ્ટીવાર વિદ્યાર્થીઓની સંખ્યા વગેરે વિગતો દર્શાવતું રજિસ્ટર રજુ થયેલ ન હોઈ ચકાસણી થઈ શકેલ નથી.

૯.૨ સંસ્થાના વાર્ષિક હિસાબોની ચકાસણી કરતાં ગુણ ચકાસણી ફી પેટે રૂા.૯૨૩૪૭૩/– તથા પુનઃ મૂલ્યાંકન ફી પેટે રૂા.૧૪૮૩૦૫૦/– મળી કુલ રૂા.૨૪૦૬૫૨૩/– જેવી માતબર રકમ ઉઘરાવેલ છે. ગુણ ચકાસણી તથા પુનઃ મૂલ્યાંકન અંગેની જરૂરી વિદ્યાર્થીઓની સંખ્યા, કેટલાં પરિણામ સુધર્યા, ગુણ સુધારણા ક્ષતિ અંગે લેવાયેલ પગલાંની વિગતો દર્શાવતું રજિસ્ટર રજુ થયેલ ન હોઈ જરૂરી ચકાસણી થઈ શકેલ નથી.

૯.૩ સંસ્થાના લેજરની ચકાસણી કરતાં એકા. કોડ નંબર : ૪૬ ૨૨૦૦૦ સદરે રૂા.૧૮૮૬૪૫૪૪/– તથા એકા. કોડ નં.૦૪૦૩૨૭૮ સદરે રૂા.૪૮૮૩૪૮૩–૭૫ નો ભૂકંપગ્રસ્ત મકાનોના રીપેરીંગ પાછળ કુલ ખર્ચ રૂા.૨૩૭૪૮૦૨૭–૭૫ થયેલ છે. સદર ખર્ચ બાબતે જરૂરી પ્લાન એસ્ટીમેંટ, માપપોથીઓ, મંજુરી હુકમો, માલસામાન રજિસ્ટર, મજુર ખર્ચ રજિસ્ટર વગેરે જેવું રેકર્ડ રજુ થયેલ ન હોઈ જરૂરી ચકાસણી થઈ શકેલ નથી.

૯.૪ સંસ્થાના લેજરો ચકાસતાં હિસાબી સદર : ૩૫૧૭૦૦૦ સદરે રૂા.૯૯૭૨૫૮૦–૦૦ ઉત્તરવહીનો ખરીદી ખર્ચ, પરીક્ષાને લગતી સ્પેશ્યલ સ્ટેશનરી હિસાબી સદર : ૩૫૧૮૦૦૦ રૂા.૭૮૮૫૭૮–૦૦ તથા પરીક્ષા સ્ટેશનરી હિસાબી સદર : ૩૫૧૯૦૦૦ રકમ રૂા.૩૧૯૮૫૫–૦૦ મળી કુલ રૂા.૧૧૦૮૧૦૧૩–૦૦ ખર્ચ કરેલ છે. જે બાબતે ખરીદીના અંદાજો, જરૂરી મંજુરી હુકમો, જથ્થાની વિગતો, ફાળવણીની વિગતો, ભાવપત્રકો, તુલનાત્મક પત્રકો વગેરે રેકર્ડ રજુ થયેલ ન હોઈ જરૂરી ચકાસણી થઈ શકેલ નથી.

૯.૫ ગુજરાત યુનિવર્સિટીના સને ૨૦૦૫–૦૬ ના હિસાબોના અન્વેષણ દરમ્યાન વાર્ષિક હિસાબોની ચકાસણી કરતાં જનરલ ફંડના ખર્ચ સદર : ૪૫૦૩૦૦૦ લીગલ ચાર્જિસ ખાતે રૂા.૨૯૨૩૫૩૫–૦૦ નો ખર્ચ ઉધારવામાં આવેલ છે.

કોર્ટ કેસો અંગેનું રજિસ્ટર રજુ થયેલ ન હોઈ કુલ કેટલાં દાવા છે, કેટલાં નિકાલ થયા, કેટલાં બાકી છે, દાવા રજિસ્ટર, લીગલ ચાર્જિસ અંગેના નિયમો, હુકમોની ફાઈલો વગેરે ઓડિટે રજુ ન થવાના કારણે જરૂરી ચકાસણી થઈ શકેલ નથી.

ઉપરોક્ત પેટા ફકરા નં. ૯.૧ થી ૯.૫ થી માંગવામાં આવેલ રેકર્ડ ઓડિટ સમક્ષ રજુ કરવામાં આવેલ ન હોઈ ખર્ચની ખરાઈ થઈ શકેલ નથી. ઓડિટ સમક્ષ રેકર્ડ રજુ ન કરવુ એ ઘણી જ ગંભીર બાબત ગણાય. રેકર્ડની ઓડિટ ચકાસણી ન થવાથી કોઈ ગંભીર પ્રકારની અનિયમિતતાઓ/ ગેરરીતિઓ થયેલ હોય તો તે ઓડિટના ધ્યાને આવી શકેલ નથી. જે અંગે સક્ષમ સત્તાધિકારીશ્રીનું ધ્યાન દોરવામાં આવે છે. જેથી ઉપરોક્ત તમામ ખર્ચની રકમ રૂા.૪૦૨૩૨૫૭૪–૭૫ વાંધા હેઠળ રાખવામાં આવે છે.

પ્રા.વાં.નં.૬, ૫૩, ૬૨, ૮૮, ૮૭ નો સંસ્થા ધ્વારા જવાબ કરવામાં આવેલ નથી.

વાંધા હેઠળ રકમ રૂા.૪૦૨૩૨૫૭૪–૭૫

**ફકરા નંબર : ૧૦**

**સંસ્થાની આવક તથા ખર્ચના હિસાબો સંબંધી રચનાત્મક સૂચન કરવા બાબત**

---

૧૦.૧ યુનિવર્સિટીએ ઓર્ડિનન્સ નં.૧૫૯ અન્વયે યુનિ. સંલગ્ન તમામ કોલેજોના નોંધાયેલ વિદ્યાર્થીદીઠ દરેક સત્રના રૂ.૫/– લેખે સ્પોર્ટસ ફી વસુલાત કરી આ એકત્રિત ભંડોળનો ઉપયોગ યુનિવર્સિટી તરફથી યોજવામાં આવતી રમતગમત પ્રવૃત્તિઓના વિકાસ માટે કરાવવાનો રહે છે. આ યોજનાનો અમલ સને ૧૯૮૫–૮૬ ના શૈક્ષણિક વર્ષથી કરવામાં આવેલ ત્યારથી ઓડિટ વર્ષ દરમ્યાન દર વર્ષે સ્પોર્ટસ ફી વસુલ કરવામાં આવે છે. ઓડિટ વર્ષ દરમ્યાન યુનિવર્સિટીએ રૂ.૧૬૪૨૫૭૫–૦૦ એકાઉન્ટ કોડ નં.૭૮૦૨૦૩૬ સદરે જમા થયેલ છે. વર્ષ દરમ્યાન રૂ.૪૮૬૯૪–૦૦ આ એકાઉન્ટ કોડ હેઠળ ખર્ચ કરેલ છે. જેથી આ પ્રવૃત્તિઓનો હેતુ સરતો નથી. અને આવક બિનઉપયોગી જમા થાય છે. જે યોગ્ય નથી. આ બાબતે વર્ષોવર્ષ ઓડિટ અહેવાલમાં સૂચન કરવામાં આવેલ છે. તેમ છતાં કોઈ પ્રવૃત્તિ કરવામાં આવતી નથી. આ આવકનો જે તે હેતુ માટે ઉપયોગ કરવાના પ્રયત્નો સત્વરે હાથ ધરવા તેવી ઓડિટની સૂચના છે.

૧૦.૨ ગુજરાત યુનિવર્સિટી, અમદાવાદના સને ૨૦૦૫–૦૬ ના ઓડિટ વર્ષ દરમ્યાનના વૌચરોની ચકાસણી કરતાં એકા. કોડ નં.૩૪૦૪૦૦૦ આતિથ્ય ખર્ચ રૂ.૧૫૧૮૯–૦૦ તથા એકા. કોડ નં.૪૬૧૦૦૦૦ ચા–નાસ્તાનો કન્ટી ખર્ચ રૂ.૪૯૬૫૬૨–૨૪ પૈસા મળી કુલ ખર્ચ રૂ.૫૧૧૭૫૧–૨૪ પૈસા કરેલ છે. આવા ખર્ચ માટે કોઈ રજિસ્ટર નિભાવવામાં આવતું ન હોઈ મીટીંગ/ સભ્ય સંખ્યા આધારિત ખર્ચની ખાત્રી થઈ શકતી નથી.

સામાન્ય રીતે સરકારશ્રીના નિયમો મુજબ ખર્ચ કરવાની મર્યાદા સત્તા સોંપણીના નિયમોના પ્રવર્તમાન ઠરાવ ક્રમાંક : એસ.એસ.પી./ ૧૯૯૮/ ૩૧૬/ ઝ તા.૬–૬–૯૮ માં કરેલ જોગવાઈ મુજબ વિવિધ સ્તરના અધિકારીઓ માટે આવા પ્રકારના ખર્ચ માટેની મર્યાદા નકકી કરવામાં આવી છે. એ જ પ્રકારે સંસ્થાના પદાધિકારીઓ/ અધિકારીઓ માટે આ પ્રકારન ખર્ચની મર્યાદા નકકી થાય અને તે જળવાય તે માટે કુલપતિશ્રીનું ધ્યાન દોરવામાં આવે છે.

૧૦.૩ ગુજરાત યુનિવર્સિટી અમદાવાદના સને ૨૦૦૫–૦૬ ના ઓડિટ દરમ્યાન ખર્ચના વાઉચરો તેમજ ભવનોની પેટીકેશની ચકાસણી કરતાં ધ્યાને આવેલ છે કે સંસ્થામાં તેમજ

તેના વિભાગોમાં ઝેરોક્ષ મશીનો પોતાની માલિકીના હોવા છતાં ખાનગી સંસ્થા પાસે વર્ષ દરમ્યાન રૂા.૩૩૫૫૨–૦૦ નું ઝેરોક્ષ કામ કરાવેલ છે.

જે માટે યુનિવર્સિટીએ સંસ્થા નકકી કરવા સારું નિયત કાર્યપધ્ધતિ અપનાવેલ હોય તેવું ઓડિટને ધ્યાને લેવાયેલ નથી. તો યુનિવર્સિટીને પોતાની માલિકીના મશીનોનો મહત્તમ ઉપયોગ કરવા તેમજ ખાનગી સંસ્થા પાસેથી ઝેરોક્ષ કરાવવાના પ્રસંગે નિયત કાર્યપધ્ધતિ અનુસરી ભાવકરાર કરવા ઓડિટનું સૂચન છે.

પ્રા.વાં.નં.૪૧, ૬૮, ૮૧, ૮૨ નો સંસ્થાએ આપેલ જવાબો ગ્રાહય રાખી શકાય તેમ નથી.

**ફકરા નંબર : ૧૧**

ઉપલક (સસ્પેન્સ) એકાઉન્ટ સદરે મોટી રકમો સરભર થયા વિના પડી રહેવા બાબત

ગુજરાત યુનિવર્સિટીના સને ૨૦૦૫–૦૬ ના હિસાબોના અન્વેષણ દરમ્યાન રજુ થયેલ વાર્ષિક હિસાબોની ચકાસણી કરતાં સસ્પેન્સ એકાઉન્ટ હિસાબોમાં ફંડ તથા દેવા બાજુ દર્શાવેલ છે. સસ્પેન્સ એકાઉન્ટની સિલક તેમજ ખાતાવહીમાં સસ્પેન્સ સદરે નિભાવેલ આવક ખર્ચના હિસાબોની તારીજ ચકાસતાં નીચે મુજબ નોંધ આપવામાં આવે છે.

સને ૨૦૦૫–૦૬ દરમ્યાન આ સંસ્થાના રેકર્ડ ઉપર નીચે મુજબની ઉપલક (સસ્પેન્સ) રકમો સરભર કરવાની બાકીમાં છે.

| અ.નં. | સદર | | રકમ | |
|---|---|---|---|---|
| ૧. | ૮૧૦૧૦૦૧ | જનરલ ફંડ | ૧૫૭૯૦૦–૭૪ | CR |
| ૨. | ૮૧૦૧૦૦૩ | લાયબ્રેરી | ૨૦૭૧૨૧–૮૫ | CR |
| ૩. | ૮૧૦૧૦૦૪ | એકાઉન્ટ–૨ | ૧૦૧૦૧૯–૩૦ | DB |

કોઈપણ પ્રકારની આવક ખર્ચનું વર્ગીકરણ ન કરી શકાય ત્યારે તે રકમ ઉપલક (સસ્પેન્સ) સદરે ઉધારવામાં આવતી હોય છે. અને જયારે વર્ગીકરણ કરવામાં આવે ત્યારે તેટલી રકમ સદરહું સદરે સરભર કરવામાં આવે, આ કાર્યવાહી જે તે નાણાંકીય વર્ષના અંતે જ કરી લેવામાં આવે તો હિસાબો નિયમોનુસાર લખાયા ગણાય. પરંતુ હિસાબો વ્યવસ્થિત રીતે ન લખવાના કારણે રકમ ઉપલક સદરમાં તબદીલ થાય અને તેમાં પ્રતિવર્ષ વધારો થવા પામે છે.

આમ, આ બાકી રહેલ ઉપલક રકમો સત્વરે સરભર કરવા ઓડિટનું સૂચન છે. અગાઉના અન્વેષણમાં પણ ઉપલક હિસાબોમાં વધારો ન થાય તે બાબતે ધ્યાન આપવા જણાવેલ હોવા છતાં ઉપલક રકમોમાં સતત વધારો થવા પામેલ છે. જે ઉચિત ગણાવી શકાય નહી.

પ્રા.વાં.નં.૯ નો સંસ્થાએ જવાબ આપેલ નથી.

વાંધા હેઠળ
રૂા. ૩૬૫૦૨૨–૫૯ CR
રૂા. <u>૧૦૧૦૧૯–૩૦</u> DB
૪૬૬૦૪૧–૮૯

**ફકરા નંબર : ૧૨**

અનપેઈડ બીલો બાબત

---

ગુજરાત યુનિવર્સિટી અમદાવાદના સને ૨૦૦૫–૦૬ ના વર્ષના અન્વેષણ દરમ્યાન હિસાબોની ચકાસણી કરતાં હિસાબી સદર : ૯૩૩૧૨૦૩ અનપેઈડ બીલોની સ્થિતિ નીચેની વિગતે જોવા મળેલ હતી.

| | | |
|---|---|---|
| તા.૧–૪–૦૫ ની ઉઘડતી સિલક | રૂા. | ૧૮૮૮૪૬૩–૧૨ |
| વર્ષ દરમ્યાન જમા | રૂા. | ૧૮૭૧૧૨–૮૮ |
| કુલ | રૂા. | ૨૦૭૫૫૭૬–૦૦ |
| વર્ષ દરમ્યાન ઉધાર | રૂા. | ૧૯૦૦૬૮૧–૧૨ |
| વર્ષના અંતે જમા બાકી | રૂા. | ૧૭૪૮૯૪–૮૮ |

અનપેઈડ બીલનો અર્થ એવો થય કે વર્ષ દરમ્યાન કોઈપણ વિગતે ખર્ચ થયેલ હોય, માલ/સેવા મળેલ હોય પરંતુ કોઈ સંજોગોમાં તેનું ચૂકવણું થયેલ ન હોય પરંતુ જે તે વર્ષનો ખર્ચ જે તે વર્ષના હિસાબોમાં લેવા માટે ખર્ચ ખાતે ઉધારી અને પેઈડ બીલો ખાતે જમા કરી પછીના વર્ષ દરમ્યાન જયારે ચૂકવણું થાય ત્યારે અનપેઈડ બીલ ખાતે ચૂકવણું થયાની નોંધ કરવામાં આવે છે. અને અનપેઈડ બીલએ યુનિવર્સિટીની જે તે વર્ષની ચૂકવવાની બાકી રકમની જવાબદારી વાર્ષિક હિસાબના પાકા સરવૈયામાં મૂડી–દેવાં બાજુએ દર્શાવવામાં આવે છે કે જેથી યુનિવર્સિટીની સાચી નાણાંકીય પરિસ્થિતિ જાણી શકાય.

યુનિવર્સિટીની ઓડિટ વર્ષના વાર્ષિક હિસાબોમાં પરિશિષ્ટ–એચ માં રૂા.૧૭૪૮૯૪–૮૮ અનપેઈડની જમા બાકી દર્શાવેલ છે. આ બાકી ચૂકવણાંની રકમમાં કઈ કઈ રકમોનો સમાવેશ થયેલ છે. તેની વિગતો વર્ષના અંતે દર્શાવેલ નથી. જે દર્શાવી તમામ ચૂકવણાં સત્વરે કરવા ઓડિટનો અનુરોધ છે.

પ્રા.વાં.નં.૧૧ નો સંસ્થાએ જવાબ આપેલ નથી.

**ફકરા નંબર : ૧૩**
આઈ.એ.એસ. ટ્રેનીંગ સેન્ટર માટે કરવામાં આવેલ ખર્ચની અનિયમિતતા બાબત

ગુજરાત યુનિવર્સિટી અમદાવાદના સને ૨૦૦૫–૦૬ ના અન્વેષણ દરમ્યાન હિસાબોની ચકાસણી કરતાં કેશબુક, લેજર અને ગ્રાન્ટ રજિસ્ટર પરથી માહિતી કાઢતા યુનિવર્સિટી અમદાવાદ ધ્વારા કોડ નં.૨૫૨૨૦૦૧ થી ૨૫૩૬૦૦૦ હેઠળ નીચે પ્રમાણે વિગતો જોવા મળેલ હતી.

| | |
|---|---|
| ગ્રાન્ટના પત્રક મુજબ ૧–૪–૦૫ ની ઉઘડતી સિલક | (–) ૩૨૭૨૨૮૦–૧૨ |
| વર્ષ દરમ્યાન કરેલ (ખર્ચ લેઝર મુજબ) | ૪૭૪૪૯૨–૦૦ |
| તા.૩૧–૩–૦૬ ની બંધ સિલક | (–) ૩૭૪૬૭૭૨–૧૨ |

ગુજરાત સરકારના શિક્ષણ વિભાગના ઠરાવ નં. આઈ.એ.એસ./ ૧૧૮૨/ ૩૬૭૦૮ (૮૬)/ અ તા.૩૦–૭–૮૬ અન્વયે ભારતીય વહીવટી સેવા અને સંલગ્ન પરીક્ષા માટે ગુજરાતી વિદ્યાર્થીઓને તાલીમ આપવાની યોજના નકકી કરેલ હતી અને તે મુજબ સંસ્થાએ તાલીમ વર્ગો ચાલુ કરી સરકારી અનુદાન મેળવી ખર્ચ કરેલ હતો. પરંતુ સંબંધિત ગ્રાન્ટ રજિસ્ટર મુજબ આઈ.એ.એસ. ટ્રેનીંગ સેન્ટર સને ૧૯૯૨–૯૩ થી બંધ થયેલ છે. તથા સદર વર્ષથી સરકારશ્રી તરફથી મળવાપાત્ર અનુદાનની રકમ પણ મળેલ ન હોઈ ત્યારપછીના વર્ષથી ખર્ચમાં ઉત્તરોત્તર વધારાના કારણે સને ૨૦૦૫–૦૬ ના અંતે સદરહું સેન્ટર પાછળ કુલ રૂા.૩૭૪૬૭૭૨–૧૨ નો ખર્ચ કરવામાં આવેલ હતો. સદર ખર્ચમાં મુખ્યત્વે પગાર ભથ્થાઓનો ખર્ચ થયેલ હતો. આમ, સંસ્થાએ અનુદાન કે અન્ય કોઈપણ પ્રકારની આવક થયેલ ન હોવા છતાં બિનજરૂરી રીતે ટ્રેનીંગ સેન્ટર પાછળ કરેલ હતો. ઓડિટ વર્ષ દરમ્યાન કુલ કેટલાં વિદ્યાર્થીઓને તાલીમ આપવામાં આવેલ હતી. તથા તાલીમાર્થીઓ પાસેથી ફીના ધોરણે આવક મેળવવામા આવેલ ન હતી. તે બાબતે જરૂરી રેકર્ડ અને માહિતી ઓડિટે રજુ કરીને ખાત્રી કરાવવી ઘટે. તાલીમ વર્ગ બંધ થયેલ છે. તેમ છતાં વર્ષોવર્ષ તેની પાછળ ખર્ચ કરવામાં આવે છે. જે બાબતે જવાબદારોથી સ્પષ્ટતા થતાં સુધી કરેલ ખર્ચ રૂા.૪૭૪૪૯૨–૦૦ વાંધા હેઠળ રાખવામાં આવે છે.

પ્રા.વાં.નં.૧૦૯ નો સંસ્થાએ જવાબ કરેલ નથી.

વાંધા હેઠળ રકમ રૂા.૪૭૪૪૯૨/–

**ફકરા નંબર : ૧૪**

પરીક્ષાની આવક મર્યાદા કરતાં પરીક્ષા ખર્ચ વધુ થવા બાબત

ગુજરાત યુનિવર્સિટી, અમદાવાદના સને ૨૦૦૫–૦૬ ના હિસાબોના અન્વેષણ દરમ્યાન સંસ્થાએ રજુ કરેલ રેકર્ડ ઉપરથી આવક જાવકના હિસાબોની ચકાસણી કરતાં પરીક્ષાની કુલ આવક રૂ.૫૨૯૪૨૧૫૮–૧૫ ની સામે ખર્ચ રૂ.૫૪૯૭૨૮૪૭–૭૦ થવા પામેલ હતો. આમ, આવક કરતાં ખર્ચ રૂ.૨૦૩૦૬૮૯–૭૫ વધુ થવા પામેલ હતો. જે બાબતે નીચે પ્રમાણે ઓડિટ નોંધ આપવામાં આવે છે.

સરકારશ્રીના શિક્ષણ વિભાગના ઠરાવ નંબર ક્રમાંક : ૧૩૯૦/ ૩૨૧(૧) ૮૪૦–૯૨ ગ તા.૧૬–૬–૯૧ અન્વયે પરીક્ષા અંગેના ખર્ચા આવકની મર્યાદામાં કરવા અંગે જરૂરી સૂચનાઓ આપવામાં આવેલ છે. તેમ છતાં ચાલુ વર્ષે આવક કરતાં ખર્ચમા રૂ.૨૦૩૦૬૮૯–૭૫ નો વધારો થવા પામેલ છે. સને ૨૦૦૪–૦૫ ના અહેવાલની વિગતો જોતાં રૂ.૫૪૮૨૮૪૨–૮૩ નો ખર્ચ આવકના પ્રમાણમાં ઓછો થવા પામેલ હતો. આવુ કયા અગત્યના પગલાંઓ લેવાને કારણે બનવા પામેલ હતુ? જેના કારણો આપી કોઈ પગલાં લેવાને કારણે ખર્ચમાં ઘટાડો થવા પામેલ હોય તો તેવા પગલાં લેવાનો અમલ ચાલુ રાખી પરીક્ષાની આવક કરતાં ખર્ચ ઓછો અથવા તેનાથી વધારે થાય નહી તેવા પગલાં લેવા ઓડિટનું સૂચન છે. બાકીના વર્ષોની વિગતો જોતાં પરીક્ષાની આવક વધવા પામેલ છે. તેની સામે ખર્ચાઓ પણ વધતાં જણાયેલ છે. જે અંગે અનુદાન ફાળવતી વખતે પણ ઉચ્ચ શિક્ષણ નિયામકશ્રી ધ્વારા પરીક્ષાની આવક વધારવા આગ્રહ રાખવામાં આવેલ છે. તેમ છતાં યુનિવર્સિટી ધ્વારા કોઈ સબળ કાર્યવાહી થયાનું રેકર્ડ ઉપરથી જણાતું નથી. જે બાબતે જરૂરી પગલાં લઈ ઓડિટે ખાત્રી કરાવવી ઘટે.

| અ.નં. | વર્ષ | પરીક્ષાની આવક | પરીક્ષાનો ખર્ચ | વધુ/ ઓછો ખર્ચ |
|---|---|---|---|---|
| ૧ | ૨૦૦૧–૦૨ | ૩૩૪૮૨૫૬૧–૦૦ | ૩૫૩૨૫૦૨૯–૫૭ | ૧૮૪૨૪૬૮–૫૭ |
| ૨ | ૨૦૦૨–૦૩ | ૩૬૯૩૧૫૦૯–૮૦ | ૫૭૪૬૯૩૨૧–૫૦ | ૨૦૫૩૭૮૧૧–૭૦ |
| ૩ | ૨૦૦૩–૦૪ | ૩૮૩૦૯૩૮૩–૯૦ | ૬૪૯૦૯૮૧૨–૯૭ | ૨૬૬૦૦૪૨૯–૦૭ |
| ૪ | ૨૦૦૪–૦૫ | ૫૨૬૦૪૬૨૨–૦૦ | ૪૭૧૨૧૭૭૯–૧૭ | (–)૫૪૮૨૮૪૨–૮૩ |
| ૫ | ૨૦૦૫–૦૬ | ૫૨૯૪૨૧૫૮–૧૫ | ૫૪૯૭૨૮૪૭–૯૦ | ૨૦૩૦૬૮૯–૭૫ |

વધુમાં સરકારશ્રી ધ્વારા ફાળવવામાં આવતી નિભાવ ગ્રાન્ટમાં અમાન્ય ખર્ચા બંધ કરવાની શરત રાખવામાં આવેલ છે. તેમ છતાં યુનિવર્સિટી ધ્વારા પરીક્ષા ભથ્થુ તથા ઓવરટાઈમ જેવા અમાન્ય ખર્ચા ચાલુ રાખવાને કારણે પણ પરીક્ષાની આવકના પ્રમાણમાં ખર્ચા વધુ થાય છે. જે બંધ કરવા જરૂરી છે. પરીક્ષા જેવા સમય મર્યાદાવાળા કામ માટે જો ઓવરટાઈમ ચૂકવવો જ પડે તેમ હોય તો આ અંગે સરકારશ્રીમાં રજુઆત કરી મંજુરી મેળવી આ અંગેની ખાસ ગ્રાન્ટ મેળવી પરીક્ષા ખર્ચની આવક સામે જમા લેવાય તો પરીક્ષાની આવકની મર્યાદામાં ખર્ચ થઈ શકે અને યુનિવર્સિટીની વાર્ષિક ખાદ્ય પણ ઘટાડી શકાય. આ અંગે જરૂરી ઠોસ પગલાં લેવા ઓડિટનું સૂચન છે.

પ્રા.વાં.નં.૫૮ નો સંસ્થાએ જવાબ કરેલ નથી.

**કંડિકા નંબર : ૧૫**

કોરી પહોંચબુકોનું સ્ટોક રજિસ્ટર નહી નિભાવવા બાબત

ગુજરાત યુનિવર્સિટી અમદાવાદના સને ૨૦૦૫–૦૬ ના વર્ષના હિસાબોના અન્વેષણ દરમ્યાન વાર્ષિક હિસાબોની ચકાસણી કરતાં સંસ્થાએ વર્ષ દરમ્યાન પરીક્ષા ફીની આવક પેટે રૂા.૫૨૯૪૨૧૫૮–૧૫, અન્ય ફીની આવક રૂા.૨૧૯૪૨૯૮૮–૬૦ પ્રકાશનોની આવક પેટે રૂા.૬૨૯૩૮૮૧–૦૦ તેમજ યુનિવર્સિટી કોમ્પ્યુટર સેન્ટરની આવક પેટે રૂા.૪૮૮૩૯૬–૦૦ મળી કુલ રૂા.૮૧૬૬૭૪૨૩–૭૫ ની આવકો કાઉન્ટર કલેકશન રજિસ્ટર અને એમ.ઓ. કલેકશન રજિસ્ટરથી થયેલ છે.

યુનિવર્સિટી ધ્વારા આ આવકો માટે જુદા – જુદા ૬૦ પ્રકારના આવકવાર છાપેલી કિંમતી પહોંચબુકોનો ઉપયોગ કરવામાં આવેલ હતો. પરંતુ તે અંગેના કોરી પહોંચબુકોનું સ્ટોક રજિસ્ટર નિભાવવામાં આવેલ હોવાનું જણાતું નથી. જે અંગે નીચે મુજબ ઓડિટ નોંધ આપવામાં આવે છે.

ગુજરાત યુનિવર્સિટીને છાપેલી કિંમતની પહોંચો ધ્વારા ઘણી મોટી આવક થાય છે. પરંતુ આવી પહોંચબુકોની ઉઘડતી સિલક નવી પહોંચબુકો કયારે છપાવી, પહોંચબુકો જે તે કાઉન્ટર ઉપર કયારે કોને ઈસ્યુ કરી અને તેનો ક્રમ પ્રમાણે વર્ષવાર ઉપયોગ થયેલ હતો કે કેમ? વર્ષ આખરે કેટલી પહોંચબુકો સ્ટોકમાં રહી, કોઈ પહોંચબુક રદ કરવાનો પ્રશ્ન ઉપસ્થિત થયેલ હતો કે કેમ, આવો પ્રશ્ન થયેલ હોય તો રદ કરેલ છે કે કેમ? વિગેરે વિગતોની નોંધ પહોંચબુક રજિસ્ટરમાં કરવાની રહે છે. પરંતુ સંસ્થાએ આ પ્રકારનું રજિસ્ટર નહી નિભાવવાને કારણે ધોરણસરની વ્યાજબી ખરાઈ ઓડિટને થઈ શકેલ નથી.

વધુમાં યુનિવર્સિટીનો વહીવટ મહદ્અંશે આવક ઉપર આધારિત હોઈ આવા આવકના આધાર સ્થંભ જેવી વિવિધ પ્રવૃત્તિઓમાંથી થતી આવકો પહોંચબુકો મારફત સ્વીકારતી હોઈ પહોંચબુકોનું સ્ટોક રજિસ્ટર અતિ આવશ્યક છે. પહોંચબુકોનો હિસાબ નહી નિભાવવાને કારણે ઉચાપત કે નાણાંકીય ગેરરીતિની શકયતાઓ નકારી શકાય નહી. આ પરિસ્થિતિ ઉપસ્થિત ન થાય તે માટે આ બાબતે ખાસ જરૂરિયાત રહે છે. તો આવા અતિ મહત્વનું પહોંચબુકોનું રજિસ્ટર નહી નિભાવવા બાબતે જવાબદારોથી સ્પષ્ટતા થવી ઘટે અને અગાઉ જે કોઈ પહોંચબુકો છપાવેલ હોય તેના બીલ ઉપરથી તેમજ વપરાયેલ પહોંચબુકોના અડધિયા ઉપરથી પહોંચબુકોનું રજિસ્ટર તૈયાર કરી ઓડિટે રજુ કરવું ઘટે. અને સંસ્થાને થયેલ તમામ આવકની હિસાબોમાં જમા થયાની ખાત્રી કરાવવા ઘટે.

યુનિવર્સિટીના હિસાબોની ચકાસણી કરતાં કોડ નં.૩૭૦૧૦૦૦ હેઠળ રૂા.૮૬૬૦૦૮-૪૫ નો ખર્ચ કરી ચૂકવણું કરેલ હતું. સદર ખર્ચમાં જુદા જુદા પ્રકારના ફોર્મ્સ ફીનીરસીદ બુકો, યુનિવર્સિટીના પ્રિન્ટીગ પ્રેસ ધ્વારા કરેલ છાપકામ અને બાઈન્ડીગના ચૂકવવામાં આવેલ છે. જે બાબતે નીચે પ્રમાણેની અનિયમિતતા ધ્યાને આવેલ છે.

યુનિવર્સિટી ધ્વારા જોબ રજિસ્ટર મુજબ છાપકામ બાઈન્ડીગ કરી બીલ બનાવી ડીલીવરી ચલણ સાથે હિસાબી શાખામાં ખર્ચ પાડવા માટે મોકલવામાં આવે છે. પરંતુ આ બીલો પાછળ કરેલ કામગીરી અંગે જે તે શાખા ભવનોને મળેલ રસીદો, પહોંચબુકો અને વર્કબુકો વગેરે તેમના ધ્વારા રજિસ્ટરમાં કયા પાના નંબર ઉપર કઈ તારીખે જમા લેવામાં આવેલ છે. તેવું પ્રમાણપત્ર આપવામાં આવતુ નથી. જેના કારણે પ્રેસ ધ્વારા છાપીને મોકલેલ પહોંચબુકોનું રજિસ્ટર નહી નિભાવેલ હોવાનું જણાય છે. સંસ્થાએ આ અંગે કોડ નં.૩૭૦૧૦૦૦ ની સામે રૂા.૮૬૬૦૦૮-૪૫ નો ખર્ચ પાડી પ્રેસના હિસાબમાં જમા લેવામાં આવેલ છે. જેથી પ્રેસમાં છપાયેલ આઈટમોવાઈઝની વિગતો થયેલ ખર્ચ અને જે તે ભવનનો ઈસ્યુ કરાવેલ પહોંચો, રસીદો અને વર્કબુકો અંગે કરેલ ખર્ચના વ્યાજબીપણાની ખાત્રી થઈ શકેલ નથી.

વધુમાં આ સાથે સામેલ પરિશિષ્ટ-૫ ની વિગતેની પહોંચબુકો ઓડિટે રજુ થયેલ નથી. કેશ કાઉન્ટરની પહોંચો ઓડિટમાં રજુ ન થવાને કારણે કેશ કલેકશન રજિસ્ટરમાં વસુલ કરેલ રકમ પૂરેપૂરી જમા લેવામાં આવેલ છે કે કેમ? કોઈ નાણાંકીય ગેરરીતિ કે ઉચાપત હોવાની બાબતની ચકાસણી થઈ શકેલ નથી.

પ્રા.વાં.નં.૪૫, ૧૦૦ નો સંસ્થાએ જવાબ આપેલ નથી.

## પરિશિષ્ટ-૫

કેશ કાઉન્ટરની બાકી પહોંચોની વિગત દર્શાવતું પત્રક

| અ.નં. | બુકનું નામ | પહોંચ નંબર | તારીખ |
|---|---|---|---|
| (૧) | (૨) | (૩) | (૪) |
| ૧ | 2 Mig | ૪૦૧–૫૦૦ | ૧–૪–૦૫ |
| ૨ | 2 Mig | ૮૦૧–૯૦૦ | ૨૧–૫–૦૫ |
| ૩ | 48 lib/Misc | ૧૧૦૧–૧૨૦૦ | ૨૧–૫–૦૫ |
| ૪ | 48 lib/Misc | ૧૩૦૧–૧૪૦૦ | ૨૯–૭–૦૫ |
| ૫ | 48 lib/Misc | ૧૨૦૦–૧૩૦૦ | ૨૬–૪–૦૫ |
| ૬ | 48 lib/Misc | ૯૧૦૧–૯૨૦૦ | ૨૧–૧૧–૦૫ |
| ૭ | 25 RMO | ૧૦૧–૨૦૦ | ૨૧–૫–૦૫ |
| ૮ | 25 RMO | ૨૦૧–૩૦૦ | ૫–૯–૦૫ |
| ૯ | 45 L.F. | ૫૭૦૧–૫૮૦૦ | ૧૧–૪–૦૫ |
| ૧૦ | DM fund | ૫૭૦૧–૫૮૦૦ | ૧૯–૪–૦૫ |
| ૧૧ | DM fund | ૯૫૦૧–૯૬૦૦ | ૧૩–૧–૦૬ |
| ૧૨ | DM fund | ૯૮૦૧–૯૯૦૦ | ૨–૩–૦૬ |
| ૧૩ | 49 D.M. fund | ૫૯૨૪–૫૯૩૧ | ૮–૬–૦૫ |
| ૧૪ | 44 D.M. fund | ૬૨૦૧–૬૩૦૦ | ૩૧–૮–૦૫ |
| ૧૫ | DM fund | ૮૦૦૧–૯૦૦૦ | ૧૧–૧૦–૦૫ |
| ૧૬ | DM fund | ૯૪૦૧–૯૫૦૦ | ૨૯–૧૨–૦૫ |

| (૧) | (૨) | (૩) | (૪) |
|---|---|---|---|
| ૧૭ | DM fund | ૯૬૦૧–૯૭૦૦ | ૧–૨–૦૫ |
| ૧૮ | DM fund | ૬૦૦૧–૭૦૦૦ | ૨–૭–૦૫ |
| ૧૯ | 21 HKB | ૧–૧૦૦ | ૨૮–૪–૦૫ |
| ૨૦ | 21 HKB | ૬૦૧–૭૦૦ | ૧–૯–૦૫ |
| ૨૧ | 21 HKB | ૫૦૧–૬૦૦ | ૧–૫–૦૫ |
| ૨૨ | Lib Book | ૫૮૦૧–૫૯૦૦ | ૪–૫–૦૫ |
| ૨૩ | 49Book | ૭૦૦૧–૮૦૦૦ | ૧૩–૯–૦૫ |
| ૨૪ | 49Book | ૯૬૦૧–૯૭૦૦ | ૨૭–૧–૦૬ |
| ૨૫ | E | ૫૮૦૧–૫૯૦૦ | ૪–૫–૦૫ |
| ૨૬ | HRG | ૧–૧૦૦ | ૨૧–૫–૦૫ |
| ૨૭ | 3 C | ૫૦૧–૬૦૦ | ૨૮–૭–૦૫ |
| ૨૮ | 3 C | ૮૦૧–૯૦૦ | ૨૩–૩–૦૬ |
| ૨૯ | 19 FG | ૯૫૦૧–૯૬૦૦ | ૨–૯–૦૫ |
| ૩૦ | 19 FG | ૩૧૩૦૧–૩૧૪૮૦ | ૧૬–૧૧–૦૫ |
| ૩૧ | 19 FG | ૪૦૦૧–૪૧૦૦ | ૮–૬–૦૫ |
| ૩૨ | 19 FG | ૩૧૦૦૧–૩૧૧૦૦ | ૧૪–૧૦–૦૫ |
| ૩૩ | 30 Misc name | ૧–૧૦૦ | ૩–૬–૦૫ |
| ૩૪ | 20 EMR | ૮૫૦૧–૮૬૦૦ | ૧૩–૯–૦૫ |
| ૩૫ | 20 EMR | ૮૬૦૧–૮૭૦૦ | ૨૨–૯–૦૫ |

| (૧) | (૨) | (૩) | (૪) |
|---|---|---|---|
| ૩૬ | 20 EMR | ૮૨૦૧-૮૩૦૦ | ૧૨-૮-૦૫ |
| ૩૭ | DEG Fund | ૯૦૦૧-૧૦૦૦૦ | ૭-૧૧-૦૫ |
| ૩૮ | VM | ૧૦૯૦૧-૧૦૧૦૦ | ૨૪-૧-૦૬ |
| ૩૯ | DV Fund | ૯૯૦૧-૧૦૦૦૦ | ૧૧-૩-૦૬ |
| ૪૦ | DV Fund | ૧-૧૦૦ | ૨૩-૩-૦૬ |
| ૪૧ | DV Fund | ૫૯૦૧-૬૦૦૦ | ૧૫-૫-૦૫ |
| ૪૨ | DV Fund | ૬૦૦૧-૭૦૦૦ | ૧-૮-૦૫ |
| ૪૩ | DV Fund | ૯૨૦૧-૯૩૦૦ | ૧૨-૧૨-૦૫ |
| ૪૪ | 15 R.A. | ૧-૧૦૦ | ૨૪-૩-૦૬ |
| ૪૫ | 15 R.A. | ૫૦૧-૬૦૦ | ૧૩-૬-૦૫ |
| ૪૬ | 15 R.A. | ૪૧૦૧-૪૨૦૦ | ૨૩-૫-૦૫ |
| ૪૭ | 36 ST/L | ૯૦૧-૧૦૦૦ | ૧૩-૬-૦૫ |
| ૪૮ | 36 ST/L | ૫૦૧-૬૦૦ | ૧૫-૬-૦૫ |
| ૪૯ | 37 ST/LS | ૨૦૧-૩૦૦ | ૮-૬-૦૫ |
| ૫૦ | 41 S/T/LLM | ૮૦૧-૯૦૦ | ૧૫-૭-૦૫ |
| ૫૧ | Lib Rep | ૧૩૦૧-૧૪૦૦ | ૧૩-૧૨-૦૫ |

## M.O. નીબાકી પહોંચની વિગત દર્શાવતું પત્રક

| અ.નં. | બુકનું નામ | પહોંચ નંબર | તારીખ |
|---|---|---|---|
| (૧) | (૨) | (૩) | (૪) |
| ૧ | 30 Misc name | ૩૯૦૧–૪૦૦૦ | ૮–૪–૦૫ |
| ૨ | 10 Misc name | ૨૭૦૧–૨૮૦૦ | ૧૮–૮–૦૫ |
| ૩ | 30 Misc name | ૩૮૦૧–૩૯૦૦ | ૮–૧૨–૦૫ |
| ૪ | 17 M.S.-2 | ૧૫૦૧–૧૬૦૦ | ૮–૪–૦૫ |
| ૫ | 17 M.S.-1 | ૪૫૦૧–૪૬૦૦ | ૯–૩–૦૬ |
| ૬ | 19 F.G. | ૩૭૦૧–૩૮૦૦ | ૮–૪–૦૫ |
| ૭ | 19 F.G. | ૧૭૦૦૧ | ૧૯–૯–૦૫ |
| ૮ | 19 F.G. | ૩૨૦૦૧ | ૧૧–૧૧–૦૫ |
| ૯ | 19 F.G. | ૩૨૧૦૧ | ૧૯–૧૧–૦૫ |
| ૧૦ | 19 F.G. | ૩૨૨૦૧ | ૨૨–૧૧–૦૫ |
| ૧૧ | 19 F.G. | ૩૨૪૦૧ | ૫–૧૨–૦૫ |
| ૧૨ | 19 F.G. | ૩૫૦૦૧ | ૭–૧૨–૦૫ |
| ૧૩ | 19 F.G. | ૩૫૧૦૧ | ૯–૧૨–૦૫ |
| ૧૪ | 19 F.G. | ૩૫૨૦૧ | ૧૨–૧૨–૦૫ |
| ૧૫ | 19 F.G. | ૩૫૪૦૧ | ૧૫–૧૨–૦૫ |
| ૧૬ | 19 F.G. | ૩૫૫૦૧ | ૧૬–૧૨–૦૫ |
| ૧૭ | 19 F.G. | ૩૫૬૦૧ | ૧૭–૧૨–૦૫ |
| ૧૮ | 26-D | ૯૦૧–૧૦૦૦૦ | ૧૬–૪–૦૫ |

| (૧) | (૨) | (૩) | (૪) |
|---|---|---|---|
| ૧૯ | 24-F | ૧૬૦૧–૧૭૦૦ | ૧૩–૫–૦૫ |
| ૨૦ | 15-RA | ૧૭૦૧–૧૮૦૦ | ૨૪–૫–૦૫ |
| ૨૧ | 15-RA | ૧૦૧–૨૦૦ | – |
| ૨૨ | 12-VM | ૩૨૦૦૧–૩૩૦૦૧ | ૧૩–૬–૦૫ |
| ૨૩ | 23-Pub/F | ૧૦૧–૨૦૦ | ૪–૧૦–૦૫ |
| ૨૪ | 29-E | ૯૦૦૧–૧૦૦૦૦ | ૧૯–૯–૦૫ |
| ૨૫ | 29-E | ૯૨૦૧–૯૩૦૦ | ૧૮–૧૧–૦૫ |
| ૨૬ | 29-E | ૯૬૦૧–૯૭૦૦ | ૧૩–૧–૦૬ |
| ૨૭ | 29-E | ૧–૧૦૦ | ૧૫–૧૨–૦૫ |
| ૨૮ | 29-E | ૧૦૧–૨૦૦ | ૧૬–૧૨–૦૫ |
| ૨૯ | 29-E | ૨૦૧–૩૦૦ | ૧૬–૧૨–૦૫ |
| ૩૦ | 29-E | ૩૦૧–૪૦૦ | ૧૬–૧૨–૦૫ |
| ૩૧ | 1-G | ૭૦૧–૮૦૦ | ૧૮–૧૧–૦૫ |
| ૩૨ | 1-EL | ૫૦૧–૬૦૦ | ૧૮–૧૧–૦૫ |
| ૩૩ | 1-EL | ૬૦૧–૭૦૦ | ૧૮–૧૧–૦૫ |
| ૩૪ | 43-LF | ૧૦૧–૨૦૦ | ૨૨–૧૧–૦૫ |
| ૩૫ | 43-LF | ૧૩૦૧–૧૪૦૦ | ૨૨–૧૧–૦૫ |
| ૩૬ | 2-EL | ૧૧૦૧–૧૨૦૦ | ૩૦–૧૧–૦૫ |

**ફકરા નંબર : ૧૬**

ગુજરાત યુનિવર્સિટીના કર્મચારીઓને આપેલ ગણવેશ ખરીદીમાં જણાયેલી અનિયમિતતા બાબત

---

ગુજરાત યુનિવર્સિટી અમદાવાદના સને ૨૦૦૫–૦૬ ના હિસાબોની ચકાસણી કરતાં લેજર મુજબ મુખ્ય સદર : ૪૬૦૫૦૦૦ હેઠળ વર્ષ દરમ્યાન રૂા.૨૫૮૭૬૦–૦૦ નો ખર્ચ ઉધારવામાં આવેલ છે. જેની વિગત દર્શાવતું પરિશિષ્ટ–૬ આ સાથે સામેલ છે. આ વાઉચરોની ચકાસણી કરતાં નીચે મુજબ ઓડિટ નોંધ આપવામાં આવે છે.

ગુજરાત યુનિવર્સિટીના જુદા જુદા વિભાગોમાં ફરજ બજાવતાં વર્ગ–૪ ના કર્મચારીઓ સલામતી સ્ટાફ, ઈલેકટ્રીકની કામગીરી બજાવતાં કર્મચારીઓ વિગેરેને ગણવેશ, રેઈનકોટ, બુટ વિગેરે આપવામાં આવેલ હતાં. જે પેટે ઉક્ત વિગતે ખર્ચ કરવામાં આવેલ હતો. સદર ખર્ચ કયા વર્ષના અનુસંધારે તેમજ કયા વર્ષ સુધીના પુરા પાડવામાં આવેલ છે. અને ચાલુ ઓડિટ વર્ષમાં. સરકારશ્રીના પ્રવર્તમાન નિયમો મુજબ કયા વર્ષનો ગણવેશ પૂરો પાડવાનો થાય છે. તે અંગેની કર્મચારીઓવાઈઝ કેટલી સંખ્યામાં પૂરો પાડવાનો થાય છે. તે અંગેનું રજિસ્ટર નિભાવવામાં આવેલ નથી. જેથી તે અંગેની ખાત્રી થઈ શકેલ નથી.

સામેલ પરિશિષ્ટ–૬ ની વિગતે કરેલ ખરીદીના વાઉચરો ઉપર ખરીદેલ માલ, ડેડસ્ટોક રજિસ્ટરના કયા પાના નંબર ઉપર નોંધવામાં આવેલ છે. તે અંગેની કોઈ નોંધ કરવામાં આવેલ નથી. તથા આ અંગે ટેન્ડરો બહાર પાડવામાં આવેલ હોય તો તે અંગેની ફાઈલ ઓડિટે રજુ કરવી ઘટે. ખરીદવામાં આવેલ જરૂરી અને માગ્યા મુજબની ગુણવત્તા પ્રમાણેનું હતુ કે કેમ તે બાબતેની કોઈ જ ખાત્રી થઈ શકેલ નથી. સદર ખરીદી કરી જે તે કર્મચારીને આપ્યા અંગેનું રજિસ્ટર કે લીસ્ટ વાઉચરો સાથે જોવા મળેલ નથી. જેથી ખરેખર કેટલાં કર્મચારીઓને આપવામાં આવેલ હતું. અને જે તે કર્મચારીને મળ્યા અંગેની કોઈ જ ખાત્રી થઈ શકેલ નથી.

વધુમાં સરકારશ્રીના સામાન્ય વહીવટ વિભાગના તા.૯–૬–૯૭ ના ઠરાવ ક્રમાંક : ગણવ/ ૨૨૮૦/ ખ ૩ ભારથી કરેલ જોગવાઈ મુજબ આવી ખરીદી ગુજરાત રાજ્ય હાથશાળ વિકાસ નિગમ (ગરવી)માંથી કરવા ઠરાવેલ હોવા છતાં અન્ય પાર્ટીઓ પાસેથી ખરીદી કરવા બાબતે જવાબદારોથી સ્પષ્ટતા થવી ઘટે.

પ્રા.વાં.નં.૮૩ નો સંસ્થાએ જવાબ આપેલ નથી.

વાંધા હેઠળ રૂા.૨૫૮૭૬૦–૦૦

## પરિશિષ્ટ-૬

ગુજરાત યુનિવર્સિટી અમદાવાદ ધ્વારા ગણવેશ ખરીદી પાછળ કરેલ ખર્ચની વિગત દર્શાવતું પત્રક

| અ.નં. | વા.નં. | તારીખ | રકમ | વિગત |
|---|---|---|---|---|
| (૧) | (૨) | (૩) | (૪) | (૫) |
| ૧ | ૨૧૭ | ૧૩-૪-૦૫ | ૬૦૦/- | કોઈ વિગત નથી. |
| ૨ | ૧૦૨૦ | ૩૧-૫-૦૫ | ૫૯૯૬/- | U.S.I.C. કર્મચારીઓને ચાર જોડીશોક પ્રુફ બુટ, ચાર કર્મચારી બાટા ઈન્ડીયા લી. બીલ નં.૨૬૫૨૨ |
| ૩ | ૧૩૧૭ | ૧૫-૬-૦૫ | ૧૦૦૧૫/- | એસ્ટેટ વિભાગ સલામતી બ્રાંચના યુનિફોર્મ ગુજરાત પોલીસ એન્ડ મીલીટરી સ્ટોર્સ બીલ નં.૧૧૧ તા.૧૪-૫-૦૫ |
| ૪ | ૧૫૮૯ | ૨-૭-૦૫ | ૨૨૬૫૦/- | ૨૪૦ કર્મચારી ૧ જોડ બુટ દર : ૧૫૦ ૨૦૦૩-૦૪ ના વર્ષ માટે ૧૫૧ × ૧૫૦ = ૨૨૬૫૦/- કર્મચારીઓનું લિસ્ટ તથા સહીઓ નથી. |
| ૫ | ૧૬૮૫ | ૫-૭-૦૫ | ૧૧૦/- | પાણીની ટાંકીના બે ઓપરેટર માટે છત્રી-૧ યુનિ. સેન્ટ્રલ કન્ઝયુ સ્ટોર્સ બીલ નં.૫૦૩/ ૩૦-૬-૦૧ |

| (૧) | (૨) | (૩) | (૪) | (૫) |
|---|---|---|---|---|
| ૬ | ૧૮૩૫ | ૧૩–૭–૦૫ | ૮૮૨૦/– | કાયમી સલામતી કર્મચારી માટે રેઈનકોટ નંગ ૧૮ ગુજ. પોલીસ એન્ડ મીલીટરી સ્ટોર્સ બીલ નં.૧૪૩ તા.૧૧–૭–૦૫ |
| ૭ | ૧૯૦૯ | ૧૯–૭–૦૫ | ૧૬૨૩૨/– | સલામતી બ્રાન્ચ યુનિ. ફોર્મનું કાપડ ડાહયાભાઈ પી. લાવશી બીલ નં.૨૧૭૫ તા.૧૪–૭–૦૬ ૧૦૮ મીટર કર્મચારીનું પત્રક નથી. લીસ્ટ નથી. સહીઓ નથી. |
| ૮ | ૧૯૩૬ | ૨૧–૭–૦૫ | ૧૫૦/– | યુનિફોર્મનું બીલ કોઈ વિગત નથી. |
| ૯ | ૧૯૬૮ | ૨૫–૭–૦૫ | ૭૨૦૦/– | એસ્ટેટ વિભાગ–૧૨ નંગ રેઈનકોટ ગુજ. પોલીસ એન્ડ મીલીટરી સ્ટોર્સ અમદાવાદ બીલ નં.૧૪૯ તા.૧૪–૭–૦૬ |
| ૧૦ | ૨૦૮૮ | ૩૧–૭–૦૫ | ૭૪૯૫/– | એસ્ટેટ વિભાગ ઈલે. કર્મચારીઓ માટે પાંચ જોડી શોક પ્રુફ બુટ બાટા ઈન્ડીયા લી. અમદાવાદ બીલ નં.૨૭૬૩ (તારીખ નથી) |
| ૧૧ | ૨૭૦૭ | ૧૧–૮–૦૫ | ૪૧૯૫/– | ચોથા વર્ગ કર્મચારીઓ માટે બુટ/ ચંપલ પેટા વાઉચર સામેલ નથી. રોકડા ચૂકવેલ છે. |

| (૧) | (૨) | (૩) | (૪) | (૫) |
|---|---|---|---|---|
| ૧૨ | ૩૩૪૮ | ૨૨–૯–૦૫ | ૩૫૧૦/– | સલામતી વિભાગ યુનિફોર્મ સિલાઈ રોકડ ચૂકવણી કરેલ છે. |
| ૧૩ | ૩૪૬૦ | ૨૯–૯–૦૫ | ૪૦૦૦૦/– | ચોથા વર્ગના કર્મચારી ગરમ ગણવેશ સિલાઈ ૧૬૦ કર્મચારી × ૨૫૦/– રૂા. લીસ્ટ તથા કર્મચારીઓની સહીઓ નથી. |
| ૧૪ | ૪૦૮૨ | ૨૭–૧૦–૦૫ | ૬૭૫૦/– | ચોથા વર્ગ કર્મચારી ગરમ ગણવેશ સિલાઈ ૨૭ કર્મચારી × રૂા.૨૫૦/– લીસ્ટ સામેલ નથી. |
| ૧૫ | ૪૫૫૫ | ૨૨–૧૧–૦૫ | ૧૫૦/– | યુનિફોર્મનું બીલ અન્ય કોઈ વિગત સામેલ નથી. |
| ૧૬ | ૪૬૯૨ | ૩૦–૧૧–૦૫ | ૬૨૧૦૮/– | ચોથા વર્ગ કર્મચારી વર્ષ ૨૦૦૫–૦૬ માટે યુનિ. ફોર્મ ૧૭૫ પુરુષ, ૧૨ મહિલા ગરવી બીલ નં. ૧૬૯/૧૫૩ |
| ૧૭ | ૫૦૯૨ | ૧૨–૧૨–૦૫ | ૧૦૦/– | કન્ટી બીલ યુનિફોર્મ |
| ૧૮ | ૫૩૩૯ | ૨૩–૧૨–૦૫ | ૨૦૦૦/– | કાર્યાલય તથા વિભાગના ચોથા વર્ગ કર્મચારી ગરમ ગણવેશ સિલાઈ ૮ કર્મચારી × ૨૫૦ રૂા. લીસ્ટ નથી. |

| (૧) | (૨) | (૩) | (૪) | (૫) |
| --- | --- | --- | --- | --- |
| ૧૯ | ૫૯૩૮ | ૧૮–૧–૦૬ | ૩૮૧૯૦/– | ચોથા વર્ગ કર્મચારી – ગણવેશ સિલાઈ લીસ્ટ નથી. બીલ નથી. |
| ૨૦ | ૬૫૭૦ | ૧૬–૨–૦૬ | ૧૨૦૦/– | એસ્ટેટ ડ્રાયવર – ૪ ગણવેશ |
| ૨૧ | ૭૦૨૮ | ૮–૩–૦૬ | ૧૮૦૪/– | સિક્યુરીટી ઓફિસર નવા ગણવેશ કાપડ રેમન્ડ–૧૨ મીટર બે સિક્યુરીટી ઓફિસર માટે |
| ૨૨ | ૭૨૫૬ | ૨૦–૩–૦૬ | ૩૬૦/– | યુનિફોર્મ |
| ૨૩ | ૭૨૭૨ | ૨૧–૩–૦૬ | ૨૦૧૫/– | ચોથા વર્ગ કર્મચારી ગણવેશ સિલાઈ રોકડ ચૂકવણી કેટલા કર્મચારી લીસ્ટ તથા સહીઓ નથી. |
| ૨૪ | ૭૩૪૯ | ૨૩–૩–૦૬ | ૧૭૧૦૦/– | ૫૭ જોડી ગણવેશ કાપડ ફેબ્રીક ડીપો. અમદાવાદ બીલ નં.૪૫૪૪/ ૨૧–૩–૦૬ |
| ૨૫ | ૮૦૯૭ | ૩૧–૩–૦૬ | ૧૦/– | કન્ટી બીલ |
| | | કુલ | **૨૫૮૭૬૦/–** | |

**ફકરા નંબર : ૧૭**

ભથ્થાની ચૂકવણીમાં જણાયેલ અનિયમિતતા બાબત

---

**૧૭.૧** ગુજરાત યુનિવર્સિટી અમદાવાદના સને ૨૦૦૫–૦૬ ના અન્વેષણ વખતે સંસ્થાએ રજુ કરેલ હિસાબી રેકર્ડની ચકાસણી કરતાં ગ્રંથાલય ધ્વારા ઓડિટ વર્ષમાં લાયબ્રેરીના કર્મચારીઓને રૂા.૧૧૫૯૬૪–૦૦ નો અવરટાઈમ હિસાબી સદર : ૨૧૨૨૦૦૫ સદરે ચૂકવેલ છે. આમ, સરકારશ્રીની હાલની નીતિ મુજબ આર.ઓ.પી.–૯૮ ના પગાર ધોરણમાં ઓવરટાઈમ ચૂકવવાની સંપૂર્ણ મનાઈ હોવા છતાં આપના ગ્રંથાલય ધ્વારા ઓવરટાઈમનો ખર્ચ કરેલ છે. તો આ બાબતે સરકારશ્રીના કોઈ આધાર અથવા તો સરકારશ્રીની કોઈ મંજુરી મેળવેલ હોય તો રજુ કરવા વિનંતી છે. આ સંસ્થા સરકારશ્રીની સંપૂર્ણ ગ્રાન્ટ લેતી હોઈ સરકારશ્રીના નીતિ નિયમોનું ચુસ્ત પાલન કરવું જોઈએ. તેમ છતાં આપની સંસ્થામાં પાલન થતું નથી. તો આ ખર્ચ બાબતે નીચે મુજબનું રેકર્ડ રજુ કરવું. સંસ્થા ધ્વારા કરેલ ખર્ચની વિગત દર્શાવતું પત્રક સામેલ છે.

(૧) કર્મચારીઓને ઓવરટાઈમ કેવા સંજોગોમાં આપવામાં આવેલ છે. તેની સ્પષ્ટતા કરવી.

(૨) ઓવરટાઈમમાં દર્શાવેલ કામગીરી કોઈ ચોકકસ સમયની કે કાયમી કામગીરી છે. તેની સ્પષ્ટતા કરવી.

(૩) ઓવરટાઈમ ચૂકવવા માટેના દર કોના ધ્વારા નકકી થયેલ છે. અને તે દર અંગે સરકારશ્રીની મંજુરી કે દરખાસ્ત કરવામાં આવેલ છે કે કેમ?

(૪) ઓવરટાઈમ કરવા માટે જે જે કર્મચારીને રોકાવાની જરૂરિયાત છે. તેમની હાજરીપત્રક તથા કરેલ કામની વિગત રજુ કરવી.

(૫) ઓવરટાઈમમાં કરેલ કામગીરી ક્ચેરી સમયમાં થઈ શકે તેમ ન હોવાના કારણોની સ્પષ્ટતા કરવી.

પ્રા.વાં.નં.૬૪ નો સંસ્થાએ આપેલ જવાબ ગ્રાહય રાખી શકાય તેમ નથી. તેમજ આ ખર્ચની રકમની વસુલાત કરી ઓડિટને આધારિત ખાત્રી કરાવવી ઘટે.

**૧૭.૨** પ્રેસના ઓવરટાઈમ અને અન્ય ભથ્થાઓનું રજિસ્ટરની ચકાસણી કરતાં નીચે જણાવેલ વિગતે પ્રેસના કર્મચારીઓને ઓવરટાઈમ ભથ્થાનું અનિયમિત ચૂકવણું કરેલ હોવાનું જણાયેલ છે.

ઓવરટાઈમ ભથ્થા રજિસ્ટર અને લેજરોની ચકાસણી કરતાં એકાઉન્ટ કોડ નં.૧૯૨૫૦૦૦ સદરે વૌચર નંબર : ૮૭૭ તા.૨૧-૫-૦૫ રૂા.૨૬૬૪૮-૦૦ તથા વૌચર નંબર : ૧૩૯૫ તા.૨૨-૬-૦૫ રૂા.૧૨૮૩૨-૦૦ મળી કુલ રૂા.૩૯૪૮૦-૦૦ નું ચૂકવણું સને ૨૦૦૫-૦૬ ના વર્ષ દરમ્યાન કરેલ છે.

ઉક્ત બાબતે જણાવવાનું કે પરિપત્ર નં.૨૮ ની વિગતે ઉક્ત ભથ્થુ ચૂકવેલ છે. જે સરકારશ્રીના પ્રવર્તમાન નિયમોનુસાર ચૂકવવાપાત્ર નથી. જે તાત્કાલિક અસરથી ચૂકવવાનું બંધ કરવું ઘટે. વધુમાં, સરકારશ્રીના શિક્ષણ વિભાગના ઠરાવ ક્રમાંક : યુ.એસ.જી./ ૪૨૭૦/ ૨૧૬૧૪/ ૫ તા.૧-૫-૭૮ મુજબ કર્મચારીઓને ઓવરટાઈમ મળતો હોય તો પરીક્ષા ભથ્થુ મળવાપાત્ર નથી. તેવી સ્પષ્ટ જોગવાઈ હોવા છતાં કેવા સંજોગોમાં આ ભથ્થાનું ચૂકવણું કરવામાં આવેલ છે. તેની સ્પષ્ટતા કરવી ઘટે.

પ્રા.વાં.નં.૮૯ નો સંસ્થાએ જવાબ આપેલ નથી.

**૧૭.૩** હિસાબી સદર ૩૫૩૨૦૦૭ હેઠળ ઓડિટ વર્ષમાં રૂા.૯૭૭૫૪૭–૦૦ નો ખર્ચ પરીક્ષા સમય દરમ્યાનના અધિક સમયનું મહેનતાણાં તરીકે ખર્ચ કરવામાં આવેલ છે.

ચોથા કેન્દ્રીય પગાર પંચની ભલામણો અન્વયે તા.૧–૧–૮૬ થી સ્વીકારેલ આર.ઓ.પી.રૂલ્સ–૧૯૮૭ મુજબ ઓવરટાઈમ ભથ્થુ ચૂકવવાની પ્રથા રદ કરેલ છે. તે મુજબ સદરહું ચૂકવેલ ઓવરટાઈમ ભથ્થુ મવાપાત્ર થતું નથી. છતાં તેની ચૂકવણી કરી ખોટી રીતે ખર્ચ કરવા બદલ સ્પષ્ટતા કરી તા.૧–૧–૮૬ થી આજદિન સુધી ચૂકવેલ ઓવરટાઈમની માહિતી તૈયાર કરી નિયમો વિરુધ્ધ કરેલ ચૂકવણાંથી સંસ્થાને થયેલ નુકશાન અંગેની જવાબદારી નકકી કરી સંબંધિત તમામ કર્મચારીઓ પાસેથી કરવાપાત્ર થતી વસુલાત તાત્કાલિક રીતે કરી ઓડિટને તેને રેકર્ડ આધારિત ખાત્રી કરાવવી ઘટે.

સદરહું બાબતે અગાઉના વર્ષોમાં પણ ઓડિટ વાંધા આપવામાં આવે છે તેમ છતાં સરકારશ્રીના નિયમો વિરુધ્ધ ખર્ચ કરીને સંસ્થાને આર્થિક નુકશાન કરવા બદલ જવાબદારી નકકી કરી સ્પષ્ટતા મેળવી ઓડિટે ખાત્રી કરાવવી ઘટે.

ઉપરોક્ત વિગતે નિયમો વિરુધ્ધ ચૂકવેલ ઓવરટાઈમ ભથ્થા બાબતે કુલપતિશ્રીનું અંગત ધ્યાન દોરવામાં આવે છે. તેમજ નિયમોનુસારની કાર્યવાહી કરવા અંગેની વ્યવસ્થા ગોઠવી સંસ્થાને નિયમિત રીતે થતાં આર્થિક નુકશાનમાંથી બચાવી શકાય તેવાં પગલાં લઈ લીધેલ પગલાંની ઓડિટને ખાત્રી કરાવવા વિનંતી છે.

ઉપરોક્ત ફકરા નં.૧૭.૧ થી ૧૭.૩ ની કુલ રકમ ૧૧૩૨૯૯૧–૦૦ ની વસુલાત કરી ઓડિટને આધારિત ખાત્રી કરાવવી ઘટે.

પ્રા.વાં.નં.૮ નો સંસ્થાએ જવાબ કરેલ નથી.

વસુલાતપાત્ર રકમ રૂા.૧૧૩૨૯૯૧–૦૦

## પરિશિષ્ટ-૭

ગ્રંથાલયના કર્મચારીઓને ઓવરટાઈમની વિગત દર્શાવતું પત્રક

| અ.નં. | વા.નં. | તારીખ | રકમ |
|---|---|---|---|
| (૧) | (૨) | (૩) | (૪) |
| ૧ | ૧૩૪ | ૬-૪-૦૫ | ૧૭૮૭/- |
| ૨ | ૧૩૫ | ૬-૪-૦૫ | ૩૬૦૬/- |
| ૩ | ૧૩૬ | ૬-૪-૦૫ | ૧૬૯૯/- |
| ૪ | ૧૩૭ | ૬-૪-૦૫ | ૧૦૩૬૩/- |
| ૫ | ૬૪૧ | ૭-૫-૦૫ | ૧૬૯૨/- |
| ૬ | ૧૨૦૩ | ૭-૬-૦૫ | ૧૪૧૫૮/- |
| ૭ | ૧૩૨૨ | ૧૬-૬-૦૫ | ૧૭૭૭૦/- |
| ૮ | ૧૫૭૭ | ૧-૭-૦૫ | ૧૭૪૮/- |
| ૯ | ૧૫૮૮ | ૨-૭-૦૫ | ૧૮૨૧/- |
| ૧૦ | ૧૮૮૬ | ૧૮-૭-૦૫ | ૧૭૯૦/- |
| ૧૧ | ૧૮૮૭ | ૧૮-૭-૦૫ | ૭૦૪/- |
| ૧૨ | ૨૭૬૯ | ૧૭-૮-૦૫ | ૧૮૦૯/- |
| ૧૩ | ૩૦૬૦ | ૨-૯-૦૫ | ૭૬૩૧/- |
| ૧૪ | ૩૩૫૨ | ૨૨-૯-૦૫ | ૧૮૨૧/- |
| ૧૫ | ૩૩૫૩ | ૨૨-૯-૦૫ | ૪૧૭૭/- |
| ૧૬ | ૩૯૬૫ | ૨૪-૧૦-૦૫ | ૧૮૭૦/- |

| (૧) | (૨) | (૩) | (૪) |
|---|---|---|---|
| ૧૭ | ૪૪૯૩ | ૧૮-૧૧-૦૫ | ૭૧૯૭/- |
| ૧૮ | ૪૪૯૪ | ૧૮-૧૧-૦૫ | ૧૬૭૯/- |
| ૧૯ | ૫૦૧૭ | ૮-૧૨-૦૫ | ૧૮૬૩/- |
| ૨૦ | ૫૦૧૮ | ૮-૧૨-૦૫ | ૮૫૫૮/- |
| ૨૧ | ૫૬૫૪ | ૨-૧-૦૬ | ૬૫૩૯/- |
| ૨૨ | ૫૯૯૦ | ૨૦-૧-૦૬ | ૪૨૦૯/- |
| ૨૩ | ૫૯૯૧ | ૨૦-૧-૦૬ | ૧૭૬૪/- |
| ૨૪ | ૬૭૦૬ | ૨૭-૨-૦૬ | ૭૮૭૭/- |
| ૨૫ | ૬૭૦૭ | ૨૭-૨-૦૬ | ૧૮૩૨/- |
| | | **કુલ** | **૧૧૫૯૬૪/-** |

**ફકરા નંબર : ૧૮**

ખાનગી સિકયુરીટી એજન્સીના વાર્ષિક કોન્ટ્રાકટ તેમજ ચૂકવણાંમાં જણાયેલી અનિયમિતતા બાબત

---

ગુજરાત યુનિવર્સિટી અમદવાદના સને ૨૦૦૫–૦૬ ના અન્વેષણ દરમ્યાન રજુ થયેલ રેકર્ડ, વાઉચર ફાઈલ તેમજ કેશબુકની ચકાસણી કરતાં સને ૨૦૦૩–૦૪ ના વર્ષમાં ફાઈલે સામેલ વિગત મુજબ તારીખ ૨૨–૮–૦૩ ના રોજ સંદેશ વર્તમાનપત્રમાં જાહેરાત આપી ભાવો મંગવેલ હતાં. જે બાબતે નીચે પ્રમાણે ઓડિટ નોંધ આપવામાં આવે છે.

ફાઈલની ચકાસણી કરતાં વર્તમાનપત્રના કટીંગની નકલ જોવા મળેલ નથી. ફાઈલ ચકાસતાં કુલ–૨૩ ટેન્ડરો ભરાઈને આવેલ હોવાનું તુલનાત્મક પત્રક ઉપરથી જણાય છે. આ કામે કુલ કેટલાં ટેન્ડર છપાવવામાં આવેલ હતા, કેટલાં ટેન્ડરોનું વેચાણ થયેલ હતા, ટેન્ડર ફી શું રાખવામાં આવેલ હતી અને વેચાયેલ ટેન્ડરોની કેટલી આવક ઉભી થયેલ હતી તેની રેકર્ડ આધારિત ખાત્રી થઈ શકેલ નથી. તો આ બાબતે ખાત્રી કરાવવી ઘટે.

વધુમાં સંસ્થા ધ્વારા રજુ કરેલ ફાઈલની ચકાસણી કરતાં રૂા.૫૦/– ના સ્ટેમ્પ પેપર ઉપર કરારખત કરવામાં આવેલ છે. જેની ચકાસણી કરતાં આપેલ જાહેરાત અનુસંધાને બીજી તરફવાળા (ટોપ સિકયુરીટી સર્વિસ લી.) એ અર્નેસ્ટમની ડિપોઝીટ ભરેલ છે. રકમ કેટલી ભરેલ હતી તે અંગેની રેકર્ડ આધારિત કોઈ ખાત્રી થઈ શકેલ નથી. નિયમોનુસાર કોન્ટ્રાકટની શરત નં.૪ મુજબ સદર કામગીરી પેટે રૂા.૩૬૭૬–૩૦ વ્યકિતદીઠ માસિક ચૂકવવામાં આવશે. આમ, દૈનિક રૂા.૧૨૨–૫૦ લેખે ચૂકવણું કરવામાં આવશે તેમ નકકી કરવામાં આવેલ હતું. ફાઈલે જાણવા મળ્યા મુજબ આ કામ માટે એક કમિટિની રચના કરવામાં આવેલ હતી. સદર કમિટિની તા.૧૪–૧૦–૦૩ ની સભા મળેલ હતી. જેના ઠરાવ નં.૧ માં જણાવ્યા મુજબ લઘુત્તમ વેતનની મર્યાદામાં રહીને રકમ ચૂકવવાની રહેતી હતી. આ કામે

(૧) મે. ટોપ સિકયુરીટી એન્ડ સિકયુરીટી સર્વીસીઝ લીમીટેડ અમદાવાદ ૩૬૭૬–૩૨ એક ગાર્ડ એક માસના રૂા.૧૧૦૨૯૦–૦૦ ૩૦ ગાર્ડ માટે (એક ગાર્ડ ૧૨૨–૫૪ પૈસા એક દિવસ લેખે)

(૨) મે. કોસમોસ ડિટેકટીવ એન્ડ સિકયુરીટી સર્વીસીઝ – ગાંધીનગર રૂા.૩૧૫૯–૦૦ એક ગાર્ડના એક માસ માટે (પ્રતિ દિન રૂા.૧૦૫–૩૦ લેખે) રૂા.૯૪૭૭૦–૦૦

(૩) મે. વિજય સિક્યુરીટી સર્વીસીઝ – અમદાવાદ રૂા.૨૯૯૮–૦૦ એક ગાર્ડના એક માસ માટે (પ્રતિ દિન રૂા.૯૯.૯૩ પૈસા લેખે) રૂા.૮૯૯૪૦–૦૦

ઉકત ત્રણ વેપારીઓને અગ્રિમતા આપવા બાબતની ભલામણ કમીટી ધ્વારા કરવામાં આવેલ હતી. તે પૈકી અને ઉકત ત્રણ પાર્ટીઓ પૈકી મે. ટોપ સિકયુરીટી સર્વીસીઝ અમદાવાદને વાર્ષિક કોન્ટ્રાકટ કરી કામગીરી સોંપવામાં આવેલ હતી. સામેલ રૂા.૫૦–૦૦ ના કોન્ટ્રાકટમાં ફકત ટોપ સિકયુરીટી સર્વીસીઝ તરફથી જ સહી કરવામાં આવેલ હતી. યુનિવર્સિટીના કોઈ સક્ષમ અધિકારીશ્રી તેમજ કોઈ સાક્ષીઓની સહીઓ કરવામાં આવેલ ન હતી. તેમજ કોન્ટ્રાકટને અંતે સ્થળ તેમજ તારીખની વિગતમાં પણ કોઈ તારીખ દર્શાવવામાં આવેલ નથી. જેથી સદરહું કોન્ટ્રાકટ કોની સાક્ષીમાં યુનિવર્સિટીના કયા સક્ષમ અધિકારીશ્રીની હાજરીમાં કઈ તારીખે કોન્ટ્રાકટ કરવામાં આવેલ હતો. તે અંગેની રેકર્ડ ઉપરથી કોઈ જ ખાત્રી થઈ શકી નથી. તો આ બાબતે જવાબદારોથી સ્પષ્ટતા થવી ઘટે.

ઉપરોક્ત વિગતો જોતાં કોન્ટ્રાકટમાં જણાવ્યા મુજબ હાલ પુરતા ૩૦ સિકયુરીટી ગાર્ડ રાખવાનો કરવામાં આવેલ હતો. પરંતુ તેમાં જરૂરિયાત પ્રમાણે વધ ઘટ કરવાની રહેશે તેમ જણાવેલ હતું. આમ, વર્ષ દરમ્યાન કુલ કેટલાં સિકયુરીટી ગાર્ડ કઈ કઈ જગ્યાએ રાખીને સેવા લેવામાં આવેલ હતી. તે બાબતે રેકર્ડ આધારિત ખાત્રી કરાવવી ઘટે.

વધુમાં ફાઈલની ચકાસણી કરતાં સદરહું વાર્ષિક કોન્ટ્રાકટ સને ૨૦૦૪–૦૫ તથા સને ૨૦૦૫–૦૬ ના વર્ષમાં પણ કોઈપણ પ્રકારની જાહેર નિવિદા આપ્યા સિવાય રીન્યુ કરવામાં આવેલ હતો. આમ, જાહેરાત નહીં આપવાને કારણે સંસ્થાએ સ્પર્ધાત્મક ભાવો મેળવવાનો લાભ ગુમાવેલ હતો. તેમજ સને ૨૦૦૩–૦૪ માં આપવામાં આવેલ વાર્ષિક કોન્ટ્રાકટ દૈનિક રૂા.૧૨૨–૫૪ પૈસા લેખે આપી અન્ય બે પાર્ટીઓનો ભાવ આ કરતાં ઓછો હોવા છતાં લઘુત્તમ વેતનધારા મુજબના વેતન કરતાં વધુ ભાવે કરાર કરવા બાબતે જવાબદારોથી રેકર્ડ આધારિત ખાત્રી કરાવવી ઘટે. આમ, મે.ટોપ સિકયુરીટી એન્ડ સિકયુરીટી સર્વિસીઝ લિ. અમદાવાદને ૩૦ ગાર્ડના માસિક રૂા.૫૩૩૦–૦૦ લેખે વાર્ષિક રૂા.૬૩૯૬૦–૦૦ નું વધુ ચૂકવણું કરવામાં આવેલ છે. જેથી સંસ્થાને આર્થિક નુકશાન થવા પામેલ છે. તો સંસ્થાને થયેલ આર્થિક નુકશાનીની રકમ રૂા.૬૩૯૬૦–૦૦ ની વસુલાત માટે જવાબદાની જવાબદારી નકકી કરી કરેલ કાર્યવાહીની ઓડિટને આધારિત ખાત્રી કરાવવી ઘટે.

ફાઈલની ચકાસણી કરતાં કોન્ટ્રાકટની શરત નં.૧૧ માં જણાવ્યા મુજબ બીલમાંથી રૂા.૧૦૦૦૦–૦૦ સિકયુરીટી ડિપોઝીટ કાપવામાં આવશે. નિયમોનુસાર ઉકત ક્રમ નં.૧ માં જણાવ્યા મુજબ મે. ટોપ સિકયુરીટી સર્વિસીઝના એક માસના રૂા.૧૧૦૨૯૦–૦૦ લેખે ૧૨ માસના રૂા.૧૩૨૩૪૮૦–૦૦ ના ૮% લેખે રૂા.૬૬૧૭૪–૦૦ ની સિકયુરીટી ડિપોઝીટની સામે ફકત રૂા.૧૦૦૦૦–૦૦ સિકયુરીટી ડિપોઝીટ કાપવામાં આવેલ છે. આમ, રૂા.૫૬૧૭૪–૦૦ સિકયુરીટી ડિપોઝીટ ઓછી કાપવા બદલ જવાબદારોથી સ્પષ્ટતા થવી ઘટે. તેમજ સિકયુરીટી

:



ડિપોઝીટના ૮% લેખે રૂ.૫૩૦૦–૦૦ ના સ્ટેમ્પ પેપર ઉપર કરાર કરવો જોઈએ. જેની સામે યુનિવર્સિટી ધ્વારા ફક્ત રૂ.૫૦–૦૦ ના સ્ટેમ્પ પેપર ઉપર કરારખત કરેલ છે. આમ, રૂ.૫૨૫૦–૦૦ નું સરકારશ્રીને નુકશાન થવા પામેલ છે. જે વસુલ મેળવી વસુલાતની આધારસહ ઓડિટે ખાત્રી કરાવવી ઘટે.

સને ૨૦૦૫–૦૬ ના વર્ષ દરમ્યાન નીચેની વિગતે ટોપ સિકયુરીટી સર્વિસીઝ લી. અમદાવાદને ચૂકવણું કરવામાં આવેલ હતું.

| અ.નં. | વા.નં. | તારીખ | રકમ | ચેક નંબર |
|---|---|---|---|---|
| ૧ | ૧૭૦ | ૮–૪–૦૫ | ૩૩૨૫૧૯–૦૦ | ૫૨૫૬૨૩ |
| ૨ | ૧૨૪૮ | ૧૩–૬–૦૫ | ૩૩૧૫૫૪–૦૦ | ૫૨૮૩૫૩ |
| ૩ | ૬૮૪ | ૯–૫–૦૫ | ૩૨૬૦૧૨–૦૦ | ૫૨૬૫૫૩ |
| ૪ | ૧૭૮૦ | ૧૧–૭–૦૫ | ૨૪૩૦૪૧–૦૦ | ૫૩૦૩૧૩ |
| ૫ | ૨૬૭૭ | ૯–૮–૦૫ | ૩૨૩૫૨૬–૦૦ | ૫૩૦૮૫૭ |
| ૬ | ૩૧૬૯ | ૧૩–૯–૦૫ | ૩૨૦૫૬૬–૦૦ | ૫૩૨૫૫૮ |
| ૭ | ૩૮૪૩ | ૧૫–૧૦–૦૫ | ૩૦૨૫૦૬–૦૦ | ૫૩૬૩૦૩ |
| ૮ | ૪૫૪૦ | ૨૧–૧૧–૦૫ | ૨૫૦૨૬૯–૦૦ | ૫૩૮૦૩૬ |
| ૯ | ૫૧૬૮ | ૧૪–૧૨–૦૫ | ૨૬૬૭૭૬–૦૦ | ૫૩૮૬૪૬ |
| ૧૦ | ૫૭૯૨ | ૭–૧–૦૬ | ૨૫૪૦૯૪–૦૦ | ૫૪૧૫૭૯ |
| ૧૧ | ૬૫૨૩ | ૧૩–૨–૦૬ | ૩૧૮૧૦૯–૦૦ | ૫૪૨૫૩૬ |
| ૧૨ | ૭૧૬૦ | ૧૪–૩–૦૬ | ૧૮૮૬૭૪–૦૦ | ૫૪૫૩૧૯ |
| | | કુલ | ૩૪૫૭૬૩૭–૦૦ | |

ઉક્ત કરેલ ખર્ચ સંબંધે કુલ કેટલાં સિકયુરીટી ગાર્ડની કઈ કઈ જગ્યાએ સેવાઓ લેવામાં આવેલ હતી. તેની રેકર્ડ આધારિત ખાત્રી કરાવવી ઘટે.

પ્રા.વાં.નં.૧૧૮ નો સંસ્થાએ જવાબ આપેલ નથી.

વાંધા હેઠળ રૂ.૩૪૫૭૬૩૭–૦૦

<u>વસુલાતપાત્ર</u>

સદર ૮૪૪૩ ડિપોઝીટ રૂ.૫૬૧૭૪–૦૦

સદર ૦૦૩૦ સ્ટેમ્પ ૫૨૫૦–૦૦

૬૧૪૨૪–૦૦

વસુલાત ૬૩૯૬૦–૦૦

૧૨૫૩૮૪–૦૦

**ફકરા નંબર : ૧૯**

યુવક સેવા અને સાંસ્કૃતિક કાર્યક્રમ માટે ફી પેટે મળેલ આવક અને તેના ખર્ચ પેટે જણાયેલ અનિયમિતતા અંગે

---

ગુજરાત યુનિવર્સિટી અમદાવાદના સને ૨૦૦૫–૦૬ ના અન્વેષણ દરમ્યાન રજુ થયેલ દફતરની ચકાસણી કરતાં એકાઉન્ટ કોડ ૭૮૦૨૦૩૨ સદરે યુવક સેવા અને સાંસ્કૃતિક કાર્યક્રમો હેઠળ વર્ષ દરમ્યાન થયેલ આવક અને ખર્ચની વિગતો નીચે પ્રમાણે જોવા મળેલ હતી.

| | | |
|---|---|---|
| તા.૧–૪–૨૦૦૫ ની ઉઘડતી સિલક | રૂા. | ૮૨૪૧૨૧૭–૯૨ |
| સને ૨૦૦૫–૦૬ ના વર્ષ દરમ્યાન આવક | રૂા. | ૧૨૯૬૯૪૩–૦૦ |
| કુલ | રૂા. | ૯૫૩૮૧૬૦–૯૨ |
| સને ૨૦૦૫–૦૬ ના વર્ષ દરમ્યાન ખર્ચ | રૂા. | ૧૪૧૪૦૭૧–૫૦ |
| | રૂા. | ૮૧૨૪૦૮૯–૪૨ |

એકઝીક્યુટીવ કાઉન્સીલની તા.૨૩–૫–૯૯ બાબત–૧૭ ઓર્ડિનન્સ–૧૫૦ સી માં કરવામાં આવેલ સુધારા યોજવા જરૂરી ખર્ચને પહોંચી વળવા માટે સંલગ્ન કોલેજોના વિદ્યાર્થીદીઠ એક સત્રના રૂા.૧૦–૦૦ લેખે વસુલાત મેળવી હિસાબમાં જમા લઈ જે તે પ્રવૃત્તિઓ અંગે ખર્ચ કરવાનો રહે છે.

હિસાબો ચકાસતાં જણાયેલ હતું કે મળેલ કુલ આવકના સંદર્ભે સાંસ્કૃતિક કાર્યક્રમો પાછળ કરેલ ખર્ચ ખુબ જ ઓછો રહેવાને કારણે પ્રતિ વર્ષ બચતમાં વધારો થયેલ હોવાનું જણાય છે. જેથી વર્ષના અંતે વણવપરાયેલ રકમો સિલકમાં જોવા મળેલ હતી. આમ, જે હેતુ માટે આવક મેળવવામાં આવે છે તે હેતુ માટે ખર્ચ નહી કરવા બાબતે જવાબદારોથી સ્પષ્ટતા થવી ઘટે.

ઓર્ડિનન્સ મુજબ સત્ર દીઠ રૂા.૧૦–૦૦ લેખે બે સત્રન રૂા.૨૦–૦૦ પ્રમાણે ૨૦૪૦૧૭ નોંધાયેલ વિદ્યાર્થીઓ મુજબ રૂા.૪૦૮૦૩૪૦–૦૦ સંલગ્ન કોલેજો તરફથી મળવા જોઈએ. જેની સામે ફકત રૂા.૧૨૯૬૯૪૩ -૦૦ ની રકમ જમા થયેલ છે. તે જોતાં રૂા.૨૭૮૩૩૯૭–૦૦ ની

ફીની રકમ સંલગ્ન કોલેજો પાસેથી વસુલ કરવાની બાકી રહેલ છે. જે અંગે કોલેજવાર નોંધાયેલા વિદ્યાર્થીઓની સંખ્યા દર્શાવી જે તે કોલેજ પાસેથી કેટલી રકમ લેણી થાય છે. અને તે પૈકી કેટલી રકમ વસુલ થયેલ છે. તેમજ કઈ કઈ કોલેજોના કેટલાં વિદ્યાર્થીઓની ફીની રકમ યુનિવર્સિટી ખાતે જમા કરાવવાની બાકીમાં રહે છે. તેનું વિગતવાર પત્રક તૈયાર કરી સત્વરે વસુલાત કરી ઓડિટે ખાત્રી કરાવવી ઘટે.

પ્ર.વાં.નં.૯૯ નો સંસ્થાએ જવાબ આપેલ નથી.

વસુલાતપાત્ર રકમ રૂા.૨૭૮૩૩૯૭—૦૦

**ફકરા નંબર : ૨૦**

એન.એસ.એસ.ના પ્રોગ્રામના ખર્ચ બાબત

ગુજરાત યુનિવર્સિટી અમદાવાદના સને ૨૦૦૫–૦૬ ના અન્વેષણ દરમ્યાન સંસ્થાએ રજુ કરેલ હિસાબી રેકર્ડની ચકાસણી કરતાં વૌચર નં.૪૪૭ તા. ૩૦–૪–૨૦૦૫ હિસાબી સદર : ૯૩૧૦૦૦૧ થી એન.એસ.એસ. કોલેજ એડવાન્સથી રૂા.૪૬૨૦૮–૦૦ નો ખર્ચ એન.એસ.એસ. પ્રોગ્રામ હેઠળ કરેલ છે.

વાઉચર સાથે સામેલ રાખેલ પ્રોગ્રામ કોર્ડીનેટર એન.એસ.એસ.ના તા.૩૧–૩–૦૫ ના પત્ર નં.૯૫૧૭ થી દેસાઈ સી.એમ. આર્ટસ – કોમર્સ કોલેજ, વિરમગામને એન.એસ.એસ.ના પ્રોગ્રામ ઓફિસરની જવાબદારી સોંપેલ. આ પ્રોગ્રામ માટે આ સંસ્થાના ચેક નં.૫૦૬૦૪૨ તા.૨૬–૭–૦૪ થી રૂા.૫૮૦૦૦–૦૦ એડવાન્સ પેટે આપવામાં આવેલ.

આ પેશગીના હિસાબો દેસાઈ ચંદુલાલ મણીલાલ આર્ટસ એન્ડ કોમર્સ કોલેજ, વિરમગામના જાવક નંબર : ૩૮૭/ ૨૦૦૪–૦૫ તા.૩૧–૩–૦૫ થી જણાયેલ છે. જેમાં રૂા.૪૬૨૦૮–૦૦ નો ખર્ચ દર્શાવતું પત્રક છે. જેની વિગતો જોઈએ તો

| અ.નં. | વિગત | | રકમ | |
|---|---|---|---|---|
| ૧. | ઝેરોક્ષ ખર્ચ ખાતે | રૂા. | ૧૮૨–૨૦ | પૈસા |
| ૨. | બેનર ખર્ચ ખાતે | રૂા. | ૪૦૦–૦૦ | પૈસા |
| ૩. | સ્ટેશનરી ખર્ચ | રૂા. | ૨૫૩૯–૫૦ | પૈસા |
| ૪. | સેમીનાર કીટ ખર્ચ | રૂા. | ૧૬૮૪૦–૦૦ | પૈસા |
| ૫. | આયોજન ખર્ચ | રૂા. | ૩૯૬૩–૦૦ | પૈસા |
| ૬. | મુસાફરી ખર્ચ ખાતે | રૂા. | ૬૯૩૯–૭૬ | પૈસા |
| ૭. | પરચૂરણ ખર્ચ ખાતે | રૂા. | ૨૪૪૦–૦૦ | પૈસા |
| ૮. | ભોજન–નિવાસ ખર્ચ | રૂા. | ૧૨૩૫૩–૦૦ | પૈસા |
| ૯. | ઓડિટ ખર્ચ | રૂા. | ૫૫૧–૦૦ | પૈસા |
| | | રૂા. | ૪૬૨૦૮–૪૬ | પૈસા |
| ૧૦. | વધેલ રકમ યુનિ.ને રોકડ જમા<br>વા.નં.૪૩ તા.૩૧–૩–૦૫<br>પહોંચ નં.૭૩૩ તા.૩૧–૩–૦૫ | રૂા. | ૧૧૭૯૧–૫૪ | પૈસા |
| | કુલ | રૂા. | ૫૮૦૦૦–૦૦ | પૈસા |

ઉપરની વિગતે બીલ સરભર હિસાબ રજુ કરેલ છે. આ એન.એસ.એસ. પ્રોગ્રામ ઓફિસર્સ સેમીનારમાં કરવામાં આવેલા ખર્ચના બીલો જે તે કોલેજમાં રાખવામાં આવેલ છે. જે યોગ્ય નથી. સદર બીલો તાત્કાલિક ઓડિટે રજુ થવા ઘટે. સદર બીલો રજુ ન થાય ત્યાં સુધી આ ખર્ચ રકમ રૂા.૪૯૨૦૮—૦૦ વાંધા હેઠળ રાખવામાં આવે છે.

પ્રા.વાં.નં.૧૦૩ નો સંસ્થાએ આપેલ જવાબ ગ્રાહય રાખી શકાય તેમ નથી.

વાંધા હેઠળ રકમ રૂા.૪૯૨૦૮—૦૦

**ફકરા નંબર : ૨૧**

ગુજરાત યુનિવર્સિટીની માલિકીની મિલકતો ભાડે આપવા તેમજ તેનું ભાડું વસુલ કરવા બાબત

---

ગુજરાત યુનિવર્સિટી અમદાવાદના સને ૨૦૦૫–૦૬ ના વર્ષના અન્વેષણ દરમ્યાન એસ્ટેટ વિભાગ ધ્વારા યુનિવર્સિટીની મિલકતો જે ભાડે આપવામાં આવેલ છે. તેની ફાઈલો રજુ કરેલ છે. જેની ચકાસણી કરતાં નીચે પ્રમાણે ઓડિટ નોંધ આપવામાં આવે છે.

(૧) ગુજરાત યુનિવર્સિટીના હસ્તકની શોપીંગ સેન્ટરની કુલ–૬ (છ) દુકાનો છે. જે પૈકી રજુ થયેલ રેકર્ડની ચકાસણી કરતાં દુકાન નં.૬ ની ફાઈલ ઓડિટ સમક્ષ રજુ થયેલ નથી.

સદર ભાડે આપેલ દુકાનોની ફાઈલોની ચકાસણી કરતાં દુકાન નં.૧ ઘંટી (પી.આર.એલ. ઘંટી) : ભાડુઆત : શ્રી મિશ્રીલાલને ભાડું ભરવા બાબતે ગુજરાત યુનિવર્સિટી – અમદાવાદે પત્ર નં. એસ્ટેટ/ દુકાન/ તા.૩૧–૭–૨૦૦૭ થી જાણ કરતાં માસિક રૂા.૧૨૦૦–૦૦ લેખે તા.૧–૧–૦૫ થી ૩૧–૧૨–૦૫ સુધીના કુલ રૂા.૧૪૪૦૦–૦૦ પહોંચ નં.૧૪૯૭ તા.૧૮–૧૨–૦૭ થી ભરેલ છે. તા.૧–૧–૦૬ થી ૩૧–૧૨–૦૬ સુધીના ૧૨ માસના રૂા.૧૨૦૦ × ૧૨ = રૂા.૧૪૪૦૦–૦૦ પહોંચ નં.૧૯૩૨ તા.૧૦–૧૨–૦૮ થી ભરેલ છે.

ભાડું દર માસે વસુલવાને બદલે બાર – બાર મહિનાનું એક સાથે ભરેલ છે. આટલા બધા વિલંબ બદલ સ્પષ્ટતા કરવી.

(૨) દુકાન નં.૨ ધોબીની દુકાન : ભાડુઆત : શ્રી ગોરધનભાઈ જીવાભાઈ ધોબી પાસેથી માસિક રૂા.૧૨૦૦–૦૦ લેખે ૧૨ માસના રૂા.૧૪૪૦૦–૦૦ ની વસુલાત કરવાની થાય. જે પૈકી પહોંચ નં.૧૮૬૩ તા.૨૪–૪–૦૬ રૂા.૯૬૩૦–૦૦ ભાડું ભરેલ છે. ભાડાની બાકી નીકળતી રકમ રૂા.૪૭૭૦–૦૦ ભર્યા અંગેના કોઈ આધારો રજુ થયેલ નથી. રસીદ રજુ ન થવાને કારણે ખરાઈ થઈ શકેલ નથી. તો સદરહું સમયગાળાનું ભાડું વસુલ કરવામાં આવેલ છે કે કેમ? તે અંગેની આધારસહ ઓડિટને ખાત્રી કરાવવી ઘટે.

(૩) દુકાન નં.૩ દરજીની દુકાન ભાડુઆત : શ્રી અશોકભાઈ બાબુભાઈ દરજી મજકુરના કિસ્સામાં પહોંચ નં.૧૪૯૦ તા.૧૮–૧૦–૦૭ થી રૂા.૧૨૦૦ × ૧૨ માસ = રૂા.૧૪૪૦૦–૦૦ માહે :– ૧–૦૬ થી ૧૨–૦૬ નું ભાડું ભરેલ છે. જેમાં ઓડિટ વર્ષના ૩ (ત્રણ) માસનો જ સમાવેશ થાય છે. અગાઉના માહે:– ૪–૦૫ થી ૧૨–૦૫ ના રૂા.૧૨૦૦ × ૯ માસ = રૂા.૧૦૮૦૦–૦૦ ના ભાડા ભર્યાની પહોંચ ફાઈલે જણાતી

નથી. તો સદરહું સમયગાળાનું ભાડું વસુલ કરવામાં આવેલ છે કે કેમ? તેની આધારસહ ઓડિટને ખાત્રી કરાવવી ઘટે.

(૪) દુકાન નં.૪ સપનીલ ટ્રેડીગ (દૂધની દુકાન) ભાડુઆતઃ શ્રી રમણભાઈ ડાહયાભાઈ પટેલના કિસ્સામાં માહેઃ– એપ્રિલ ૦૫ થી માર્ચ ૦૬ ના રૂા.૧૨૦૦ × ૧૨ માસ = રૂા.૧૪૪૦૦–૦૦ ભાડા પેટે પહોંચ નં.૧૧૩૦ તા.૩૧–૩–૦૬ થી ભરેલ છે. અસલ પહોંચ ફાઈલે સામેલ રાખેલ નથી. ઝેરોક્ષ નકલ રાખેલ છે. અસલ પહોંચ મેળવી ઓડિટે રજુ કરવી ઘટે.

(૫) દુકાન નં.૫ પી.આર.એલ. કન્ઝયુમર સ્ટોર્સના કિસ્સામાં માહેઃ– એપ્રિલ ૦૫ થી સપ્ટે.૦૫ માસિક ભાડું રૂા.૧૨૦૦ લેખે × ૬ માસના = રૂા.૭૨૦૦–૦૦ પહોંચ નં.૩૨૬૩ તા.૨૧–૯–૦૫ થી ભરેલ છે. જયારે માહેઃ– ઓકટો. ૦૫ થી માર્ચ ૦૬ એમ છ માસના રૂા.૧૨૦૦ × ૬ = રૂા. ૭૨૦૦–૦૦ પહોંચ નં.૪૧૧૪ તા.૧૦–૧૦–૦૫ થી ભરેલ છે.

ભાડું દર મહિને ભરવાને બદલે ૬ (છ) મહિને ભરવા બદલ સ્પષ્ટતા કરવી.

(૬) સંસ્થા ધ્વારા ઓડિટ વર્ષ ૨૦૦૫–૦૬ દરમ્યાન પોતાની માલિકીની મિલકત સ્ટેટ બેંક ઓફ ઈન્ડિયાને ભાડે આપેલ છે. ભાડાના દર , વસુલાત, અન્ય શરતો અંગેની કરાર ફાઈલ જણાયેલ નથી.

માસિક ભાડાની પહોંચો જે રજુ થયેલ છે તેમાં માહે : ઓકટો.૦૫, નવે.૦૫, જાન્યુ.૦૬ની ભાડાની રકમ રૂા.૪૦૦૦૦–૦૦ દર માસની પહોંચો ઓડિટે રજુ થયેલ નથી. તે તાત્કાલિક ભાડાની કરાર ફાઈલ સાથે રજુ કરવી ઘટે.

(૭) સંસ્થાએ પોસ્ટ ઓફિસને મકાન ભાડે આપેલ છે. તેની કરાર ફાઈલ ઓડિટે રજુ થયેલ નથી. ઘણા લાંબા સમયથી માત્ર નજીવી કિંમત ભાડું રૂા.૭૫–૦૦ લેખે માસિક ગણેલ છે. આમ, નજીવા દરે મકાન ભાડે આપવાને કારણે સંસ્થાને આર્થિક નુકશાન થયાનું જણાય છે. જેથી તેમાં સુધારો કરી નવેસરથી ભાડું નકકી દર, કરાર કરી ઓડિટે ખાત્રી કરાવવી ઘટે.

(૮) સંસ્થા ધ્વારા ઈન્ફલીબમેન્ટને મકાન આપેલ છે. જેની કરાર ફાઈલ ઓડિટે રજુ થયેલ નથી. સંસ્થા ધ્વારા નીચેની વિગતે ભાડું ભર્યાનું જણાય છે.

| | | | | | | |
|---|---|---|---|---|---|---|
| માહેઃ– | ૪/૦૫ થી ૬/૦૫ | પહોંચ નં. | ૧૮૬૮ | તા.૮–૮–૦૫ | રૂા. | ૨૫૭૫૦૦/– |
| માહેઃ– | ૭/૦૫ થી ૯/૦૫ | પહોંચ નં. | ૪૧૮૧ | તા.૮–૧૦–૦૫ | રૂા. | ૨૫૭૫૦૦/– |
| માહેઃ– | ૧૦/૦૫ થી ૧૨/૦૫ | પહોંચ નં. | ૨૧૯૫ | તા.૧૭–૧–૦૬ | રૂા. | ૨૫૭૫૦૦/– |
| માહેઃ– | ૧/૦૬ થી ૩/૦૬ | પહોંચ નં. | ૧૩૦૮ | તા.૪–૪–૦૬ | રૂા. | ૨૫૭૫૦૦/– |

વિગતોની ચકાસણી કરતાં દર ત્રણ માસે ભાડું ભરવામાં આવેલ છે. દર માસે ભાડું કેમ વસુલી લેવામાં આવતું નથી. જે અંગે સ્પષ્ટતા થવી ઘટે.

બેન્ક, પોસ્ટ ઓફિસ તેમજ ઈનફલીબમેન્ટને ભાડે આપેલ મકાનોની જરૂરી વિગતોવાળી ફાઈલ, કરાર ફાઈલ, મંજુરી અંગેના આદેશો સહિતનું સંપૂર્ણ દફતર ઓડિટમાં રજુ થવું ઘટે.

પ્રા.વાં.નં.૯૪ નો સંસ્થાએ જવાબ કરેલ નથી.

વસુલાતપાત્ર રકમ રૂા.૧૩૫૫૭૦/–
વાંધા હેઠળ રકમ રૂા.૧૪૪૦૦/–

**ફકરા નંબર : ૨૨**

ટેક્ષી/ કારના ઈજારદારને ચૂકવેલ એડવાન્સ સરભર નહી થવા બાબત

ગુજરાત યુનિવર્સિટી અમદાવાદના સને ૨૦૦૫–૦૬ ના અન્વેષણ દરમ્યાન સંસ્થાએ રજુ કરેલ રેકર્ડ ઉપરથી સંસ્થાએ યુનિવર્સિટીની પરીક્ષાઓ દરમ્યાન પેટ્રોલ તથા ડીઝલ ટેક્ષીઓ ભાડેથી રાખવા માટે ઉષાબેન પી. પુરોહિતને ટેન્ડર પ્રક્રિયા કર્યા સિવાય અગાઉના વર્ષમાં આપવામાં આવેલ કોન્ટ્રાકટ રીન્યુ કરવામાં આવેલ છે. આમ, ટેન્ડર પ્રક્રિયા કર્યા સિવાય કોન્ટ્રાકટ રીન્યુ કરવા બાબતે આધારસહ સ્પષ્ટતા કરવી તેમજ જવાબદારેથી જવાબદારી નકકી કરી ઓડિટને આધારિત ખાત્રી કરાવવી ઘટે. ત્યાં સુધી આ ખર્ચની રકમ રૂા.૩૯૦૨૫૬૧–૦૦ વાંધા હેઠળ રાખવામાં આવે છે. તેમજ સદર કામે આપેલ એડવાન્સની વિગત નીચે પ્રમાણે હતી.

| અ.નં. | વિગત | આપેલ એડવાન્સની રકમ | રિમાર્કસ |
|---|---|---|---|
| ૧ | અગાઉના વર્ષનું સરભર કરવાનું બાકી એડવાન્સ | ૨૭૫૧૮૪૦–૦૦ | |
| ૨ | અન્વેષણ વર્ષ દરમયાન આપેલ એડવાન્સ | ૨૨૮૫૧૬૧–૦૦ | |
| ૩ | કુલ એડવાન્સ | ૫૦૩૭૦૦૧–૦૦ | |
| ૪ | અન્વેષણ વર્ષ દરમયાન સરભર થયેલ એડવાન્સ | ૩૯૦૨૫૬૧–૦૦ | |
| ૫ | અન્વેષણ વર્ષાન્તે સરભર કરવાનું બાકી એડવાન્સ | ૧૧૩૪૪૪૦–૦૦ | |

ઉપરોક્ત બાબતે નીચે મુજબ ઓડિટ નોંધ આપવામાં આવે છે.

(૧) ઉપરોક્ત વિગતો જોતાં ઉષાબેન પી. પુરોહિતની અન્વેષણ વર્ષ અગાઉની રૂા.૨૭૫૧૮૪૦–૦૦ ની એડવાન્સની રકમ સરભર કરવાની બાકીમાં હોવા છતાં અન્વેષણ વર્ષ દરમ્યાન રૂા.૨૨૮૫૧૬૧–૦૦ જેટલી માતબર રકમ એડવાન્સ પેટે આપવામાં આવેલ હતી. આમ, અન્વેષણ દરમ્યાન કુલ એડવાન્સની રકમ રૂા.૫૦૩૭૦૦૧–૦૦ ની સામે રૂા.૩૯૦૨૫૬૧–૦૦ ની રકમના બીલો રજુ કરી સરભર કરવામાં આવેલ હતી. અને અન્વેષણના અંતે રૂા.૧૧૩૪૪૪૦–૦૦ ની માતબર રકમની એડવાન્સ રકમ સરભર કરવાની બાકીમાં રહેવા પામેલ હતી. જે

બાબતે જવાબદારોથી સ્પષ્ટતા સહ સત્વરે રકમ સરભર કરી હિસાબમેળ કરી ઓડિટે ખાત્રી કરાવવી ઘટે.

સંસ્થાએ આવા એડવાન્સ રૂપે થયેલ ચૂકવણાંના હિસાબો માટે એડવાન્સ રજિસ્ટર નિભાવવાનું હોય છે. જેના ઉપરથી કોને, ક્યારે, કેટલી રકમ એડવાન્સ પેટે આપવામાં આવેલ હતી. તેમજ તે પૈકી કેટલી રકમોના વિગતવાર હિસાબો રજુ કરી સરભર કરવામાં આવેલ હતા અને કેટલી રકમના હિસાબો સરભર કરવાના બાકીમાં રહેતા હતા તેની માહિતી મેળવી શકાય. તેમજ તે આધારે આગળની કાર્યવાહી કરી શકાય. એડવાન્સ રજિસ્ટરમાં અગાઉના વર્ષની જે એડવાન્સની વિગતવાર હિસાબ રજુ થવા/ વસુલાત થવાની બાકી હોય તેવી દરેક આઈટમને નવા વર્ષના રજિસ્ટરમાં આગળ ખેંચવાની રહે છે. અને વર્ષ દરમ્યાન આપેલ એડવાન્સ અને વસુલાત/ સરભર એડવાન્સના હિસાબોની ધોરણસરની ખાત્રી થઈ શકે. તો આવા એડવાન્સના હિસાબો સરભર નહી કરવા અંગે જવાબદારશ્રીથી સ્પષ્ટતા કરી એડવાન્સ રજિસ્ટર અદ્યતન રીતે નિભાવી વર્ષ દરમ્યાન આપેલ એડવાન્સ તેમજ સરભર થયેલ એડવાન્સના વાઉચર નંબર, તારીખ તથા રકમની વિગત સહિતની નોંધો કરી વર્ષના અંતે તારીજ કાઢી, હિસાબમેળ કરી ઓડિટને ખાત્રી કરાવવી ઘટે.

(૨) અન્વેષણ દરમ્યાન ધ્યાને આવેલ છે કે આવી મહત્વની નાણાંકીય બાબત પ્રત્યે નિષ્ક્રિયતા તેમજ નિષ્કાળજી સેવાયેલ છે. સંસ્થા ધ્વારા ચૂકવાયેલ એડવાન્સના રજુ થયેલ રેકર્ડ સાથે ચકાસણી કરતાં તા.૩૧--૩--૦૬ ના અંતે રૂા.૧૧૩૪૪૪૦--૦૦ ની આપેલ એડવાન્સના વિગતવાર હિસાબો રજુ થયેલ ન હતા અથવા નાણાંની પરત વસુલાત થયેલ ન હતી. આ નાણાં અગાઉના વર્ષ દરમ્યાન જુદી જુદી તારીખે એડવાન્સ (ઉચ્ચક) રૂપે ચૂકવાયેલ હતાં. જેને ઘણો લાંબો સમય વીતી જવા છતાં વિગતવાર હિસાબોના અભાવે સરભર થયેલ ન હતું. આમ, અન્વેષણ વર્ષ અગાઉનું ચૂકવેલ એડવાન્સ સરભર કરવાની કાળજી લેવામાં આવેલ ન હતી. તેમજ એડવાન્સ મેળવનારાઓની અનુચિત તરફેણ કરીને આપેલ નાણાંના વિગતવાર હિસાબ અથવા પરત વસુલાત માટે દાખવવી જોઈએ તેટલી તકેદારી સંસ્થાએ દાખવેલ ન હતી. જેને કારણે ૧૧૩૪૪૪૦--૦૦ ના હિસાબો સરભર કરેલ ન હતાં.

(૩) સરકારશ્રીના નાણાંકીય નિયમો ૧૯૭૧ ના નિયમ--૧૮૬ મુજબ જે તે હેતુ માટે મંજુર કરવામાં આવેલ એડવાન્સ તે હેતુ પુરો થયેથી મોડામાં મોડા ત્રણ માસની અંદર સરભર

કરવાનું ઠરાવેલ છે. પરંતુ સરકારશ્રીના ઉક્ત નિયમોની ઉપેક્ષા કરવામાં આવેલ છે. તેમજ આ બાબતે યુનિવર્સિટીના ઓર્ડિનન્સ અને રેગ્યુલેશનમાં સ્ટેચ્યુટ નક્કી થયેલ હોય તો તેની વિગતો પુરી પાડવી રહે. વધુમાં આટલી મોટી માતબર રકમ એડવાન્સ રૂપે લેજરોમાં બાકી ખેંચવામાં આવેલ હતી. અને આ રીતે એડવાન્સના મહત્વના નાણાંકીય હિસાબોની જે પરિસ્થિતિ છે. તેમાં નાણાંકીય ગેરરીતિ/ ઉચાપતનો અવકાશ રહેલ છે. આ અંગેની ગંભીરતા સમયસર લક્ષમાં લઈને સમયસર યોગ્ય તપાસ થાય તો સાચી હકીકતો ધ્યાનમાં આવી શકે. આ સ્થિતિ સુધારવાનો સક્રિય પગલાં સમયસર ભરવાની જરૂરી છે. એવું ઓડિટનું સૂચન છે કે આવા એડવાન્સના હિસાબ બાબતે શિથિલતા સેવાયેલ છે. તેમજ તે બાબતે કોઈ પગલાં લેવાયાનું માલુમ પડેલ નથી. જે બાબતે જવાબદારોથી સ્પષ્ટતા થવી ઘટે.

(૪) વા.નં.૫૨૯૦ તા.૨૦–૧૨–૦૫ થી રૂા.૧૪૫૭–૦૦ ની રકમ ફાઈનલ બીલમાંથી આવકવેરા પેટે કપાત કરેલ હતી. જે સરકારશ્રીમાં ક્યારે જમા કરાવેલ હતી તેની રેકર્ડ આધારિત ખાત્રી કરાવવી ઘટે.

પ્રા.વં.નં.૯૨ નો સંસ્થાએ જવાબ આપેલ નથી.

વાંધા હેઠળ રકમ ૩૯૦૨૫૬૧–૦૦

**ફકરા નંબર : ૨૩**

**પ્રકાશનને લગતા જુદા જુદા ફોર્મ્સ, વર્કબુક, હેન્ડબુક, પુસ્તકો, પ્રશ્નપત્રો, મતદારયાદી વગેરેના સ્ટોક રજિસ્ટરમાં જણાયેલી અનિયમિતતા બાબત**

---

ગુજરાત યુનિવર્સિટી અમદાવાદના સને ૨૦૦૫–૦૬ ના વર્ષના હિસાબોના અન્વેષણ દરમ્યાન પ્રકાશન વિભાગની આવક અને તેના સ્ટોક રજિસ્ટરની ચકાસણી કરતાં તમામ પ્રકારના ફોર્મ્સ, હેન્ડબુક, વર્કબુક, પુસ્તકો, પ્રશ્નપત્રો, મતદારયાદીઓ, પુસ્તકો વિગેરે અંગેના સ્ટોક બાબતે નીચે જણવ્યા પ્રમાણેની અનિયમિતતાઓ ધ્યાને આવેલ હતી.

(૧) રાખવામાં આવેલ સ્ટોક રજિસ્ટરોમાં સહી સિકકા કરવામાં આવેલ નથી. આવા અગત્યના દફતરને કચેરીના સહી સિકકા વીના ઉપયોગમાં લેવા બદલ સ્પષ્ટતા થવી ઘટે. અને તમામ રજિસ્ટરોમાં કચેરીના સહી સિકકા કરાવી સિકકા રજિસ્ટરે ચઢાવી ઓડિટે ખાત્રી કરાવવી ઘટે.

(૨) સ્ટોક રજિસ્ટરમાં દરેક પ્રકારના સ્ટોકની ઉઘડતી સિલક, કુલ આવક, જાવક કે વેચાણ અને બંધસિલકની નોંધ પેન્સિલથી દર્શાવેલ છે. જે ઓડિટે માન્ય રાખી શકાય નહી. સ્ટોકની ઉઘડતી સિલકની ખરાઈ માટે અગાઉના વર્ષનું એટલે કે સને ૨૦૦૪–૦૫ નું સ્ટોક રજિસ્ટર રજુ નહી થવાને કારણે રેકર્ડ આધારિત ખાત્રી થઈ શકેલ નથી. તો આવું રજિસ્ટર ઓડિટે રજુ કરવું ઘટે.

(૩) સ્ટોક રજિસ્ટરમાં દરેક પ્રકાશનની કિંમત રજિસ્ટરના મથાળે દર્શાવવામાં આવેલ છે. પરંતુખરીદેલ સ્ટોકની કિંમત કેટલી થવા પામે છે તેનો ઉલ્લેખ કરવામાં આવતો નથી. એ માસના અંતે કિંમતના રૂપમાં પણ જથ્થાની ખરીદી, વેચાણ અને આખરનો સ્ટોક દર્શાવવામાં આવતો ન હોઈ સ્ટોક આવક – જાવક – બચતની ખાત્રી થઈ શકેલ નથી. તો પૂર્તતા સહ ખાત્રી કરાવવી ઘટે.

(૪) સ્ટોક રજિસ્ટરમાં માસના અંતે તેમજ વર્ષાન્તે તારીજ તૈયાર કરવામાં આવેલ નથી. તેમજ અધિકૃત અધિકારીશ્રી ધ્વારા પ્રમાણિત કરવાની રહે છે. જેનો અમલ કરવામાં આવતો નથી. તેમજ નિયમોનુસાર સ્ટોકની વાર્ષિક ખરાઈ સક્ષમ અધિકારીશ્રી ધ્વારા થવી જોઈએ જે થયેલ નથી. અને આવો સ્ટોક બરાબર હોવા અંગેનું પ્રમાણપત્ર સ્ટોક રજિસ્ટરમાં આપવાનું હોય છે તે આપવામાં આવેલ નથી. તો આ બાબતે જવાબદારેથી

સ્પષ્ટતા મેળવી નિયમોનુસાર વર્ષાન્તે સુપરવીઝન કરી જરૂરી ચકાસણી કરી પ્રમાણપત્ર આપવાની પ્રથા ચાલુ કરવા ઓડિટનું સૂચન છે.

ઉપરોક્ત વાંધા નં.૧ થી ૫ ની પૂર્તતા કરી ઓડિટને આધારિત ખાત્રી કરાવવામાં ન આવે ત્યાં સુધી વર્ષ દરમ્યાન ખરીદ કરેલ પુસ્તકોના ખર્ચની રકમ રૂા.૭૨૦૪૯૮—૦૦ વાંધા હેઠળ રાખવામાં આવે છે.

પ્રા.વાં.નં.૬૧ નો સંસ્થાએ જવાબ આપેલ નથી.

વાંધા હેઠળ રકમ રૂા.૭૨૦૪૯૮—૦૦

**ફકરા નંબર : ૨૪**

ગુજરાત યુનિવર્સિટીના ગ્રંથાલય માટેના પુસ્તકોની સાચવણી અને નિભાવણી માટે જરૂરી વ્યવસ્થા બાબત

---

ગુજરાત યુનિવર્સિટી અમદાવાદન સને ૨૦૦૫-૦૬ ના વાર્ષિક હિસાબોમાં કાયમી મિલકતોમાં યુનિવર્સિટી ખાતે પુસ્તક ફંડની ઉઘડતી સિલક રૂા.૬૧૧૮૫૧૫-૮૬ પૈસા હતી. તેમાં વર્ષ દરમ્યાન નવા પુસ્તકોની ખરીદી રૂા.૭૦૩૮૫૨-૮૦ ની કરતાં કુલ મળી રૂા.૬૮૨૨૩૬૭-૮૬ પૈસાના પુસ્તકો હતાં. જેમાંથી ઘસારો રકમ રૂા.૯૧૭૭૭૭-૦૦ બાદ કરતાં કુલ રકમ રૂા.૫૯૦૪૫૯૦-૮૬ પૈસાની બંધસિલક દર્શાવવામાં આવેલ છે.

યુનિવર્સિટીના ગ્રંથાલયના સ્ટોક રજિસ્ટરે તા.૩૧-૩-૦૬ ની સ્થિતિએ ૩૩૯૩૧૩ પુસ્તકો હતાં. અન્વેષણ વર્ષ દરમ્યાન ૬૨૪ પુસ્તકો ઉમેરવામાં આવેલ હતાં. તે પૈકી ૪૩૮ પુસ્તકો ખરીદવામાં આવેલ હતાં. અને ૧૮૬ પુસ્તકો ભેટ સ્વરૂપે મળેલ હતાં. આમ, તા.૩૧-૩-૦૬ ના રોજ કુલ ૩૩૯૩૧૩ પુસ્તકો થયેલ હતાં. તે પૈકી કેટલાંક પુસ્તકો જે તે વિભાગને તબદીલ કરવામાં આવેલ હતાં. આમ ગ્રંથાલય ધ્વારા બીજા વિભાગોને એટલે કે કયા વિભાગને કેટલાં પુસ્તકો તબદીલ કરવામાં આવેલ હતાં. તે વિગત તૈયાર કરી અન્વેષણને ખાત્રી કરાવવી ઘટે. વધુમાં ગુમ થયેલ ચોરી કે અન્ય કારણોસર અપ્રાપ્ય પુસ્તકો અંગેની માહિતી જે તે વર્ષમાં એકવાર ચકાસણી ન થવાને કારણે તેમજ ગ્રંથાલય ધ્વારા જે તે ભવનોને તબદીલ કરેલ પુસ્તકોની આવક રજિસ્ટર નહી નિભાવવાને કારણે સાચી પરિસ્થિતિ જાણી શકાયેલ નથી.

યુનિવર્સિટી ખાતે મૂલ્યવાન તથા અલભ્ય પુસ્તકો સાચવવાની યોગ્ય વ્યવસ્થા નહી ગોઠવવાનો અભાવ હોવાનું જણાયેલ છે. આ બાબતે વિગતે પૂર્તતા સહિત સ્પષ્ટતા થવા વિનંતી.

ગુજરાત યુનિવર્સિટીના ગ્રંથાલય માટેના પુસ્તકોની સાચવણી અને નિભાવણી માટે જરૂરી વ્યવસ્થા બાબતે નીચે મુજબની વિગતે પણ પૂર્તતા થવી ઘટે.

(૧) કુદરતી આફતો જેવા કે વાવાઝોડા, ધરતીકંપ, આગ જેવાં સંજોગોમાં નુકશાન સામે વીમા રક્ષણ મેળવવામાં આવેલ હોય તો આધારસહ ખાત્રી કરાવવી ઘટે.

(૨) કેન્દ્રીય લાયબ્રેરી અને વિભાગો તેમજ ભવનો ખાતે ફાળવેલ પુસ્તકો અંગે પેટા સ્ટોક રજિસ્ટરમાં કેન્દ્રીય પુસ્તકાલય ધ્વારા ફાળવેલ પુસ્તક સ્ટોક રજિસ્ટરે ચઢાવી તે વ્યવસ્થિત હોવા અંગેની ચકાસણી સક્ષમ અધિકારીશ્રી ધ્વારા જરૂરી પ્રમાણપત્ર સ્ટોક રજિસ્ટરમાં આપવા અંગે સૂચન છે.

(૩) અન્વેષણ વર્ષ દરમ્યાન કેન્દ્રીય લાયબ્રેરીના હિસાબોની ચકાસણી કરતાં કુલ : ૧૪ પુસ્તકો અલગ અલગ વ્યક્તિઓ ધ્વારા ગુમ થયેલ અથવા ખોવાઈ ગયેલ હોવાનું જણાયેલ હતું. અને સદર ગુમ થયેલ અથવા ખોવાઈ ગયેલા પુસ્તકોના વળતર પેટે સંબંધિત વ્યક્તિઓ પાસેથી કુલ રૂા.૭૮૫૦–૦૦ ની કિંમત વસુલ કરવામાં આવેલ હતી. તેવું લાયબ્રેરીના ઈસ્યુ બુક લોસ રજિસ્ટર ઉપરથી જણાયેલ હતું. આમ, સંસ્થાને ખોવાયેલ પુસ્તકોની યાદી રજુ ન થવાને કારણે કયા કયા પુસ્તકો ગુમ થયેલ હતા અને તે પૈકી અમુક પુસ્તકો ખુબ જ અગત્યના તેમજ અલભ્ય પણ હોઈ શકે. આવા અલભ્ય પુસ્તકોની સામે કિંમતની વસુલાતની અગત્યતા રહેતી નથી. જેથી આવા પ્રસંગો ઉપસ્થિત ન થાય તેવી વ્યવસ્થા ગોઠવવા ઓડિટનું સૂચન છે.

(૪) સ્ટોક રજિસ્ટર ઉપરથી અલગ અલગ વિભાગોને ફાળવેલ પુસ્તકો અંગેની માહિતી સ્પષ્ટ થઈ શકતી નથી. આવા તબદીલ કરેલ પુસ્તકોનું અલગ સ્ટોક રજિસ્ટર નિભાવવામાં આવે તો તેની ચકાસણી તથા જરૂરિયાત સમયે માહિતી સરળતાથી મળી શકે. આવા તબદીલ કરેલ અને રદ કરેલ પુસ્તકો જાણી શકાય.

પ્રા.વાં.નં.૮૦ નો સંસ્થાએ આપેલ જવાબ ગ્રાહય રાખી શકાય તેમ નથી.

**ફકરા નંબર : ૨૫**

એન્ડોઉમેન્ટ ફંડોની લાંબા સમયથી વણવપરાયેલ પડી રહેલ રકમો બાબત

---

ગુજરાત યુનિવર્સિટીના એન્ડોઉમેન્ટ ફંડમાં આપવામાં આવતી દાનની આવક તથા તેના પર વ્યાજની આવકમાંથી મેડલો, ઈનામો, ચંદ્રકો તેજસ્વી વિદ્યાર્થીઓને આપવાના હોય છે. ગુજરાત યુનિવર્સિટી અમદાવાદના સને ૨૦૦૫-૦૬ ના વર્ષના ઓડિટ દરમ્યાન લેજરની ચકાસણી કરતાં આ સાથે સામેલ પરિશિષ્ટ-૮ ની વિગતે રૂ.૧૨૧૨૬૫૦૦-૪૦ ની રકમો વણવપરાયેલ પડી રહેલ છે. સદરહું રકમો ઘણા લાંબા સમયથી વપરાયા વિનાની પડી રહેલ જણાય છે. અને તે રકમો આગળ ખેંચવામાં આવે છે. આમ, જે તે દાતા તરફથી આપવામાં આવેલ દાનની રકમનો ઉપયોગ કરવામાં આવતો નથી. સદરહું રકમનો ઉપયોગ નહીં કરવા બાબતે જરૂરી સ્પષ્ટતા કરી દાનની રકમનો ઉપયોગ થાય તેવા પ્રબંધ કરવા ઓડિટ અનુરોધ છે. જેથી જે તે દાતાએ કરેલ દાનનો હેતુ ફળીભુત થાય.

પ્રા.વાં.નં.૧૯ નો સંસ્થાએ જવાબ આપેલ નથી.

## પરિશિષ્ટ-૮

### વણવપરાયેલ પડી રહેલ એન્ડોઉમેન્ટની રકમોની વિગત દર્શાવતં પત્રક

| અ. નં. | તારીખ | સદર | વિગત | રકમ |
|---|---|---|---|---|
| (૧) | (૨) | (૩) | (૪) | (૫) |
| ૧ | ૧/૪/૯૪ | ૮૩૦૩૦૦૨ | એન્ડોઉમેન્ટ ફોર બિઝનેસ મેનેજમેન્ટ | ૨૦૪૮૮૭૭-૪૮ |
| ૨ | ૧/૪/૯૪ | ૮૩૦૩૦૦૩ | દામોદરદાસ ચેરી.ટ્રસ્ટ કોમર્સ બિલ્ડીગ | ૨૮૫૪૬૧-૧૫ |
| ૩ | ૧/૪/૯૪ | ૮૩૦૩૦૦૫ | ટેક્ષટાઈલ કેમેસ્ટ્રી ઈન્સ્ટિટયુટ | ૬૫૭૭૧૫૩-૫૬ |
| ૪ | ૧/૪/૯૪ | ૮૩૦૩૦૦૬ | ઈન્ડસ્ટ્રીયલ એનાલીટીકલ કેમેસ્ટ્રી ઈન્સ્ટિટયુટ | ૫૦૧૮૩૬-૫૩ |
| ૫ | ૧/૪/૯૪ | ૮૩૦૩૦૦૯ | સરદાર વલ્લભભાઈ વાંચન કેન્દ્ર બિલ્ડીગ | ૩૮૫૨૦૬-૪૫ |
| ૬ | ૧/૪/૯૪ | ૮૩૦૩૦૧૬ | એન્ડોઉમેન્ટ ફોર ઈગ્લીશ કલાસીસ | ૯૫૩૦૮-૦૩ |
| ૭ | ૧/૪/૯૪ | ૮૩૦૩૦૧૭ | એન્ડોઉમેન્ટ ફોર આઈ.એ.એસ. કલાસીસ | ૨૮૯૧૧૪-૪૧ |
| ૮ | ૧/૪/૯૪ | ૮૩૦૩૦૧૮ | એન્ડોઉમેન્ટ ફોર મેનેજમેન્ટ કલાસીસ | ૧૮૨૪૨૮-૮૦ |
| ૯ | ૧/૪/૯૪ | ૮૩૦૩૦૧૯ | એન્ડોઉમેન્ટ ફોર શીબીર | ૩૨૯૭૮-૦૧ |
| ૧૦ | ૧/૪/૯૪ | ૮૩૦૩૧૦૪ | એચ. ભગવતી જયોગ્રાફી સ્કુલ બિલ્ડીગ | ૯૦૦૦૮-૦૩ |
| ૧૧ | ૧/૪/૮૬ | ૮૩૦૩૧૦૫ | જયોતિ લિ. ઈકોનોમિકસ ટીચર્સ શીબીર | ૫૪૩૫-૦૦ |
| ૧૨ | ૧/૪/૮૬ | ૮૩૦૩૧૧૭ | આશાભાઈ બાબરભાઈ લેકોર્ડના રીસર્ચ | ૪૧૩૦-૭૯ |
| ૧૩ | ૧/૪/૮૬ | ૮૩૦૩૧૨૮ | સાયન્ટીફીક રીસર્ચ ઈન પોલિસ્ટર કેમીકલ | ૪૫૦૦-૦૦ |

| (૧) | (૨) | (૩) | (૪) | (૫) |
|---|---|---|---|---|
| ૧૪ | ૧/૪/૮૮ | ૮૩૦૩૧૩૨ | એસ.વી.પટેલ ઈન્સ્ટી. ફોર હિમાલય ટ્રેડીંગ | ૬૩૭૪–૪૦ |
| ૧૫ | ૧/૪/૯૩ | ૮૩૦૩૧૩૩ | એસ.વી.પટેલ ઈન્સ્ટી. ફોર જંગલ પ્રવાસ | ૨૦૪૨૯–૬૧ |
| ૧૬ | ૧/૪/૮૬ | ૮૩૦૩૧૩૪ | એમ. કોઠારી ટ્રસ્ટ સબ મીલ્સ ટુ યુનિ. સ્ટુડન્ટસ | ૫૦૦૦–૦૦ |
| ૧૭ | ૧/૪/૮૬ | ૮૩૦૩૧૪૦ | એચ.કે. ટ્રસ્ટ મેનેજમેન્ટ સેન્ટર બિલ્ડીંગ | ૩૦૧૧–૮૬ |
| ૧૮ | ૧/૪/૯૬ | ૮૩૦૩૧૪૧ | લેટ શ્રી જે.એચ.ઠાકોર સ્પોર્ટસ પ્રાઈઝ | ૯૯૯૦–૦૦ |
| ૧૯ | ૧/૪/૮૬ | ૮૩૦૩૧૪૩ | ઈન્ડીયા સોસિયોલોજી સોસાયટી | ૨૭૨૦–૦૦ |
| ૨૦ | ૧/૪/૯૪ | ૮૩૦૩૧૫૦ | તાનમય બિલ્ડીંગ ફંડ | ૩૩૪૮૫૮–૮૦ |
| ૨૧ | ૧/૪/૯૪ | ૮૩૦૩૧૫૧ | લેટ ડો.એન.એમ.શાહ સ્મારક નિધિ બુકસ | ૩૬૯૬૯–૯૨ |
| ૨૨ | ૧/૪/૮૬ | ૮૩૦૩૧૬૦ | એઈડ ફોર એગ્રીકલ્ચર રીસર્ચ | ૨૪૫૫૧૯–૬૧ |
| ૨૩ | ૧/૪/૮૬ | ૮૩૦૩૧૬૨ | રાજમીત્ર બી. અમીન ટ્રસ્ટ એન્સાઈકલો પીડીયા | ૩૧૨૩૭–૫૧ |
| ૨૪ | ૧/૪/૮૬ | ૮૩૦૩૧૬૬ | એસ.એન.કો.ઓ. બેંક વી. શાહ વી સેન્ટર | ૧૩૯૧૭–૦૫ |
| ૨૫ | ૧/૪/૮૬ | ૮૩૦૩૧૬૭ | એન.કે. ચેરીટેબલ ટ્રસ્ટ વી. શાહ | ૧૨૬૩૭૫–૪૨ |
| ૨૬ | ૧/૪/૮૬ | ૮૩૦૩૧૭૬ | ચીમનલાલ એમ. ટ્રસ્ટ એન્જિ/ રોડ ટ્રેઈનીંગ | ૪૯૫૧–૦૦ |
| ૨૭ | ૧/૪/૮૬ | ૮૩૦૩૧૮૬ | ઈન્દુ મિકે. પ્રા.લિ. રીસર્ચ ઈન ઈકો | ૫૦૦૦–૦૦ |
| ૨૮ | ૧/૪/૮૬ | ૮૩૦૩૧૮૭ | સી ડો. એન્ડ કો. રીસર્ચ ઈન સ્ટેટેસ્ટીક | ૫૦૦૦–૦૦ |
| ૨૯ | ૧/૪/૮૬ | ૮૩૦૩૧૯૦ | ન્યુ કોમર્શીયલ લિ. વી. શાહ વી. કેન્દ્ર | ૩૦૦૦–૦૦ |

| (૧) | (૨) | (૩) | (૪) | (૫) |
|---|---|---|---|---|
| ૩૦ | ૧/૪/૯૪ | ૮૩૦૩૧૯૮ | એ. જી. ટ્રસ્ટ શેઠ એ. જી. ધારાશાસ્ત્ર ભવન | ૧૩૮૧૭૯–૦૦ |
| ૩૧ | ૧/૪/૮૬ | ૮૩૦૩૧૯૯ | એલ. ડી. અસર્પોત ચેસ સ્પોર્ટસ | ૪૭૨૫–૦૦ |
| ૩૨ | ૧/૪/૯૦ | ૮૩૦૩૨૦૫ | એલ. સી. આઈ. રીકલેમેશન પ્રોજેકટ ઈન્ટરેસ્ટ ઈન્કમ | ૩૦૦૦–૦૦ |
| ૩૩ | ૧/૪/૮૯ | ૮૩૦૩૨૦૬ | રતન પ્રા. લિ. સોઈલ્સ સુરેન્દ્રનગર | ૨૫૨૪૦–૦૦ |
| ૩૪ | ૧/૪/૮૭ | ૮૩૦૩૨૦૮ | સ્વામીનારાયણ દ્વિ શતાબ્દી એન્ડોઉમેન્ટ | ૬૩૫૯૭–૧૦ |
| ૩૫ | ૧/૪/૮૮ | ૮૩૦૩૨૦૯ | રીસર્ચ પ્રોજેકટ પી. જે. કામા | ૧૬૫૩૨–૬૫ |
| ૩૬ | ૧/૪/૯૦ | ૮૩૦૩૨૧૧ | ડોનેશન ફોર આર્ટીફીશીયલ રેઈન ફોલ | ૧૭૧૩૪–૦૦ |
| ૩૭ | ૧/૪/૯૧ | ૮૩૦૩૨૧૨ | જવાહરલાલ નહેરૂ શતાબ્દી એન્ડોઉમેન્ટ | ૫૦૦૦૦૦–૦૦ |
| ૩૮ | ૧/૪/૦૪ | ૮૩૦૩૨૧૩ | મિસીલન્સ એન્ડોઉમેન્ટ/ ડોનેશન | ૨૨૯૯–૨૩ |
| | | | **કુલ** | **૧૨૧૨૬૫૦૦–૪૦** |

**ફકરા નંબર : ૨૬**

એન્ડોમેન્ટ ફંડના ફીક્સ ડિપોઝીટ રજિસ્ટરની અનિયમિતતા અંગે

ગુજરાત યુનિવર્સિટી અમદાવાદના સને ૨૦૦૫–૦૬ ના અન્વેષણ દરમ્યાન એન્ડોવમેન્ટ ફંડના ફિક્સ ડિપોઝીટની રજિસ્ટરની ચકાસણી કરતાં નીચે મુજબની અનિયમિતતાઓ જણાયેલ છે. જે બાબતે નીચે મુજબ ઓડિટ નોંધ આપવામા આવે છે. જેની આધારસહ પૂર્તતા કરી ઓડિટને ખાતરી કરાવવી ઘટે.

(૧) દરેક ફિક્સ ડિપોઝીટ મુક્યાની નોંધ, રકમની નોંધ, વ્યાજ દર, પાકતી મુદ્દતે મળવાપાત્ર રકમ, પાકતી મુદ્દત અને ફિક્સ ડિપોઝીટ વટાવ્યાની તારીખ તથા મળેલ રકમની નોંધ કરી ફરી ઉક્ત રકમ કયારે કયા દરે મૂકવામાં આવેલ છે. તે અંગેની જરૂરી નોંધ કરી શાખાધ્યક્ષશ્રી/ અધિકારીશ્રી ધ્વારા નોંધ પ્રમાણિત કરવાની પ્રથા અમલી નથી. સદર પ્રથા અમલમાં મુકવી ઘટે.

(૨) હિસાબી રજિસ્ટરમાં પેન્સિલથી કરાયેલ નોંધમાં ગમે તે સમયે કોઈપણ વ્યકિત ફેરફાર કરી શકે અને કયારેક નાણાંકીય ગેરરીતિ થવાનો પણ સંભવ રહેલો હોઈ દરેક નોંધ પેનથી કરી પ્રમાણિત કરવાની રહે છે.

સમયાંતરે રજિસ્ટરની ખતવણીની ખરાઈ કરવા તથા જયારે અલગ અલગ ફિક્સ ડિપોઝીટ વટાવી એક જ બેંકમાં મુકવામાં આવે ત્યારે કઈ ફિક્સ ડિપોઝીટ કયારે વટાવી? કેટલું વ્યાજ અને મુદ્દલ પરત મળ્યા.અને તે પૈકી કેટલી રકમ ફરી જમા કરાવી તેની સંપૂર્ણ વિગત જે તે ફિક્સ ડિપોઝીટની સામે તથા રજિસ્ટરમાં બતાવી એન્ડોવમેન્ટ ફંડની કુલ ફિક્સ ડિપોઝીટ, મુદ્દલ – વ્યાજ અને બેંકની હકીકત દર્શાવતું વિગતવાર પત્રક વર્ષાન્તે બનાવી અધિકારી ધ્વારા ઉકત રકમ પ્રમાણિત કરી લેજરમાં દર્શાવેલ વિગત સાથે મેળવણું કર્યાનું પ્રમાણપત્ર આપવાની પ્રથા અપનાવવામાં આવે તો હિસાબોની ખરાપણાની ખાતરી થઈ શકે.

(૩) ઓડિટપાત્ર દરેક નિભાવવામાં આવતાં હિસાબી રજિસ્ટરોમાં સંસ્થાના રાઉન્ડ સીલનો સિક્કો લગાવી દરેક રજિસ્ટરને પાના નંબર આપી સહી સિક્કા રજિસ્ટરમાં ચઢાવી તે

અંગેની નોંધ દરેક રજિસ્ટરના છેલ્લા પાને કરી નોંધ પ્રમાણિત કર્યા બાદ જ રજિસ્ટર ઉપયોગમાં લેવાની પ્રથા અપનાવી તે અંગેની ઓડિટે ખાત્રી કરાવવી ઘટે.

(૪) રજિસ્ટરમાં દરેક નોંધમાં પેન્સિલથી વ્યાજની રકમ લખેલ છે. અને V.C. સાહેબના આદેશથી વટાવી લીધી તે મતલબની નોંધ છે. પરંતુ ક્યારે વટાવી અને કેટલી રકમ ક્યાં મુકી તેની નોંધ કરવામાં આવેલ નથી. કોઈ નોંધ પ્રમાણિત કરેલ નથી. જેના નમુનારૂપ કિસ્સાઓનું પરિશિષ્ટ–૯ સામેલ છે.

(૫) ઓડિટને તારીખે એફ ડી રજિસ્ટર અને રસીદોની નોંધ અપડેટ નહોઈ રસીદોની ભૌતિક ખરાઈ થઈ શકેલ નથી. જે ખુબ જ ગંભીર બાબત હોઈ, તે બાબતે ચીફ અકાઉન્ટસ્ ઓફિસરનું અંગત ધ્યાન દોરવામાં આવે છે. આ બાબતે એફ ડી રજિસ્ટર અપડેટ કરાવી આગામી ઓડિટે આધાર સહ ખાત્રી કરાવવી ઘટે.

પ્રા.વાં.નં.૧૦૭ નો સંસ્થાએ જવાબ આપેલ નથી.

## પરિશિષ્ટ –૯

સને ૨૦૦૫–૦૬ દરમ્યાનસંસ્થાએ પાકતી મુદ્દત પહેલાં રીન્યુ કરાવેલ ફિકસ ડિપોઝીટની વિગત દર્શાવતું પત્રક

| અ. નં. | રસીદ નં. | રકમ | મુદ્દત | વ્યાજ દર | મુકયા તા. | પાકતી તા. | મળેલ વાર્ષિક વ્યાજ | રીન્યુ કરી | નવી રસીદ ન. | રકમ | મુદ્દત | વ્યાજ દર | પાકતી તારીખે રકમ | રીમાર્કસ પાકતી તારીખે |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| 1 | F 456979 | 1814832 | 36 | 6% | 30-11-04 | 30-11-07 | 108890 | 30-11-05 | H 315313 | 1814832 | 39 | 6.25% | 1959589 | 28-2-09 |
| 2 | F 456980 | 1814832 | 36 | 6% | 30-11-04 | 30-11-07 | 108890 | 30-11-05 | H 315312 | 1814832 | 39 | 6.25% | 1959589 | 28-2-09 |
| 3 | F 456981 | 1814832 | 36 | 6% | 30-11-04 | 30-11-07 | 108890 | 30-11-05 | H 315311 | 1814832 | 39 | 6.25% | 1959589 | 28-2-09 |
| 4 | F 456983 | 1814832 | 36 | 6% | 30-11-04 | 30-11-07 | 108890 | 30-11-05 | H 315310 | 1814832 | 39 | 6.25% | 1959539 | 28-2-09 |
| 5 | F 456984 | 2016479 | 36 | 6% | 30-11-04 | 30-11-07 | 120989 | 30-11-05 | H 315309 | 2016479 | 39 | 6.25% | 2466754 | 28-2-09 |
| 6 | F 456984 | 2016479 | 36 | 6% | 30-11-04 | 30-11-07 | 120989 | 30-11-05 | H 315308 | 2016479 | 39 | 6.25% | 2466764 | 28-2-09 |
| 7 | F 456986 | 2016479 | 36 | 6% | 30-11-04 | 30-11-07 | 120989 | 30-11-05 | H 315307 | 2016479 | 39 | 6.25% | 2466764 | 28-2-09 |

**ફકરા નંબર : ૨૭**

વાર્ષિક હિસાબોમાં જણાયેલી અનિયમિતતા બાબત

ગુજરાત યુનિવર્સિટી અમદાવાદના સને ૨૦૦૫-૦૬ ના હિસાબોની ચકાસણી કરતાં યુનિવર્સિટીના હિસાબો દ્વિનોંધી નામા પધ્ધતિના સિધ્ધાંતો મુજબ મુખ્ય સદરવાર આવક-ખર્ચ દર્શાવી વર્ષાન્તે પાકુ સરવૈયુ બનાવી તા.૩૧-૩-૨૦૦૬ ની સ્થિતિ દર્શાવવામાં આવેલ છે. આ હિસાબોની ચકાસણી કરી નીચે મુજબ ઓડિટ નોંધ આપવામાં આવે છે.

ગુજરાત યુનિવર્સિટીના વાર્ષિક હિસાબોમાં વર્ષના અંતે બાકી રહેલા એડવાન્સ અને બીજા ખાતાના રૂા.૧૦૬૬૮૭૮૬૨-૫૧ મિલકત લેણાં બાજુ દર્શાવેલ છે. આમ, આટલી મોટી રકમ જે તે કામ હેતુ જેવા કે પરીક્ષાની કામગીરી માટે, ભવનોની ખરીદી માટે, કોલેજોની પરીક્ષાની કામગીરી તથા અન્ય કામગીરી માટે તેમજ કર્મચારીઓને ચોકકસ કામગીરી માટે આપેલ એડવાન્સ પૈકી હિસાબમેળ/ સરભર થયા વગરના બાકી ખેંચાયેલ છે. ખરેખર જયારે ચોકક્સ હેતુ/ કામગીરી માટે એડવાન્સ ચૂકવેલ છે. તેથી કામગીરી થયેલ હશે. પરંતુ હિસાબમેળ થયેલ ન હોવાથી તે ખર્ચ માટે ઉધાર થયેલ નથી. અને પરિણામે યુનિવર્સિટી ધ્વારા દર્શાવેલ કુલ ખર્ચ રૂા.૨૪૯૦૨૩૫૨૪-૯૯ વર્ષના અંત સુધીમાં થયેલ છે. તેટલાં અંશે ઓછા દર્શાવેલ ગણાય. વધુમાં વર્ષ દરમ્યાન કુલ રૂા.૨૯૪૦૨૩૫૨૪-૯૯ ના ખર્ચ સામે રૂા.૧૦૬૬૮૭૮૬૨-૫૧ બાકી રહેલ એડવાન્સ કુલ ખર્ચના ૪૨.૮૪% જેટલી થાય છે. જે બાકી રહેલ એડવાન્સની ઘણી મોટી રકમ ગણાય.

આ ઉપરાંત જો ઉપરોક્ત રકમ પૈકી વર્ષના અંત સુધીમાં થયેલ ખર્ચ એડવાન્સ સામે સરભર કરી ખર્ચ ખાતે ઉધારવામાં આવેલ હોત તો આવક કરતાં ખર્ચનો વધારો જે રૂા.૧૮૪૬૬૮૧-૬૪ દર્શાવેલ છે. તેના બદલે આવક કરતાં ખર્ચનો વધારો વધારે થવા પામેલ હોત અને તેટલાં અંશે આવક-ખર્ચના હિસાબો ક્ષતિયુક્ત ગણાવી શકાય.

યુનિવર્સિટી વાર્ષિક હિસાબોમાં કાયમી મિલકતો તરીકે નીચે મુજબ વિગતો છે.

| | | | |
|---|---|---|---|
| ઉઘડતી સિલક | | રૂા. | ૧૦૩૬૬૦૪૪૨-૭૨ |
| વર્ષ દરમ્યાન ઉમેરો | | રૂા. | ૫૨૫૩૬૨૭૦-૦૦ |
| | કુલ | રૂા. | ૧૫૬૧૯૬૭૧૨-૭૬ |
| બાદ ઘસારો | (-) | રૂા. | ૭૦૮૭૪૫૬૬-૧૨ |
| | | રૂા. | ૮૫૩૨૨૧૪૬-૬૪ |

યુનિવર્સિટીની કુલ મિલકતો કે જેમાં યુનિવર્સિટીના મકાનો, જમીન, ફર્નિચર, વૈજ્ઞાનિક સાધન સામગ્રીઓ અને પુસ્તકોનો સમાવેશ થાય છે. તેમાં ચાલુ નાણાંકીય વર્ષના અંતે રૂા.૧૫૬૧૯૯૭૧૨–૭૬ ની મિલકતો સામે કુલ ઘસારો રૂા.૭૦૮૭૪૫૬૬–૧૨ બાદ કરી ચોખ્ખી મિલકતો રૂા.૮૫૩૨૨૧૪૬–૬૪ દર્શાવેલ છે. આ ઘસારાની રકમ મિલકતમાંથી બાદ કરેલ છે. પરંતુ આ માટે અલગ ફંડ રાખી કોઈ રોકાણો કરવામાં આવેલ નથી. તો આ રીતે અલગ ફંડ રાખ્યા સિવાય કોઈ રોકાણો કર્યા સિવાય ફક્ત ઘસારો ગણી મિલકતો ઓછી બતાવવાનું કોઈ તાર્કિક કારણ સ્પષ્ટ થતુ નથી. તેમજ સરકારશ્રી ધ્વારા યુનિવર્સિટીની મિલકતોની જાળવણી અને મરામત માટે અલગ ગ્રાન્ટ પણ ફાળવેલ છે. તેથી આ રીતે ઘસારો કયા હેતુ માટે ગણવામાં આવે છે તે બાબતે આધારસહ સ્પષ્ટતા થવા વિનંતી.

દ્વિનોંધી નામા પધ્ધતિના સામાન્ય સિધ્ધાંતો મુજબ મિલકતો કોઈ કારણસર ઘસાઈ જાય, બિનઉપયોગી બની જાય ત્યારે નવી મિલકતો ઉભી કરવાના આશયથી મિલકતો ઉપર ઘસારો ગણી ખર્ચ દર્શાવી અલગ ફંડ ઉભુ કરવામાં આવે છે. અને તેનું રોકાણ કરવામાં આવે છે. અને જયારે નવી મિલકત ઉભી કરવાની જરૂરિયાત ઉપસ્થિત થાય ત્યારે આ ફંડ/ રોકાણોમાંથી નવી મિલકત ઉભી કરી શકાય. પરંતુ યુનિવર્સિટી ધ્વારા આવુ અલગ ફંડ રાખેલ નથી કે રોકાણ કરેલ નથી. અને આમ મિલકતોની પુનઃ ખરીદી કરવા માટેની જોગવાઈ થયેલ નથી. તેથી ઘસારો બાદ કરવાનો કોઈ અર્થ રહેતો નથી. વધુમાં ધ્યાન ખેંચતી બાબત એ છે કે કુલ મિલકતો સામે ૬૮.૩૭% (રૂા.૭૦૮૭૪૫૬૬ = ૧૨ × ૧૦૦/ ૧૦૩૬૬૦૪૪૨–૭૬) ઘસારો ગણી મિલકતો ઓછી કરેલ છે. એટલે કે ૬૮.૩૭% મિલકતો ઘસાઈ ગઈ છે. પરંતુ નવી મિલકતો ઉભી કરવા કોઈ જોગવાઈ થયેલ નથી. કોઈ ફંડ ઉપલબ્ધ નથી તો આ માટે જોગવાઈ નહીં કરવા બદલ સ્પષ્ટતા થવી જરૂરી છે.

યુનિવર્સિટીની મિલકતો યુનિવર્સિટી ગ્રાન્ટ કમિશન રાજય સરકાર તથા દાતાઓ પાસેથી મળેલ દાનમાંથી ઉભી કરવામાં આવેલ છે. યુ.જી.સી. અને રાજય સરકાર ધ્વારા આવી મિલકતો અંગે અલગ રજિસ્ટર રાખવા અને તે મિલકતો અન્ય કોઈને તબદીલ કરવાનો અધિકાર સુરક્ષિત રાખવામાં આવતો હોય છે. તો આવી અન્યની માલિકીની મિલકતો અંગે ઘસારો ગણવા બદલ સ્પષ્ટતા થવા વિનંતી છે.

વાર્ષિક હિસાબમાં મિલકત લેણાં બાજુ કાયમી મિલકતોમાંથી અત્યાર સુધીનો કુલ ઘસારો રૂા.૭૦૮૭૪૫૬૬–૧૨ દર્શાવવામાં આવેલ છે. જયારે મુડી–દેવાં બાજુ અગાઉ ઉપર જણાવ્યા પ્રમાણે ફકત એક જ વર્ષનો ઘસારો બાદ કરી દર્શાવવામાં આવેલ છે. તો મિલકતોમાં અગાઉના વર્ષો સહિતનો ઘસારો કયા કારણોસર દર્શાવવામાં આવે છે તે બાબતે સ્પષ્ટતા થવી ઘટે.

પ્રા.વાં.નં.૬૭ નો સંસ્થાએ જવાબ આપેલ નથી.

**ફકરા નંબર : ૨૮**

ડિપોઝીટ રજિસ્ટર નિભાવવામાં જણાયેલી અનિયમિતતાઓ બાબત

ગુજરાત યુનિવર્સિટી, અમદાવાદના સને ૨૦૦૫–૦૬ ના વર્ષના અન્વેષણ દરમ્યાન ડિપોઝીટ રજિસ્ટરની ચકાસણી કરતાં તેમાં નીચે મુજબની અનિયમિતતાઓ જણાયેલ છે. સદર બાબતે જવાબદારશ્રીથી સ્પષ્ટતા સહ, આધારસહ ઉલ્લેખ થઈ આવવા વિનંતી.

(૧) ડિપોઝીટ રજિસ્ટર કુલ : ૩૦૮ પાનાનું છે. પાના નંબર છાપેલા છે. પરંતુ રજિસ્ટરમાં કચેરીનું રાઉન્ડ સીલ મારેલ નથી. તેમજ રજિસ્ટરને સિકકા રજિસ્ટરે ચઢાવ્યા અંગેની જરૂરી નોંધ યોગ્ય સત્તાધિકારીશ્રી ધ્વારા પ્રમાણિત થયેલ નથી.

(૨) ડિપોઝીટ રજિસ્ટર સળંગ ૨૦૦૩ થી ચાલુ છે. જેમાં વર્ષ ૨૦૦૫–૦૬ ની નોંધો પાના નં.૨૬૨ થી ૨૭૫ ઉપર છે. અગાઉના વર્ષની વણ ચૂકવાયેલ રકમ આગળ ખેંચી તારીજ કાઢવામાં આવેલી ન હોઈ અગાઉના વર્ષોની ડિપોઝીટની રકમ કેટલી ચૂકવાઈ અને કેટલી રકમ કેટલાં સમયથી બાકીમાં છે. તેની ખરાઈ થઈ શકેલ નથી.

ડિપોઝીટ રજિસ્ટર લખવાની શરૂઆત પાના નં.૨૦૧ થી ક્યા કારણસર કરવામાં આવેલ હતી. તે બાબતે સ્પષ્ટતા થવી ઘટે. સામાન્યતઃ કોઈપણ રજિસ્ટર પાના નં.૧ થી જ લખવાનું હોય છે.

આવું અતિ અગત્યનું રજિસ્ટર કોઈપણ અધિકારીશ્રીની સહીથી પ્રમાણિત થયેલ નથી. કોઈ પ્રકારનું સુપરવીઝન થયેલ જણાતું નથી. રજિસ્ટર નિયત નમુનામાં છે પરંતુ નમુના મુજબ ડિપોઝીટ પરત કયારે ચૂકવાઈ તે દર્શાવવામાં આવતું નથી.

રજિસ્ટરના આવક–જાવકના હિસાબોની ચકાસણી રોકડમેળ, લેજર સાથે કરવામાં આવતી ન હોઈ લેજરમાં દર્શાવેલ ડિપોઝીટની રકમ અને રજિસ્ટરમાં દર્શાવેલ રકમનો હિસાબમેળ થતો ના હોઈ આ બાબતને અતિ અગત્યની ગણી તાત્કાલિક ધોરણે નિયમોનુસાર ડિપોઝીટ રજિસ્ટરમાં ખતવણી કરવા તથા તેને પ્રમાણિત કરવા જરૂરી કાર્યવાહી થવી ઘટે. લેજરમાં દર્શાવેલ વિગતો સાથે ડિપોઝીટ રજિસ્ટરની વિગતનો હિસાબમેળ નહી કરવા બાબતે જવાબદારેથી સ્પષ્ટતા થવી ઘટે.

ડિપોઝીટની રકમનો હિસાબ નિયમોનુસાર નિભાવેલ ન હોઈ તથા રજિસ્ટરમાં માસાન્તે, વાર્ષિક તારીજ કાઢી શાખાધ્યક્ષશ્રી કે સક્ષમ સત્તાધિકારીશ્રીની સહીઓની પ્રથા અમલી ન હોઈ હિસાબોનું સાતત્ય જળવાય નહી. તેમજ હિસાબમાં નાણાંકીય ગેરરીતિ થવા સંભવ રહેલ હોઈ આ બાબતે નિયમોનુસાર કાર્યવાહી કરી તે અંગેની ઓડિટને ખાત્રી કરાવવી ઘટે.

સંસ્થા ધ્વારા અનિયમિત રીતે ડિપોઝીટની રકમ નોંધવામાં આવેલ છે. નોંધાયેલ રકમનું મેળવણું કરી ખરાઈ કરવામાં આવતી નથી. ડિપોઝીટની રકમ ત્રણ હિસાબી વર્ષ કરતાં વધુ સમય સુધીની પડી રહેલ હોય તો આવી રકમ "પરચુરણ બીજી બાબતો – રદ થયેલી થાપણો" એ સદર હેઠળ યુનિવર્સિટી ફંડ ખાતે અલગ જમા કરવામાં આવે અને જયારે રદ થયેલી ડિપોઝીટ રીફંડ સિલકમાંથી આપવામાં આવે ત્યારે તે ડિપોઝીટ રજિસ્ટરમાંથી રદ થયા અંગેની મૂળ નોંધ સામે દર્શાવવામાં આવે તો હિસાબોની ચકાસણી બરાબર થઈ શકે. જેથી ઉપર દર્શાવેલ અનિયમિતતાનું પુનરાવર્તન થાય નહી તે માટે તાત્કાલિક ધોરણે ઓડિટ સૂચનનો અમલ કરી ડિપોઝીટ રજિસ્ટર નિયમોનુસાર નિભાવવા ઓડિટ અનુરોધ છે. તેમજ ઉપર દર્શાવેલ અનિયમિતતા બાબતે જવાબદારશ્રીથી આધારિત સ્પષ્ટતા થવી ઘટે.

પ્રા.વાં.નં.૧૧૯ નો સંસ્થાએ જવાબ આપેલ નથી.

**ફકરા નંબર : ૨૯**

એમ.ફીલ/ પી.એચ.ડી.ની પદવી ધરાવનારને આપેલ અગ્રીમ ઈજાફા બાબત

ગુજરાત યુનિવર્સિટી અમદાવાદના સને ૨૦૦૫–૦૬ ના અન્વેષણ દરમ્યાન એમ.ફીલ/ પી.એચ.ડી.ની પદવી ધારકોની રજુ થયેલ ફાઈલની ચકાસણી કરતાં નીચેની વિગતે નાણાં વિભાગના તા.૨૬–૪–૨૦૦૦ ના ઠરાવ નં. ક્રમાંક : પગર/ ૧૦૨૦૦૦/ વ/ય ની વિગતે વસુલાતનું પત્રક બનાવેલ છે. પરંતુ કર્મચારીઓને ઈજાફા કયારે મંજુર કરેલ છે તેની વિગત તથા પુનઃ નિયત કરેલ પગાર અને વસુલાતની રકમ બાબતે ચૂકવેલ/ ચૂકવવાપાત્ર અને તફાવતની રકમ વસુલ કરેલ છે કે કેમ? તેની રેકર્ડ આધારિત ખાત્રી કરાવવી ઘટે.

| ક્રમ નં. | સર્વિસ બુક નંબર | નામ | ચૂકવવાપાત્ર રકમ | વસુલાતપાત્ર રકમ |
|---|---|---|---|---|
| ૧ | ૧૫૪૬ | શ્રી ડી. આર. તિવારી | ૯૧૦૦/– | ૨૨૮૨૮/– |
| ૨ | ૧૫૧૯ | શ્રી એસ. એમ. વ્યાસ | ૯૧૦૦/– | ૨૨૫૩૯/– |
| ૩ | ૧૫૧૫ | શ્રી ડી. ડી. ઝાલા | ૯૧૦૦/– | ૨૨૬૮૦/– |
| ૪ | ૧૫૨૯ | શ્રી એસ. કે. પટેલ | ૯૧૦૦/– | ૧૭૬૩૮/– |
| ૫ | ૧૨૫૪ | દિપ્તી ત્રિપાઠી | ૧૪૫૨૦/– | ૧૬૫૧/– |
| ૬ | ૧૩૦૮ | અર્ચના માંકડ | ૧૪૫૨૦/– | ૧૬૫૧/– |
| ૭ | ૧૩૦૧ | શ્રી ડો. સી. ડી. ભાવસાર | ૧૪૫૨૦/– | ૩૩૩૯/– |
| ૮ | ૧૩૫૪ | શ્રી ડી. જી. ત્રિવેદી | ૧૪૫૨૦/– | ૧૩૪૬૭/– |
| | | | કુલ | ૧૦૫૭૯૩/– |

ઉપરોક્ત ઠરાવમાં જણાવ્યા મુજબ જેઓના કિસ્સામાં એમ.ફીલ/ પી.એચ.ડી.ની પદવી ધરાવતાં હોવાને કારણે અગ્રીમ ઈજાફા આપી પગાર નિયત કરવામાં આવેલ છે તે રદ્ થતાં તેઓના પગાર નવેસરથી નિયત કરી તા.૨૬–૪–૨૦૦૦ પછીથી વધુ ચૂકવાયેલ પગાર ભથ્થાની રકમ વસુલ કરવા આદેશ કરેલ છે. આ બાબતે નીચે પ્રમાણે ઓડિટ નોંધ આપવામાં આવે છે.

(૧) ઉપરોક્ત જણાવેલ ઠરાવ અને ઉ.શિ.કમિ.ના પત્ર ક્રમાંક : ડીપી/ ૦૬–૦૭/ ૪૨૩૮ તા.૨૫–૫–૦૬અનુસંધાને કોઈ કાર્યવાહી કરવામાં આવેલ હતી કે કેમ? તેની રેકર્ડ આધારિત ખાત્રી કરાવવી ઘટે.

(૨) ફરીથી નિયત કરેલ પગાર બાંધણી પગાર ચકાસણી એકમ પાસે ચકાસણી કરાવેલ છે કે કેમ? તેની આધારસહ ઓડિટે ખાત્રી કરાવવી ઘટે.

(૩) ઉ.શિ. કમિશ્નરના પત્રમાં જણાવ્યા અનુસાર ઉપરોકત લાભ લેવાને કારણે જે શૈક્ષણિક કર્મચારીઓના કિસ્સામાં વસુલાત કરવાની થાય છે તે કર્મચારીઓના પગાર પુનઃ નિયત કરી વસુલાતની રકમ નકકી કરી જાણ કરવા આદેશ કરેલ છે તેની આધારસહ ઓડિટને જાણ કરવી ઘટે.

(૪) ઉપરોકત તા.૨૬-૪-૨૦૦૦ ના ઠરાવમાં જણાવ્યા મુજબ જુદા જુદા વહીવટી વિભાગો ધ્વારા તેમના તાબા હેઠળના સંવર્ગો માટે બહાર પાડવામાં આવેલ અગ્રીમ ઈજાફા આ હુકમોથી રદ કરવામાં આવે છે. તેમજ હવે પછી જે તે સંવર્ગમાં નિમણુક પામતા અને નિયત શૈક્ષણિક લાયકાત કરતાં વધુ શૈક્ષણિક લાયકાત ધરાવતા હશે તેવા કર્મચારીઓ/ અધિકારીઓને અગ્રીમ ઈજાફા મળવાપાત્ર થશે નહીં અને સદર ઠરાવનો અમલ હુકમ કર્યા તારીખથી કરવાનો રહેશે. અને આ હુકમો થતાં પહેલાં જેઓના કિસ્સામાં અગાઉના હુકમો મુજબ અગ્રીમ ઈજાફા ચૂકવવામાં આવ્યા હશે તેની વસુલાત કરવાની રહેશે નહીં.

આમ, ઉપરોકત ઠરાવની અમલવારી કરી ઠરાવની તારીખ પછીથી પણ આ પ્રકારે અગ્રીમ ઈજાફા મંજુર કરેલ હોય તો તેઓની વસુલાત કરી સેવાપોથીમાં નોંધ કરી પગારની પુનઃ નિયુકત કરી પગાર ચકાસણી અધિકારીશ્રી ધ્વારા પ્રમાણિત કરાવી ઓડિટે ખાત્રી કરાવવી ઘટે. તથા વસુલાત કરવાપાત્ર રકમનું વિગતવાર પત્રક તૈયાર કરી ઓડિટે ખાત્રી કરાવવી રહે.

પ્રા.વાં.નં.૧૦૨ નો સંસ્થાએ જવાબ આપેલ નથી.

વસુલાતપાત્ર રૂા.૧૦૫૭૯૩/-

ફકરા નંબર : ૩૯
ગુજરાત યુનિવર્સિટી ધ્વારા વિવિધ બેંકોમાં કરવામાં આવેલ રોકાણોના હિસાબમાં જણાયેલ અનિયમિતતા બાબત

---

ગુજરાત યુનિવર્સિટી અમદાવાદના સને ૨૦૦૫-૦૬ ના વર્ષના અન્વેષણ દરમ્યાન વાર્ષિક હિસાબોની ચકાસણી કરતાં વાર્ષિક હિસાબમાં પરિશિષ્ટ-કે, અનુ.નં.૩ ટૂંકી મુદ્દતની ડિપોઝીટ રકમ રૂા.૨૮૪૬૭૪૪૭૫-૪૬ પૈસા ગુજરાત યુનિવર્સિટી ધ્વારા વિવિધ બેંકોમાં કરવામાં આવેલ રોકાણો તરીકે દર્શાવેલ છે. જે બાબતે રોકાણ રજિસ્ટરની ચકાસણી કરતાં નીચે મુજબ ઓડિટ નોંધ આપવામાં આવે છે.

(૧) યુનિવર્સિટી ધ્વારા મોટી રકમનું રોકાણ કરવામાં આવેલ છે. અને અવારનવાર એફ.ડી. (રોકાણો) રીન્યુ કરવામાં આવે છે. પરંતુ આ રોકાણોની રજિસ્ટરમાં બેંકવાર સિલક કાઢી તારીજ બનાવવામાં આવેલ નથી અને તેથી તા.૩૧-૩-૨૦૦૬ ના અંતે વાર્ષિક હિસાબોમાં દર્શાવેલ રૂા.૨૮૪૬૭૪૪૭૫-૪૬ પૈસા રકમ જેટલા જ રોકાણો રોકાણ રજિસ્ટરમાં નોંધવામાં આવેલ છે કે કેમ? અને તેટલી રકમોના રોકાણો યુનિવર્સિટી પાસે હતા કે કેમ તેની ખાત્રી થઈ શકતી નથી.આમ રોકાણોનું રજીસ્ટર અધતન નિભાવેલ ન હોઈ કરેલ રોકાણોની વર્ષના અંતે શું પરીસ્થિતિ છે તે જાણી શકાયેલ નથી.તેથી કરેલ રોકાણોના નાણાંકીય અનિયમિતતાઓ,ગેરરીતીઓ થવાની શકયતાઓ નકારી શકાય નહી. જેથી રોકાણોનું રજીસ્ટર અધતન નિભાવી બેંકવાર સિલક કાઢી તારીજ કાઢી તા.૩૧-૩-૦૬ ના રોજની અધતન પરિસ્થિતિ દર્શાવી ઓડીટને આધારીત ખાત્રી કરાવવી ઘટે.

(૨) બેંકોમાં મુકવામાં આવેલ એફ.ડી.ની નોંધ રોકાણ રજિસ્ટરમાં કર્યા પછી જયારે એફ.ડી. પાકયા તારીખે રીન્યુ કરવામાં આવે છે ત્યારે મુળ એફ.ડી.ની નોંધ ઉપર રાઉન્ડ કરી વ્યાજ સાથે નવી એફ.ડી.ની રસીદ આવે તેના સળંગ નંબર આપી એફ.ડી. રજિસ્ટરમાં નોંધ કરવી જોઈએ અને તે મુજબ વર્ષના અંતે કઈ બેંકોમાં કેટલી એફ.ડી. છે. તેની તારીજ અને તમામ બેંકોના મળી કુલ કેટલી એફ.ડી. (રોકાણો) છે. તેની એકત્રિત તારીજ તૈયાર કરી વાર્ષિક હિસાબોમાં દર્શાવેલ રકમ સામે મેળવણું કરવુ જરૂરી છે. યુનિવર્સિટી ધ્વારા આ પ્રથાનો અમલ કરેલ નથી. પરિણામે તા.૩૧-૩-૨૦૦૬ ના રોજ દર્શાવેલ રોકાણો યુનિવર્સિટી ખાતે હતા. તેની યુનિવર્સિટી ધ્વારા સક્ષમ અધિકારીશ્રીએ પણ ખાત્રી કરવામાં આવેલ નથી. જે અંગે સ્પષ્ટતા કરી અન્વેષણને ખાત્રી કરાવવી રહે.

(૩) એફ.ડી. રજિસ્ટરમાં જે તે રોકાણો કર્યા અંગેની નોંધ કરવામાં આવેલ છે. જેની સામે યુનિવર્સિટીના કોઈ સક્ષમ અધિકારીશ્રીની સહીઓ થયેલ નથી. તો તમામ નોંધોમાં સક્ષમ અધિકારીશ્રીની સહીઓ મેળવી ઓડિટે ખાત્રી કરાવવી ઘટે. વધુમાં રોકાણો અને ટૂંકી મુદ્દતની થાપણો સક્ષમ અધિકારીશ્રીની કસ્ટડીમાં રાખવી અને ગુજરાત નાણાંકીય નિયમ-૧૭૬(૧) મુજબ જે કર્મચારી/ અધિકારીને આવી કામગીરી સોંપવામાં આવેલ હોય તો તેની પાસેથી જામીનગીરી મેળવી લેવામાં આવેલ છે કે કેમ તેની આધારસહ ખાત્રી કરાવવી ઘટે.

(૪) રોકાણ રજિસ્ટર અવ્યવસ્થિત રીતે નિભાવવામાં આવેલ છે. જેમાં અધિકારીશ્રીની સહી થયેલ નથી. તેમજ વ્યાજની આવકની નોંધો થયેલ નથી. સદર રજિસ્ટરની કોઈ સક્ષમ અધિકારી ધ્વારા ચકાસણી કરવામાં આવતી હોય તેમ જણાતું નથી. જે એક ગંભીર બાબત ગણાવી શકાય. આ બાબતે જવાબદારશ્રીનું અંગત ધ્યાન દોરી રજિસ્ટર અદ્યતન રીતે તૈયાર કરી તમામ નોંધો કરી પ્રમાણિત કરી ઓડિટે ખાત્રી કરાવવી ઘટે.

(૫) એફ.ડી. રજિસ્ટર સહી/ સિકકા રજિસ્ટરમાં ચઢાવ્યા અંગેની નોંધ રજિસ્ટરના છેલ્લાં પાને કરવામાં આવેલ નથી. આ રજિસ્ટરમાં કેટલાં પાના નંબરનો સમાવેશ થયેલ છે તે સહિતનું પ્રમાણપત્ર સક્ષમ અધિકારી ધ્વારા રજિસ્ટરે આપવામાં આવેલ નથી. જેની પૂર્તતા સહ ઓડિટે ખાત્રી કરાવવી ઘટે.

પ્રા.વાં.નં.૯૬ નો સંસ્થાએ જવાબ આપેલ નથી.

**ફકરા નંબર : ૩૧**

**ગુજરાત યુનિવર્સિટીને કાઉન્ટર કલેકશન અને એમ.ઓ. કલેકશન ધ્વારા થયેલ આવકના હિસાબોમાં જણાયેલ અનિયમિતતા બાબત**

ગુજરાત યુનિવર્સિટીના અમદાવાદના સને ૨૦૦૫-૦૬ ના વર્ષના હિસાબોની ચકાસણી કરતાં કાઉન્ટર કલેકશન અને એમ.ઓ. કલેકશન ધ્વારા થતી આવકમાં નીચે જણાયેલ વિગતે ક્ષતિઓ ધ્યાને આવેલ છે.

કાઉન્ટર કલેકશન ધ્વારા થતી રોકડ આવક કાઉન્ટર કલેકશન રજિસ્ટરમાં નોંધવામાં આવે છે. જે બરાબર જણાય છે પરંતુ બીજા કે ત્રીજા દિવસે યુનિવર્સિટીના બેંક એકાઉન્ટમાં રકમ જમા કરાવવામાં આવે છે. અને જ્યારે યુનિવર્સિટી ધ્વારા નાણાં બેંકમાં જમા કરાવવામાં આવે છે તે દિવસે યુનિવર્સિટીની જનરલ કેશબુકમાં જમા ઉધાર કરવામાં આવે છે.

આમ, કાઉન્ટર કલેકશન ધ્વારા રોજેરોજ થતી આવક કોઈ કેશબુક, પેટા કેશબુક કે અન્ય કોઈ હિસાબી રોજમેળમાં નોંધવામાં આવતી નથી. તેથી જયાં સુધી આ નાણાં બેંકમાં જમા ન કરાવવામાં આવે ત્યાં સુધી યુનિવર્સિટીના હિસાબોની બહાર જ રહે છે. જે બાબતે ગંભીર નાણાંકીય અનિયમિતતા તરફ ધ્યાન દોરવામાં આવે છે. આમ અપનાવાતી આ પધ્ધતિને કારણે જે તે તારીખે મળેલ નાણાં કોની કસ્ટડીમાં રહે છે તેમજ જે તે દિવસના અંતે કેટલી બંધસિલક રહેવા પામેલ હતી તે હિસાબી દફતર ઉપરથી સ્પષ્ટ થઈ શકે નહીં. રોજમેળ મુજબ અને કેશબુક મુજબ કેટલી સિલક છે તે જાણી શકાય નહી. જે બાબતે આધારિત ખાત્રી કરાવવી ઘટે.

યુનિવર્સિટી ધ્વારા નિભાવેલ કાઉન્ટર કલેકશન રજિસ્ટર અને એમ.ઓ. કલેકશન રજિસ્ટરની ચકાસણી કરતાં નીચે મુજબની ક્ષતિઓ ધ્યાને આવેલ છે.

(૧) ઉપરોક્ત બંને રજિસ્ટરો સહી સિકકા રજિસ્ટરે ચઢાવી નોંધ કરવામાં આવેલ નથી. તેમજ રજિસ્ટરને અંતે સક્ષમ અધિકારીશ્રી ધ્વારા આ અંગેનું પ્રમાણપત્ર આપવામાં આવેલ નથી.

(૨) કેશ કલેકશન રજિસ્ટરમાં સંબંધિત કર્મચારી અને આંતરિક ઓડિટર ધ્વારા ચકાસણી થાય છે. પરંતુ કચેરીના વડા/ ઉપાડ અને વહેંચણી અધિકારીશ્રીની સહીઓ રજિસ્ટરે થયેલ નથી.

(૩) એમ.ઓ. કલેકશન રજિસ્ટર કે જેમાં ચેક/ ડીડી વગેરેની નોંધ કરવામાં આવે છે અને તે રોકડ સમાન જ ગણાય. તેમ છતાં આ રજિસ્ટરમાં કોઈપણ કર્મચારી/ અધિકારીશ્રીની સહી થયેલ નથી.

યુનિવર્સિટીને પહોંચબુકો ધ્વારા ઘણી મોટી રકમની આવક થતી હોય છે. તેમ છતાં તમામ આવક યુનિવર્સિટીના હિસાબોમાં જમા થાય છે કે કેમ? તેની જરૂરી ચકાસણી સક્ષમ અધિકારીશ્રી કક્ષાએ કરવામાં આવેલ નથી. આમ, ઉપરોક્ત ક્ષતિઓ જોતાં મળેલ તમામ આવક યુનિવર્સિટીના હિસાબમાં જમા થયાની ખાત્રી થઈ શકેલ નથી. તો તે બાબતે પૂર્તતા કરી ઓડિટને ખાત્રી કરાવવા વિનંતી.

પ્રા.વાં..૭૫ નો સંસ્થાએ જવાબ આપેલ નથી.

**ફકરા નંબર : ૩૨**
એસ્ટેટ વિભાગને આપેલ એડવાન્સની રકમો મોટા પ્રમાણમાં સરભર કર્યા વગરની બાકી રહેવા બાબત

ગુજરાત યુનિવર્સિટી અમદાવાદના સને ૨૦૦૫-૦૬ ના હિસાબોના અન્વેષણ દરમ્યાન લેજર અને એડવાન્સ રજિસ્ટરની ચકાસણી કરતાં યુનિવર્સિટીના એસ્ટેટ વિભાગને પેશગી તરીકેની રકમો બાબતે નીચે પ્રમાણેની સ્થિતિ હતી.

લેજર તથા એડવાન્સ રજિસ્ટર મુજબ

| | | | |
|---|---|---|---|
| તા.૧-૪-૦૫ ની ઉઘડતી સિલક | | રૂા. | ૨૭૮૧૭૬૨-૫૫ |
| અન્વેષણ વર્ષ દરમ્યાન આપેલ એડવાન્સ | | રૂા. | ૨૧૫૪૮૦-૦૦ |
| | કુલ | રૂા. | ૨૯૯૭૨૪૨-૫૫ |
| વર્ષ દરમ્યાન સરભર કરેલ રકમ | | રૂા. | ૭૨૭૪૩૬-૫૩ |
| તા.૩૧-૩-૦૬ ના રોજ સરભર કરવાની બાકી રકમ | કુલ | રૂા. | ૨૨૬૯૮૦૬-૦૨ |

ઉપરોક્ત વિગતો જોતાં એસ્ટેટ વિભાગને સને ૨૦૦૫-૦૬ ના વર્ષ અગાઉના વર્ષોમાં આપેલ એડવાન્સ પૈકી ઘણા મોટા પ્રમાણમાં રકમો સરભર કરવાની બાકીમાં હોવાનું જોવા મળેલ છે. કચેરીની તાકીદની કામગીરી અથવા ખરીદી અથવા પ્રસંગ માટે થનાર સંભવિત ખર્ચને પહોંચી વળવા અગાઉથી ઉચ્ચક રકમ કર્મચારી કે કચેરીના વિભાગને ચૂકવવામાં આવતી હોય છે. આવો પ્રસંગ અથવા ખર્ચનો હિસાબ બીલ સહિત તુરત જ આપવાનો રહે છે. ચૂકવેલ એડવાન્સની યુનિવર્સિટી ધ્વારા રજુ થયેલ રેકર્ડની ચકાસણી કરતાં તા.૩૧-૩-૦૫ ના અંતે રૂા.૨૭૮૧૭૬૨-૫૫ પૈસાના વિગતવાર હિસાબો રજુ થયેલ ન હોવાને કારણે તેટલી રકમ સરભર કરવાની બાકીમાં રહેવા પામેલ હતી. ઉક્ત રકમ રૂા.૨૭૮૧૭૬૨-૫૫ ની રકમ ખરેખર કેટલાં સમય અગાઉની બાકી રહેવા પામેલ છે. તે અગાઉનું રેકર્ડ રજુ નહી થયેલ હોવાને કારણે ખાત્રી થઈ શકેલ નથી. આમ, ઘણી મોટી રકમો અન્વેષણ અંતે એટલે કે તા.૩૧-૩-૦૬ ના રોજ રૂા.૨૨૯૯૮૦૬-૦૨ ના વિગતવાર હિસાબો સત્વરે સરભર થાય તેવી વ્યવસ્થા ગોઠવવા ઓડિટનું સૂચન છે.

પ્રા.વાં.નં.૬૦ નો સંસ્થાએ આપેલ જવાબ ગ્રાહય રાખી શકાય તેમ નથી.

**ફકરા નંબર : ૩૩**

ખાનગી પેઢીઓને ચૂકવાયેલ ઓન એકાઉન્ટ રકમના હિસાબો બાબત

---

ગુજરાત યુનિવર્સિટીના સને ૨૦૦૫-૦૬ ના હિસાબોની ચકાસણી કરતાં જણાયેલ છે કે જુદી જુદી પેઢીઓને ચીજવસ્તુઓ, સાધનસામગ્રીની ખરીદી પેટે કોઈ સેવા પુરી પાડવા બદલ કે પરીક્ષાને લગતી કામગીરી કરવા બદલ "ઓન એકાઉન્ટ" મુજબ ચૂકવણું કરવામાં આવેલ હતું. પરંતુ આ પ્રકારે આપેલ રકમના હિસાબો જે તે નાણાંકીય વર્ષમાં સરભર કરવામાં આવેલ નથી. અને સામેલ પરિશિષ્ટ-૯ ની વિગતે ઘણો લાંબો સમય થવા છતાં આવી રકમો સરભર થયેલ નથી.

પેઢીઓ પાસેથી માલસામાન કે કોઈપણ પ્રકારની સેવા મેળવ્યા અગાઉ એડવાન્સ રજિસ્ટરે ખર્ચની નોંધ કર્યા સિવાય "ઓન એકાઉન્ટ" ચૂકવણું કયા આધારે કરવામાં આવેલ છે તેની સ્પષ્ટતા કરાયેલ નથી.

ખરીદ પધ્ધતિ મુજબ પેઢીઓ પાસેથી માલસામાન ખરીદી અંગેના અથવા પાર્ટીએ પુરા પાડેલ સેવાના બીલો રજુ થયા બાદ જે તે સદરે ખર્ચ પાડી ચૂકવણું કરી શકાય. આમ ખાસ જોગવાઈના આધારે કે પેઢી સાથે કરાર કરવામાં આવેલ હોય તોપણ નાણાંકીય નિયમો આધારે એડવાન્સ રકમ ચૂકવી શકાય નહીં. તેમ છતાં એડવાન્સ રકમ ચૂકવ્યા વીના ખરીદી શક્ય ન હોય તોપણ એડવાન્સ તરીકે આપેલ રકમની એડવાન્સ રજિસ્ટરે નોંધ કરી જયારે જયારે તે અંગેના બીલો રજુ કરવામાં આવે ત્યારે ત્યારે આપેલ એડવાન્સની રકમમાંથી સરભર કરવાની રહે. જે પ્રથાનું પાલન થતું નથી અને "ઓન એકાઉન્ટ" રકમ આપવાના કારણે સીધુ ખર્ચ જે તે સદરે પડવાથી ગંભીર ગેરરીતિ થવાનો પૂરેપૂરો સંભવ રહે છે. તો આવી પરિસ્થિતિ ઉપસ્થિત ન થાય તે માટે યુનિવર્સિટી ધ્વારા શું પગલાં લેવા ધારેલ છે. તેના કોઈ આધાર હોય તો અન્વેષણમાં રજુ કરવા જણાવેલ છે. અગાઉના અન્વેષણ દરમ્યાન પણ આ બાબતે ધ્યાન દોરવા છતાં "ઓન એકાઉન્ટ" પ્રથા ચાલુ રાખવામાં આવેલ છે. જે ઉચિત જણાતું નથી. આ પ્રથા સદંતર બંધ કરવા ઓડિટનું સૂચન છે.

આ સાથે સામેલ પરિશિષ્ટ-૯ માં દર્શાવેલ વિગતે કુલ રૂા.૭૦૮૮૬૮૨-૮૭ ના "ઓન એકાઉન્ટ" કરેલ ચૂકવણાં સંદર્ભે ઘણાં લાંબા સમયથી હિસાબો સરભર થયેલ નથી. જે બાબતે ઘટતી કાર્યવાહી થયેલ હોવાનું જણાતું નથી. જે બાબતે જવાબદારેથી સ્પષ્ટતા મેળવી ખાત્રી કરાવવી ઘટે.

ઉકત રકમ રૂા.૭૦૮૮૬૮૨-૮૭ બાબતે સ્પષ્ટતા તથા સરભર ન થાય ત્યાં સુધી વાંધા હેઠળ રાખવામાં આવે છે.

પ્રા.વાં.નં.૪૪ નો સંસ્થાએ જવાબ આપેલ નથી.

વાંધા હેઠળ રકમ રૂા.૭૦૮૮૬૮૨-૮૭

## પરિશિષ્ટ-૧૦

સને ૨૦૦૫-૦૬

ગુજરાત યુનિવર્સિટી અમદાવાદ ધ્વારા પેઢીઓને ઓન એકાઉન્ટ નાણાં ચૂકવ્યાની વિગત દર્શાવતું પત્રક
(તા.૩૧-૩-૦૬ ની ઉધાર બાકી)

| અ.નં. | પેઢીનું નામ | ખર્ચનો કોડ | વાઉચર નં./ તારીખ | રકમ રુપિયા |
|---|---|---|---|---|
| (૧) | (૨) | (૩) | (૪) | (૫) |
| ૧ | ન્યુ ઈન્ડીયા વોટર પ્રુફીગ કોર્પોરેશન | ૯૩૩૧૦૫૪ | /૧-૪-૯૧ | ૨૯૫-૯૯ |
| ૨ | ગુજ. યુનિ. સેન્ટ્રલ કન્ઝયુમર્સ કો. ઓ. સ્ટોર્સ | ૯૩૩૧૧૨૨ | /૩૧-૬-૦૬ | ૧૭૪૮૫૭૯-૨૦ |
| ૩ | નવજીવન ટ્રસ્ટ | ૯૩૩૧૧૨૩ | /૧-૪-૯૩ | ૨૫૦૦૦-૦૦ |
| ૪ | સ્પોર્ટસ ફીઝોલોજી કોન્ફરન્સ | ૯૩૩૧૧૨૫ | /૧-૪-૯૦ | ૫૦૦૨-૬૮ |
| ૫ | કે. કપુર | ૯૩૩૧૨૦૨ | /૧-૪-૦૫ | ૨૪૮૫૯-૩૨ |
| ૬ | ગુજ. સ્ટેટ સીડસ કોર્પોરેશન | ૯૩૩૧૨૦૬ | /૧-૪-૮૬ | ૧૭૨-૫૦ |
| ૭ | સી. એમ. સી. લિમિટેડ | ૯૩૩૧૨૧૦ | /૧-૪-૯૨ | ૧૩૨૧૩૨-૦૦ |
| ૮ | એ. આઈ. યુ. કોન્ફરન્સ | ૯૩૩૧૨૧૩ | /૧-૪-૯૪ | ૨૩૬૪૬-૯૦ |
| ૯ | પી. એમ. પુરોહિત | ૯૩૫૧૦૦૯ | /૧-૪-૦૩ | ૬૦૫૪૨૦-૦૦ |

| (૧) | (૨) | (૩) | (૪) | (૫) |
|---|---|---|---|---|
| ૧૦ | દિગ્વિજય સિમેન્ટ કું. લિમિટેડ | ૯૩૩૩૦૧૯ | /૧-૪-૮૬ | ૨૪૨-૪૫ |
| ૧૧ | જય એન્જિનિયરીંગ વર્કસ લિ. | ૯૩૩૩૦૨૦ | /૧-૪-૮૬ | ૮૭૧-૯૯ |
| ૧૨ | વોલ્ટાસ લિમિટેડ | ૯૩૩૩૦૨૩ | /૧-૪-૯૫ | ૧૪૮૫-૬૫ |
| ૧૩ | ગુજ. સ્ટેટ સિવિલ સપ્લાય કોર્પોરેશન લિ. | ૯૩૩૩૦૩૨ | /૧-૪-૮૮ | ૧૮૩૭૩૫-૦૦ |
| ૧૪ | બલ્યુ સ્ટાર લિમિટેડ | ૯૩૩૩૦૩૩ | /૧-૪-૮૬ | ૧૦૯૫૦-૦૦ |
| ૧૫ | પી. ડબલ્યુ. ડી. | ૯૩૩૩૦૩૪ | /૧-૫-૦૫ | ૪૨૪૧૬૬૩-૦૦ |
| ૧૬ | યુનિ. એમ્પ્લોયર્સ ક્રેડીટ સોસાયટી | ૯૩૩૧૧૧૬ | /૩૧-૩-૦૬ | ૮૪૬૨૭-૧૯ |
| | કુલઃ | | | ૭૦૮૮૬૮૨-૮૭ |

ફકરા નંબર : ૩૪
પરીક્ષાની ઉત્તરવહીઓની છપામણીના ખર્ચમાં જણાયેલી અનિયમિતતા બાબત

ગુજરાત યુનિવર્સિટી અમદાવાદના સને ૨૦૦૫-૦૬ ના અન્વેષણ દરમ્યાન પ્રેસ વિભાગ ધ્વારા રજુ થયેલ રેકર્ડ તેમજ વાઉચર ફાઈલની ચકાસણી કરતાં નીચે પ્રમાણેની અનિયમિતતાઓ ધ્યાને આવેલ હતી.

રજુ થયેલ રેકર્ડની ચકાસણી કરતાં સરકારશ્રીના નાણાં વિભાગના તા.૧૭-૧૧-૦૩ નોટીફિકેશનના અન્વયે બહોળી પ્રસિધ્ધિ ધરાવતાં વર્તમાનપત્રમાં જાહેરાત આપી બજારમાંથી હરીફાઈયુક્ત ભાવો મેળવવાની કાર્યવાહી કરવામાં આવેલ હતી કે કેમ? તેની ચકાસણી થઈ શકેલ નથી. ફક્ત વિલ્સન પ્રિન્ટ સીટી લિ.નું ટેન્ડર રજુ કરવામાં આવેલ હતું. જેમાં પાર્ટીએ કોઈ ભાવ દર્શાવેલ હોવાનું જણાતું નથી. ટેન્ડરમાં ભાવો દર્શાવેલ ન હોવા છતાં ટેન્ડર મંજુર કરવા અંગે જવાબદાર અધિ./ કર્મ.ની જવાબદારી નકકી કરી ઓડિટને આધારિત ખાત્રી કરાવવી ઘટે. પરંતુ વાઉચર ફાઈલના વા.નં.૨૦૪૪ તા.૨૮-૭-૦૫ સાથે સામેલ વિલ્સન પ્રિન્ટ સીટી લિમિટેડના તા.૧૨-૭-૦૫ ના પત્રમાં જણાવ્યા મુજબ-

| | | |
|---|---|---|
| ૩૨ પેજની ઉત્તરવહી | ૩૦૦૦૦૦૦ કોપી × ૨.૭૮ દર = | ૮૩૪૦૦૦૦/- |
| ૧૨ પેજની ઉત્તરવહી | ૧૮૦૦૦૦૦ કોપી × ૧.૧૧ દર = | ૧૯૯૮૦૦૦/- |
| | | ૧૦૩૩૮૦૦૦/- |

યુનિવર્સિટીના પત્ર ક્રમાંક : ૪૦૪ તા.૨૪-૧-૦૫ થી ૩૨ પાનાની મુખ્ય ઉત્તરવહી ૩૦૦૦૦૦૦ તેમજ ૧૨ પાનાની પુરક ઉત્તરવહી ૧૮૦૦૦૦૦ નંગ છપાવવા માટે રૂા.૧૦૦૦૦૦૦૦/- માં ઓર્ડર આપવામાં આવેલ હતો. વાઉચર ફાઈલની નોંધ મુજબ વિલ્સન પ્રિન્ટ સીટી લિ. તરફથી ૩૨ પાનાની ૨૫ લાખ તેમજ ૧૨ પાનાંની ૧૮ લાખ ઉત્તરવહીઓનો જથ્થો પુરો પાડવામાં આવેલ હતો. ત્યારપછી ઓર્ડરમાં ફેરફાર થવાથી ૩૨ પાનાવાળી ઉત્તરવહીઓના બદલે ૧૬ પાનાવાળી ઉત્તરવહીઓ તૈયાર કરીને મોકલી આપવા જણાવેલ. જે સમયે નેગોશીયેસન કરી ૩૨ પાનાવાળી ઉત્તરવહીઓનો દર રૂા.૨.૭૩ નકકી થયેલ હતો અને તે સમયે ૧૬ પેજની ઉત્તરવહીઓનો ભાવ રૂા.૧.૪૬ નકકી થયેલ હતો અને તે મુજબ ચુકવણું કરેલ છે. વિલ્સન પ્રિન્ટ સીટી લિ. તરફથી ૧૬ પાનાવાળી ઉત્તરવહીઓનો જથ્થો ૯ લાખ ૨૩ હજાર મોકલી આપવામાં આવેલ હતો. સદરહું ફેરફાર અંગે વાઉચર ફાઈલે મુકેલ તા.૧૬-૭-૦૫ ની નોંધમાં કુલપતિશ્રીની સહી જોવા મળેલ નથી. આમ, કુલપતિશ્રીની મંજુરી વીના ઓર્ડરમાં કેવા સંજોગોમાં અને કઈ સત્તાની રૂએ ફેરફાર કરવામાં આવેલ હતો તે બાબતે આધારસહ ખાત્રી કરાવવી ઘટે.

વધુમાં ઉપરોકત વિગતે વાઉચર ફાઈલની ચકાસણી કરતાં નીચેની વિગતે એડવાન્સ ચૂકવવામાં આવેલ હતું.

| ક્રમ નં. | તારીખ | ચેક નંબર | રકમ | ટીડીએસ ૨.૦૫% | ખરેખર ચૂકવેલ |
|---|---|---|---|---|---|
| ૧. | ૨૦-૧-૦૫ | ૫૧૨૭૭૦ | ૨૫૦૦૦૦૦ | - | ૨૫૦૦૦૦૦ |
| ૨. | ૪-૪-૦૫ | ૫૨૫૬૧૧ | ૨૫૦૦૦૦૦ | ૧૦૨૫૦૦ (૫૦૦૦૦૦૦ ના) | ૨૩૯૭૫૦૦ |
| ૩. | ૩-૫-૦૫ | ૫૨૭૮૧૨ | ૩૫૦૦૦૦૦ | - | ૩૫૦૦૦૦૦ |
| | | | ૮૫૦૦૦૦૦ | ૧૦૨૫૦૦ | ૮૩૯૭૫૦૦ |

ઉપરોક્ત વિગતો જોતાં યુનિવર્સિટી ધ્વારા રૂા.૫૦૦૦૦૦૦/- ના ચૂકવણાંમાંથી ૨.૦૫% લેખે રૂા.૧૦૨૫૦૦/- ટી.ડી.એસ.ની કપાત કરેલ હતી. જ્યારે રૂા.૩૫૦૦૦૦૦/- ના ૨.૦૫% લેખે રૂા.૭૧૭૫૦/- ની કપાત કરવામાં આવેલ જણાતી નથી. જેની વસુલાત કરી જમાના આધારસહ ઓડિટે ખાત્રી કરાવવી ઘટે.

યુનિવર્સિટીએ વિલ્સન પ્રિન્ટ સીટી લિ. ને આખરી ચૂકવણાંની વિગત નીચે પ્રમાણે હતી.

| | | | | |
|---|---|---|---|---|
| ૩૨ પેજ ૨૫૦૦૦૦૦ કોપી | × | ૨.૭૩ ભાવ | = | ૬૮૨૫૦૦૦ |
| ૧૨ પેજ ૧૮૦૦૦૦૦ કોપી | × | ૧.૦૦ ભાવ | = | ૧૮૦૦૦૦૦ |
| ૧૬ પેજ ૯૨૩૦૦૦ કોપી | × | ૧.૪૬ ભાવ | = | ૧૩૪૭૫૮૦ |
| | | | કુલ | ૯૯૭૨૫૮૦ |
| | | | (-) એડવાન્સ | ૮૫૦૦૦૦૦ |
| | | | | ૧૪૭૨૫૮૦ |
| | | | (-) ટી.ડી.એસ. ૨.૦૫% | ૩૦૧૮૮ |
| | | | ખરેખર ચૂકવવાપાત્ર | ૧૪૪૨૩૯૨ |

ચૂકવવાપાત્ર થાય જેના બદલે રૂા.૧૪૭૨૫૮૦/- નું ચૂકવણું ચેક નં.૫૩૦૫૮૫ તા.૨૮-૭-૦૫ થી કરવામાં આવેલ હતું. આમ, કુલ રૂા.૧૦૧૯૩૮/- ના ટી.ડી.એસ.ની વસુલાત કરવાની થાય જેની વસુલાત લઈ ઓડિટે ખાત્રી કરાવવી ઘટે.

વધુમાં મુખ્ય ટેન્ડર વખતે ૧૬ પેજની કોઈ જોગવાઈ કરવામાં આવેલ ન હતી. તેમ છતાં સક્ષમ અધિકારીશ્રીની મંજુરી વીના ૯૨૩૦૦૦ કોપી રૂા.૧.૪૬ નો ભાવ કોની સહમતીથી કયા આધારે નકકી કરી ઓર્ડર આપી ખરીદી કરવામાં આવેલ હતી. તે બાબતે રેકર્ડ આધારિત ખાત્રી કરાવવી ઘટે.

ઉપરોક્ત વિગતે સ્પષ્ટતા થતાં સુધી કરેલ ખર્ચ વાંધા હેઠળ રાખવામાં આવે છે.

પ્રા.વાં.નં.૧૧૭ નો સંસ્થાએ જવાબ આપેલ નથી.

વાંધા હેઠળ રકમ રૂા.૯૯૭૨૫૮૦-૦૦
વસુલાતપાત્ર
સદર ૦૦૨૧ રૂા. ૧૦૧૯૩૮-૦૦

**ફકરા નંબર : ૩૫**

પરીક્ષા માટે ખાનગી પ્રેસ પાસેથી પ્રશ્નપત્રો છપાવવા અંગે થયેલ ખર્ચ બાબત

---

ગુજરાત યુનિવર્સિટી અમદાવાદના સને ૨૦૦૫–૦૬ ના અન્વેષણ દરમ્યાન વાર્ષિક હિસાબોની ચકાસણી કરતાં પરીક્ષા ખર્ચ એકાઉન્ટ કોડ : ૩૫૧૫૦૦ હેઠળ કુલ રૂા.૫૫૭૦૮૭૭–૦૦ નો ખર્ચ થવા પામેલ છે. જેની ચકાસણી માટે નીચે મુજબની માહિતી, વિગતો, ફાઈલો વગેરે દસ્તાવેજો દિન–૨ માં ઓડિટમાં રજુ કરવા જણાવવા છતાં રજુ કરેલ નથી.

વધુમાં સદરહું ખર્ચના વાઉચરોની વાઉચર ફાઈલે ચકાસણી કરતાં નીચેની વિગતેના વાઉચરોથી ખર્ચ પાડવામાં આવેલ હતો.

| અનુ.નં. | વા.નં. | તારીખ | રકમ |
|---|---|---|---|
| ૧ | ૧૫૦૦ | ૩૦–૬–૦૫ | ૫૨૮૩૩૦–૦૦ |
| ૨ | ૫૭૦૬ | ૫–૧–૦૬ | ૧૮૦–૦૦ |
| ૩ | ૫૮૫૩ | ૧૨–૧–૦૬ | ૧૧૯૩૫–૦૦ |
| ૪ | ૬૫૬૨ | ૧૫–૨–૦૬ | ૨૫૧૧૧૧૬–૦૦ |
| ૫ | ૭૬૮૯ | ૩૧–૩–૦૬ | ૫૩૮૮૧–૦૦ |
| ૬ | ૭૬૯૦ | ૩૧–૩–૦૬ | ૧૮૫૧૫૩–૦૦ |
| ૭ | ૭૬૯૧ | ૩૧–૩–૦૬ | ૭૩૪૪૩–૦૦ |
| ૮ | ૭૬૯૨ | ૩૧–૩–૦૬ | ૧૬૬૭૬૯૯–૦૦ |
| ૯ | ૭૬૯૩ | ૩૧–૩–૦૬ | ૫૩૯૧૪૦–૦૦ |
| | | **કુલ** | **૫૫૭૦૮૭૭–૦૦** |

ઉકત ખર્ચની ચકાસણી સારુ નીચે જણાવેલ વિગતે જરૂરી દફતર અન્વેષણ સમક્ષ રજુ કરવા જણાવવા છતાં અન્વેષણના અંત સુધી રજુ કરેલ નથી.

(૧) સિકયુરીટી, 'C', 'D', પ્રેસ સાથે કરવામાં આવેલ ભાવ કરાર, એગ્રીમેન્ટ, શરતો અંગેની ફાઈલ રજુ કરવી.

(૨) ૨૦૦૫–૦૬ ના વર્ષ દરમ્યાન પરીક્ષા માટે નોંધાયેલ કુલ વિદ્યાર્થીઓની સંખ્યા આધાર સહિત આપવી.

(૩) ૨૦૦૫-૦૬ માં પરીક્ષાવાર પરીક્ષા કેન્દ્રોની સંખ્યા કેટલી હતી અને કેન્દ્રોના આધારે બનાવવામાં આવેલ કવરો, પેટા કવરો અને મુખ્ય કવરો નકકી કરવા અંગેની ગણતરી સાથેના રેકર્ડ અને આ અંગેની જાણ પ્રેસને કર્યાની માહિતી રજુ કરવી.

(૪) પ્રશ્નપત્રો છાપકામમાં પ્રેસ ધ્વારા કરવામાં આવેલી ભુલોની માહિતી દર્શાવતાં દફતર ફાઈલ રજુ કરવી.

(૫) પ્રશ્નપત્રો મળ્યા અંગે અને આ પ્રશ્નપત્રો જે તે સંબંધિત પરીક્ષા કેન્દ્રોને કેટલી સંખ્યામાં કવરોમાં મોકલવામાં આવ્યા તે અંગેના રાખવામાં આવેલ રેકર્ડની માહિતી રજુ કરવી.

(૬) પ્રશ્નપત્રો પરીક્ષા કેન્દ્રો ઉપર સીલબંધ કવરમાંથી ઓછા નીકળ્યા હોય તેવા પ્રસંગો બનેલ હોય તો તેની વિગતો દર્શાવીને માહિતી પુરી પાડવી.

(૭) પ્રશ્નપત્રો છાપકામ અંગેના ભાવ કરાર કરતાં પહેલાં (નામ-સરનામા સિવાય) ભાવપત્રકો મેળવવા અથવા આવી કામગીરી માટે પ્રેસ નકકી કરવા અંગેનું ધારા ધોરણ, પધ્ધતિ કે જે કોઈ કાર્યવાહી હાથ ધરવામાં આવેલ હોય તેના આધાર સહિતની માહિતીની ફાઈલ રજુ કરવી.

ઉપરોક્ત અનુ.નં.૧ થી ૭ ની માહિતી અંગેનું રેકર્ડ માંગવા છતાં ઓડિટ સમક્ષ રજુ કરવામાં આવેલ નથી. જે ઘણી જ ગંભીર બાબત ગણાય. જે અંગે જવાબદાર સામે પગલાં લઈ કરેલ કાર્યવાહીની જાણ ઓડિટને કરવી. ત્યાં સુધી આ ખર્ચની રકમ રૂ.૫૫૭૦૮૭૭-૦૦ વાંધા હેઠળ રાખવામાં આવે છે.

પ્રા.વાં.નં.૪૦ નો સંસ્થાએ જવાબ આપેલ નથી.

વાંધા હેઠળ રકમ રૂ.૫૦૭૦૮૭૭-૦૦

**ફકરા નંબર : ૩૬**

નિયમો વિરુધ્ધ ખરીદવામાં આવેલ સ્ટેશનરી અને લેખનસામગ્રી બાબત

ગુજરાત યુનિવર્સિટી અમદાવાદના સને ૨૦૦૫–૦૬ ના અન્વેષણ દરમ્યાન અન્વેષણ અર્થે રજુ થયેલ રેકર્ડની ચકાસણી કરતાં ગુજરાત યુનિવર્સિટીના વિવિધ વિભાગો અને ભવનો ધ્વારા ઓડિટ વર્ષમાં આ સાથે સામેલ પરિશિષ્ટ–૧૦ ની વિગતે કુલ રૂા.૭૩૯૧૩૫–૮૦ નો ખર્ચ લેખનસામગ્રી અને સ્ટેશનરી ખરીદવા પાછળ કરેલ છે. યુનિવર્સિટી ખાતે આવેલ જુદા જુદા ભવનો તથા વિભાગોને હિસાબી શાખા ધ્વારા જરૂરી સ્ટેશનરી તથા લેખનસામગ્રી પુરી પાડવામાં આવતી હોવા છતાં તેને વિભાગો ધ્વારા અથવા ભવનો ધ્વારા સીધે સીધી જ ખરીદી કરવામાં આવે તે નિયમો વિરુધ્ધ ગણાવી શકાય. જે બાબતે જવાબદારથી સ્પષ્ટતા સહ સદર ખરીદી અંગે મંજુરી મેળવવામાં આવેલ હોય તો મંજુરી આદેશ સહિત ખરીદી માટે યોજવામાં આવેલ પ્રક્રિયા અંગેની ફાઈલો નિભાવવામાં આવેલ હોય તો ઓડિટે સત્વરે રજુ કરવી ઘટે.

આ ઉપરાંત યુનિવર્સિટી ધ્વારા સને ૨૦૦૫–૦૬ ના વર્ષ દરમ્યાન જરૂરી સ્ટેશનરી તથા લેખનસામગ્રીના ભાવો મેળવી વર્ષ દરમ્યાન રૂા.૧૫૪૪૩૬–૦૦ નો ખર્ચ કરી ખરીદી કરવામાં આવેલ છે. આમ, કુલ ખરીદી રૂા.૮૯૩૫૭૧–૮૦ ની થાય. જે માટે નાણાં વિભાગના તા.૧૭–૧૧–૨૦૦૩ ના નોટીફિકેશન મુજબ સંયુક્ત રીતે જાહેરાત આપી સ્પર્ધાત્મક ભાવો મેળવી ખરીદી કરવામાં આવેલ હોત તો વ્યાજબી ભાવથી ખરીદી થઈ શકેલ હોત અને ગુણવત્તા પણ સારી મળી શકેલ હોત. આમ રેટ કોન્ટ્રાકટ નહી કરવાને કારણે યુનિવર્સિટીને સ્પર્ધાત્મક ભાવોનો લાભ નહી મળી શકવાને કારણે આર્થિક નુકશાન સહન કરવું પડેલ છે. આમ ખરીદીની નિયમોનુસારની પધ્ધતિ નહી અપનાવવા બાબતે જવાબદારોથી સ્પષ્ટતા થવી ઘટે અને આ પ્રથા અમલમાં મુકવા ઓડિટનું સૂચન છે.

ઉકત બાબતે સ્પષ્ટતા થતાં સુધી કરેલ ખર્ચ રૂા.૭૩૯૧૩૫–૮૦ વાંધા હેઠળ રાખવામાં આવે છે.

સરકારશ્રીના નાણાં વિભાગના પ્રા.વાં.નં.૬૫ નો સંસ્થાએ જવાબ આપેલ નથી.

વાંધા હેઠળ રૂા.૭૩૯૧૩૫–૮૦

**પરિશિષ્ટ-૧૧**

ગુજરાત યુનિવર્સિટી અમદાવાદના સને ૨૦૦૫-૦૬ ના વર્ષ દરમ્યાન એસ્ટેટ વિભાગની મંજુરી વગર સંબંધિત વિભાગો ધ્વારા ખરીદવામાં આવેલ લેખનસામગ્રી/ સ્ટેશનરીની વિગત દર્શાવતું પત્રક

| ક્રમ નં. | વિભાગ/ ભવનનું નામ | રકમ |
|---|---|---|
| ૧ | છાત્રાલયો | ૮૨૫૬-૭૫ |
| ૨ | મુદ્રણાલય | ૭૭૯૮-૯૦ |
| ૩ | ગ્રંથાલય | ૨૪૪૦૪૪-૮૫ |
| ૪ | સમાજ વિદ્યાભવન | ૧૨૭૭૮-૫૦ |
| ૫ | ભાષા સાહિત્ય ભવન | ૧૮૯૨૮-૨૦ |
| ૬ | મનોવિજ્ઞાન, તત્વજ્ઞાન અને શિક્ષણશાસ્ત્ર વિદ્યાભવન | ૭૩૫૫૦-૦૦ |
| ૭ | વિજ્ઞાન વિદ્યાભવન | ૩૮૩૬૯-૬૦ |
| ૮ | વાણિજ્ય વિદ્યાભવન | ૮૩૨૫-૩૦ |
| ૯ | સ્કુલ ઓફ બિઝનેશ મેનેજમેન્ટ | ૧૪૮૩૯-૦૦ |
| ૧૦ | કાયદાશાસ્ત્ર ભવન | ૪૯૨૫-૦૦ |
| ૧૧ | ગ્રંથાલય શાસ્ત્ર ભવન | ૨૯૨૬-૫૦ |
| ૧૨ | કોમ્પ્યુટર સેન્ટર | ૨૯૪૨૭૮-૦૦ |
| ૧૩ | એચ. કે. પ્રોફેશનલ તાલીમ સેન્ટર | ૨૭૬૨-૧૦ |
| ૧૪ | ડેવલપમેન્ટ કોમ્યુનિકેશન | ૬૦૮૮-૦૦ |
| ૧૫ | પત્રકારત્વ વિભાગ | ૧૨૬૫-૧૦ |
| | **કુલ** | **૭૩૯૧૩૫-૮૦** |

**ફકરા નંબર : ૩૭**

નાણાંકીય વ્યવહાર સંભાળનાર કર્મચારીઓની જામીનગીરી નહી લેવા બાબત

---

ગુજરાત યુનિવર્સિટી અમદાવાદના સને ૨૦૦૫-૦૬ ના વર્ષના હિસાબોના અન્વેષણ દરમ્યાન યુનિવર્સિટીના કેશ કાઉન્ટરો તથા મુખ્ય હિસાબી શાખાની કેશ શાખાની દફતરી તપાસણી કરતાં જાણવા મળેલ હતુ કે, યુનિવર્સિટીના કેશ કાઉન્ટરોના તથા મુખ્ય કેશીયરનો હવાલો સંભાળનારની કોઈપણ જામીનગીરી લેવામાં આવેલ ન હતી. જે અંગે નીચે મુજબ ઓડિટનોંધ આપવામાં આવે છે.

યુનિવર્સિટીના કાર્યાલયમાં જુદા જુદા કાઉન્ટરો ઉપર થતી કેશ કલેકશન તથા મુખ્ય હિસાબી કાર્યાલયમાં કેશીયર તરીકે ફરજ બજાવનાર કર્મચારી/ અધિકારી પાસેથી કેશની કામગીરી સબબ જે તે નાણાંકીય વ્યવહારોના ધોરણે ગુજરાત નાણાંકીય નિયમો-૧૯૭૧ ના નિયમ ૧૭૬(૧) ની જોગવાઈ મુજબ નિયત રકમની જામીનગીરી મેળવવી જોઈએ. જે યુનિવર્સિટી ખાતે આ નિયમોની જોગવાઈ મુજબની પ્રથા અપનાવવામાં આવેલ નથી. તો ઉકત નિયમમાં કરેલ જોગવાઈ મુજબ યુનિવર્સિટીની રોકડ, સ્ટોર, સ્ટેમ્પ અને વેલ્યુએબલ આર્ટીકલ્સ તથા અન્ય બીજી કોઈ યુનિવર્સિટીની મિલકતો સંભાળવાની જવાબદારી સોંપવામાં આવી હોય તો નિયત કરેલ એવી રકમની જામીનગીરી કામગીરી સંભાળનાર કર્મચારીઓ પાસેથી મેળવી દર વર્ષે આવી જામીનગીરી આપનાર જામીનદારોની હયાતપણાની અને સધ્ધરતાની ખરાઈ કરવાની રહે છે. તો આ પ્રથાનો નાણાંકીય નિયમોનુસાર તાત્કાલિક ધોરણે અમલ કરી થયેલ કાર્યવાહીની જાણ અન્વેષણને કરવા જણાવવામાં આવે છે.

પ્રા.વાં.નં.૭૦ નો સંસ્થાએ જવાબ આપેલ નથી.

**ફકરા નંબર : ૩૮**

ગુજરાત યુનિવર્સિટીની વિવિધ પરીક્ષાઓ પેટે કર્મચારીઓને ચૂકવેલ રેમ્યુનરેશન બાબત

ગુજરાત યુનિવર્સિટી અમદાવાદના સને ૨૦૦૫-૦૬ ના અન્વેષણ દરમ્યાન સંસ્થાએરજુ કરેલ હિસાબી દફતરની ચકાસણી કરતાં પરીક્ષા શાખાએ યુનિવર્સિટી ધ્વારા સને ૨૦૦૫-૦૬ ના વર્ષ દરમ્યાન લેવાયેલ જુદી જુદી પરીક્ષાઓ અનુસંધાને કર્મચારીઓને માનદ્વેતન (રેમ્યુનરેશન) ની ચૂકવણી નીચેની વિગતે કરેલ છે.

| અ.નં. | પરીક્ષાનો વિભાગ | હિસાબી કોડ | રકમ |
|---|---|---|---|
| ૧ | આર્ટસ | ૩૫૦૧૦૦૦ | ૧૦૬૬૫૯૨-૦૦ |
| ૨ | સાયન્સ | ૩૫૦૨૦૦૦ | ૩૯૬૧૯૮-૦૦ |
| ૩ | મેડીકલ | ૩૫૦૩૦૦૧ | ૧૭૩૧૧૫૪-૦૦ |
| ૪ | કાયદા | ૩૫૦૪૦૦૦ | ૪૭૬૫૧૩-૦૦ |
| ૫ | કોમર્સ | ૩૫૦૫૦૦૦ | ૩૪૧૯૧૧-૦૦ |
| ૬ | એન્જિનિયરીગ | ૩૫૦૬૦૦૦ | ૧૦૮૦૩૪૮-૦૦ |
| ૭ | ફાર્મસી | ૩૫૦૭૦૦૦ | ૧૩૨૩૧૧-૦૦ |
| ૮ | ડેન્ટીસ્ટ | ૩૫૦૮૦૦૦ | ૧૨૦૯૧૪-૦૦ |
| | | કુલ | ૫૩૪૫૯૪૧-૦૦ |

ઉપરોક્ત વિગતે કરેલ ખર્ચ બાબતે નીચે પ્રમાણેની વિગતો રજુ કરવા વિનંતી.

(૧) તમામ ફેકલ્ટીવારના પરીક્ષાર્થીઓની સંખ્યા.

(૨) તમામ ફેકલ્ટીવાર કેટલાં કર્મચારીઓને માનદ્વેતન ચૂકવવામાં આવેલ છે.

(૩) માનદ્વેતન ચૂકવવા માટેનો દર, આ દર સરકારશ્રી કે યુનિવર્સિટીએ નકકી કરેલ છે તેનો રેકર્ડ આધારિત પુરાવો રજુ કરવા વિનંતી.

(૪) માનદ્વેતન ચૂકવેલ કર્મચારીવાર લેવામાં આવેલ કામગીરીની વિગત તથા હાજરીની વિગત

(૫) જે કર્મચારીઓને માનદ્વેતન ચૂકવવામાં આવેલ છે તેમની મેળવવામાં આવેલ પહોંચો.

ઉપરોકત માહીતી અંગેનું રેકર્ડ માંગવા છતાં ઓડીટ સમક્ષ રજુ કરવામાં આવેલ નથી.તો જવાબદાર સામે પગલાં લઈ કરેલ કાર્યવાહીની જાણ ઓડીટને કરવી .ત્યાં સુધી આ ખર્ચની રકમ રૂા.૫૩,૪૫,૯૪૧/- વાંધા હેઠળ રાખવામાં આવે છે.

પ્રા.વાં.નં.૫૬ નો સંસ્થાએ જવાબ કરેલ નથી.

વાંધા હેઠળ રકમ રૂા.૫૩,૪૫,૯૪૧/-

ઉપરોક્ત માહિતી અંગેનું રેકર્ડ માંગવા છતાં ઓડિટ સમક્ષ રજુ કરવામાં આવેલ નથી. તો જવાબદાર સામે પગલાં લઈ કરેલ કાર્યવાહીની જાણ ઓડિટને કરવી. ત્યાં સુધી આ ખર્ચની રકમ રૂા.૫૩૪૫૯૪૧-૦૦ વાંધા હેઠળ રાખવામાં આવે છે.

પ્રા.વાં.નં.૫૬ નો સંસ્થાએ જવાબ કરેલ નથી.

વાંધા હેઠળ રકમ રૂા.૫૩૪૫૯૪૧-૦૦

**ફકરા નંબર : ૩૯**

ગુજરાત યુનિવર્સિટીના બિન શૈક્ષણિક કર્મચારીઓને ચૂકવેલ પરીક્ષા ભથ્થા બાબત

ગુજરાત યુનિવર્સિટી અમદાવાદના સને ૨૦૦૫–૦૬ ના વર્ષના અન્વેષણ દરમ્યાન સંસ્થા ધ્વારા રજુ થયેલ રેકર્ડની ચકાસણી કરતાં યુનિવર્સિટી ધ્વારા હિસાબી સદર ૩૫૩૨૦૦૮ હેઠળ રૂા.૧૫૫૦૪૭૪–૦૧ નો ખર્ચ કરેલ હતો. જે બાબતે નીચે પ્રમાણે ઓડિટ નોંધ આપવામાં આવે છે.

સરકારશ્રીના શિક્ષણ વિભાગના ઠરાવ નં. પવસ/ ૧૦૯૮/ ૨૭૨૫/ ખ તા.૧૩–૭–૮૯ તથા ઠરાવ ક્રમાંક : પવસ/ ૧૦૯૦/ એમ/ ૧૫૨૮/ ૨૬/ ૯૧ ખ તા.૫–૭–૯૧ માં કરેલ શરતો મુજબ યુનિવર્સિટીના બિન શૈક્ષણિક કર્મચારીઓના ૨૫% કર્મચારીઓ કે જેઓ ખરેખર પરીક્ષાની કામગીરી સાથે સંકળાયેલ હોય તેવા કર્મચારીઓને પરીક્ષા ભથ્થુ ચૂકવવાનું થાય છે. તેમ છતાં યુનિવર્સિટીએ તમામ બિન શૈક્ષણિક કર્મચારીઓને માસિક પગારની સાથે સદરહું ભથ્થાની ચૂકવણી કરવામાં આવેલ હતી. જે નિયમોનુસાર ન હોઈ વર્ષ દરમ્યાન હિસાબી સદર ૩૫૩૨૦૦૮ હેઠળ કરેલ ખર્ચ રૂા.૧૫૫૦૪૭૪–૦૧ કરેલ છે. જે ઉપરોક્ત ઠરાવની જોગવાઈ મુજબ ૨૫% લેખે જ ચૂકવવાપાત્ર થાય. આમ વધુ ચૂકવેલ ૭૫% રકમ રૂા.૧૧૬૨૮૫૫–૫૦ બાબતે જવાબદારોથી સ્પષ્ટતા થવી ઘટે. તેમજ સક્ષમ અધિકારીશ્રીની મંજુરી મેળવી ઓડિટને આધારિત ખાત્રી કરાવવી ઘટે. અન્યથા આ વધુ ચૂકવેલ રકમ રૂા.૧૧૬૨૮૫૫–૫૦ ની વસુલાત કરી ઓડિટને ખાત્રી કરાવવી.

પ્રા.વાં.નં.૧૩ નો સંસ્થાએ જવાબ કરેલ નથી.

વસુલાત રકમ રૂા.૧૧૬૨૮૫૫–૫૦

## ગુજરાત યુનિવર્સિટીના તા.૩૧–૩–૦૬ ના રોજનું પાકુ સરવૈયુ

| ક્રમ | મુડી–દેવા | રકમ | મિલકત–લેણાં | રકમ |
|---|---|---|---|---|
| ૧ | યુનિ. જનરલ ફંડ | ૧૧૨૬૬૨૮૨–૦૯ | કાયમી મિલકતો | ૮૫૩૨૨૧૪૬–૬૪ |
| ૨ | કેપીટલ ફંડ | ૬૭૧૯૧૫૬૦–૬૬ | રોકાણો | ૩૭૦૦૦–૦૦ |
| ૩ | પુસ્તક ફંડ | ૫૯૨૧૨૩૬–૮૬ | એડવાન્સ અને બીજા ખાતાઓ | ૧૦૬૬૮૭૮૬૨–૫૧ |
| ૪ | બીજા ફંડ | ૧૫૦૧૪૯૬૧૧–૭૦ | પેપર, સ્ટીલ, સિમેન્ટ એકાઉન્ટ | ૪૫૫૯૨૭૩–૫૮ |
| ૫ | વણવપરાયેલ સરકારી ગ્રાન્ટો | ૧૩૬૮૮૮૭૯૪–૦૮ | બેંક અને બીજી પુરાંતો | ૩૦૭૮૦૬૯૦૯–૭૯ |
| ૬ | સસ્પેન્સ એકાઉન્ટ | ૨૬૪૦૦૩–૨૯ | કર્મચારી વીમા યોજના ફાળાનું રોકાણ | – |
| ૭ | ડિપોઝીટ અને બીજા ખાતાઓ | ૯૮૧૫૯૧૪૮–૦૩ | આવક ખર્ચ એકાઉન્ટ | (–)૩૪૫૪૨૫૮૧–૪૪ |
| ૮ | કર્મચારી વીમા યોજના ફાળો | ૨૯૯૭૪–૩૭ | | |
| ૯ | પેપર એકા. | – | | |
| | | ૪૬૯૮૭૦૬૧૧–૦૮ | | ૪૬૯૮૭૦૬૧૧–૦૮ |

<u>**પ્રમાણપત્રો**</u>

**ફકરા નંબર : ૪૦**

સંસ્થાના હિસાબોની ચકાસણી કરતાં હિસાબો અધુરાશ ભર્યા તેમજ અહેવાલમાં જણાવેલ વિગતે રેકર્ડ રજુ નહીં થવાને કારણે સાચા હોવાનું પ્રમાણિત થઈ શકેલ નથી.

ઓડિટ વર્ષના વાર્ષિક હિસાબોની તારીજ આ સાથે સામેલ રાખવામાં આવેલ છે તેની હિસાબના ચોપડાઓ સાથે કસોટીરૂપ ચકાસણી કરતાં હિસાબોની નિભાવણી સંતોષકારક માલુમ પડેલ નથી. મહત્વના હિસાબોની જાળવણી માટે વધુ લક્ષ આપવાની ખાસ જરૂર છે.

**ફકરા નંબર : ૪૧**

ઓડિટ દરમ્યાન કુલ ૧૨૨ પ્રાથમિક વાંધા આપવામાં આવ્યા હતાં. જેમાંથી યુનિવર્સિટીએ ૯૩ પ્રાથમિક વાધાઓના જવાબ કરેલ નથી.

**ફકરા નંબર : ૪૨**

ઓડિટ અહેવાલ મળ્યા તારીખથી ચાર માસમાં તેની પૂર્તતા કરી જવાબો મોકલી આપવા વિનંતી છે.

**સ્થળપ્રત પર નિરીક્ષકશ્રીની સહી છે.**

**ફકરા નંબર : ૪૩**

નાના વાંધાઓનું પત્રક નિભાવેલ નથી.

**જિલ્લા સહાયક નિરીક્ષક**
**સ્થાનીક ભંડોળ હિસાબ**
**અમદાવાદ.**

સહી/–
નિરીક્ષક ૯.૧.૨૦૧૨
સ્થાનિક ભંડોળ હિસાબ
અમદાવાદ

<u>નકલ સવિનય રવાના :–</u>

૧) સચિવશ્રી, શિક્ષણ વિભાગ, ગાંધીનગર
૨) ઉચ્ચશિક્ષણ કમિશ્નરશ્રી, ગુજરાત રાજય, ગાંધીનગર
૩) નિરીક્ષકશ્રી, સ્થાનિક ભંડોળ હિસાબની કચેરી, વીમા અને લેખા ભવન ગાંધીનગર

ગુજરાત યુનિ. અમદાવાદના સને ૨૦૦૫-૦૬ ના અન્વેષણ અહેવાલમાં વસુલાત, વાંધા હેઠળ તથા અમાન્ય રકમનું પત્રક

| અ.નં. | ફકરા નં. | વસુલાતની રકમ | વાંધા હેઠળ રકમ | અમાન્ય રકમ |
|---|---|---|---|---|
| (૧) | (૨) | (૩) | (૪) | (૫) |
| ૧ | ૬ | - | ૬૩૫૧૭૨-૦૦ | - |
| ૨ | ૭ | - | ૨૮૬૦૦-૦૦ | - |
| ૩ | ૮ | ૫૬૧૭-૦૦ | - | - |
| ૪ | ૯ | - | ૪૦૨૩૨૫૭૪-૭૫ | - |
| ૫ | ૧૧ | - | ૪૬૬૦૪૧-૮૯ | - |
| ૬ | ૧૩ | - | ૪૭૪૪૯૨-૦૦ | - |
| ૭ | ૧૬ | - | ૨૫૮૭૬૦-૦૦ | - |
| ૮ | ૧૭ | ૧૧૩૨૯૯૧-૦૦ | - | - |
| ૯ | ૧૮ | ૧૨૫૩૮૪-૦૦ | ૩૪૫૭૬૩૭-૦૦ | - |
| ૧૦ | ૧૯ | ૨૭૮૩૩૯૭-૦૦ | - | - |
| ૧૧ | ૨૦ | - | ૪૬૨૦૮-૦૦ | - |
| ૧૨ | ૨૧ | ૧૩૫૫૭૦-૦૦ | ૧૪૪૦૦-૦૦ | - |
| ૧૩ | ૨૨ | - | ૩૯૦૨૫૬૧-૦૦ | - |
| ૧૪ | ૨૩ | - | ૭૨૦૪૯૮-૦૦ | - |
| ૧૫ | ૨૯ | ૧૦૫૭૯૩-૦૦ | - | - |
| ૧૬ | ૩૩ | - | ૭૦૮૮૬૮૨-૮૭ | - |
| ૧૭ | ૩૪ | ૧૦૧૯૩૮-૦૦ | ૯૯૭૨૫૮૦-૦૦ | - |
| ૧૮ | ૩૫ | - | ૫૦૭૦૮૭૭-૦૦ | - |
| ૧૯ | ૩૬ | - | ૭૩૯૧૩૫-૮૦ | - |
| ૨૦ | ૩૮ | - | ૫૩૪૫૯૪૧-૦૦ | - |
| ૨૧ | ૩૯ | ૧૧૬૨૮૫૫-૫૦ | - | - |
| | **કુલ** | **૫૫૫૩૫૪૫-૫૦** | **૭૮૪૫૪૧૬૧-૩૧** | |

( 1 )

ગુજરાત યુનિવર્સિટી
વાર્ષિક હિસાબ 2005-2006
તા. 1-4-2005 થી તા. 31-3-2006 સુધીના આવક-ખર્ચ ના હિસાબો

| આવક | રુપિયા | ખર્ચ | રુપિયા |
|---|---|---|---|
| પરીક્ષા ફી ની આવક | 52942158.15 | કર્મચારી વર્ગ ખર્ચ | 29697381.39 |
| અન્ય ફીના આવક | 21942988.60 | કુલપતિશ્રી તથા ઉપકુલપતિશ્રીના કાર્યાલય ખર્ચ | 41879.00 |
| પ્રકાશનોની આવક | 6293881.00 | પરીક્ષા ખર્ચ | 54972847.90 |
| ગ્રાન્ટસ ની આવક ( પરિ.-1) | 132022518.59 | મુસાફરી ભથ્થા | 1205271.00 |
| પરચુરણ આવક | 7824272.82 | મુદ્રણલેખન સામગ્રી તથા ટપાલ ખર્ચ | 2048471.05 |
| અનુસ્નાતક શિક્ષણકાર્ય | 18887304.00 | સંશોધન માટેની ગ્રાન્ટ શિષ્યવૃતિ વગેરે | |
| આરોગ્ય કેન્દ્ર આવક | 11446.00 | રમત ગમત અને વિધાર્થી કલ્યાણ પ્રવૃતિ ખર્ચ | |
| અતિથી ગૃહ આવક | 25850.00 | (અ) રમતગમત વ્યાયામ શિક્ષણ પ્રવૃતિ ખર્ચ | 1544282.70 |
| યુનિવર્સિટી છાત્રાલયો ( પરિ.-3) | 584516.00 | (બ) યુવક કલ્યાણ પ્રવૃતિ ખર્ચ | 446088.50 |
| જમીન આવક | 1004275.00 | (ક) રાષ્ટ્રીય સેવા યોજના | 4854514.00 |
| યુનિવર્સિટી મુદ્રણાલય ( પરિ.4 ) | 3733946.19 | (ડ) યુનિવર્સિટી આરોગ્ય કેન્દ્ર ખર્ચ | 2184661.70 |
| યુનિવર્સિટી ગ્રંથાલય ( પરિ.-5) | 355876.00 | (ઇ) અભ્યાસેતર શિક્ષણ પૂરક પ્રવૃતિ યુનિ. સપ્તાહ વિગેરે | 93199.00 |
| ગ્રંથાલય શાસ્ત્ર ભવન ( પરિ.-13) | 299220.00 | યુનિવર્સિટી પ્રકાશન તથા તે માટેની ગ્રાન્ટ | 807848.00 |
| યુનિ. કોમ્પ્યુટર સેન્ટરની આવક (પરિ.-14) | 488396.00 | વીમા અન્ય ખર્ચ તથા કાનૂની ખર્ચ | 4889212.80 |
| પ્રોફેશનલ તાલીમસેન્ટરની આવક (પરિ.-15 | 369180.00 | બીજા કાર્યાલય ખર્ચ | 16015030.32 |
| ડેવલપમેન્ટ કોમ્યુનિકેશન આવક (પરિ.-16 | 9215.00 | બીજી સંસ્થાઓની સભાસદ ફી | 172690.00 |
| પત્રકારત્વ વિભાગ (પરિ.17) | 36470.00 | યુનિવર્સિટી શિક્ષણ તથા સંશોધન | 62727817.46 |
| આઇ. એ. એસ. તાલીમવર્ગની આવક | | યુનિવર્સિટી જમીન જાયદાદ | 6917368.00 |
| માસ્ટર ઓફ ફીઝીકલ એજ્યુકેશન | 345330.00 | યુનિવર્સિટી છાત્રાલયો ( પરિ.-3 ) | 1335717.00 |
| | | ગ્રાંટમાંથી ખર્ચ ( પરિ.- 2 | 34631640.09 |
| **કુલ આવક રૂ.** | **247176843.35** | યુનિવર્સિટી મુદ્રણાલય ( પરિ.4 ) | 4318750.05 |
| | | ઇનામો, શિષ્યવૃતિ, ચંદકો વગેરેનું ખર્ચ | 0.00 |
| આવક કરતા ખર્ચનો વધારો રૂ. | **1846681.64** | યુનિવર્સિટી ગ્રંથાલય ( પરિ.-5) | 5188430.32 |
| | | ગ્રંથાલય શાસ્ત્ર ભવન ( પરિ.-13) | 743675.75 |
| | | યુનિ. કોમ્પ્યુટર સેન્ટરની ખર્ચ ( પરિ.-14) | 4636079.61 |
| | | પ્રોફેશનલ તાલીમસેન્ટરની ખર્ચ (પરિ.-15 | 649656.10 |
| | | ડેવલપમેન્ટ કોમ્યુનિકેશન ખર્ચ ( પરિ.-16 | 564235.25 |
| | | પત્રકારત્વ વિભાગ ( પરિ.-17) | 602027.10 |
| | | આઇ. એ. એસ. તાલીમવર્ગનો ખર્ચ | 474492.00 |
| | | પેન્શન/ગ્રેજ્યુઇટી/રજાનુ રોકડમાં રુપાંતર વગેરે | 6469332.06 |
| | | જન શિક્ષણ સંસ્થાનો ખર્ચ | 107718.00 |
| | | પ્રૌઢ શિક્ષણ ખર્ચ | 111778.00 |
| | | એસ.ટી.એસ.સી સેલ ખર્ચ | 571430.84 |
| **કુલ આવક રૂ.** | **249023524.99** | **કુલ ખર્ચ રૂ.** | **249023524.99** |